
૨૯/૫૭૩

શ્રી જૈન પાઠશાળા
વાયા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)




**શ્રી ચંદ્રપ્રભાસપાટણ મહાતીર્થનું ગગનચૂંબી ભવ્ય જિનાલય**

[ પ્રભાસપાટણ શ્રી જૈન શ્વે. સંઘની પેઢીના સૌજન્યથી ]

સૌરાષ્ટ્રના પશ્ચિમ-દક્ષિણ સમુદ્રના કિનારા પર આવેલું આ પ્રાચીન, મહાપ્રભાવિક અને રમણીય મહાતીર્થ છે, જેના જિર્ણોદ્ધાર પાછળ રૂા. આઠ લાખ ખર્ચાઇ ચૂકયા છે હજુ ત્રણ લાખ ખર્ચવાના બાકી છે. વિશેષ હકીકત માટે આ અંકનું ૪૬૩ પાનું જુઓ.

વર્ષ ૯; નવેમ્બર–૧૯૫૨ અંક ૯.

# કલ્યાણ

સાહિત્ય અને સંસ્કૃતિનું લોકભોગ્ય માસિક

વર્ષ ૯ : નવેમ્બર. : કાર્તિક
અંક ૯ : ૧૯૫૨ : ૨૦૦૯;

# વિષય દર્શન


| લેખ. | લેખક. | પેજ. |
|---|---|---|
| જીવનનાં ધૂપ-છાંવ | શ્રી | ૪૧૯ |
| એ શું કરે? | શ્રી પ્રશાંત | ૪૨૧ |
| મહાસાગરનાં મોતી | શ્રી વલ્લભજી ભાણજી મહેતા | ૪૨૪ |
| ગુપ્તદાન | શ્રી કીશોરકાંત ગાંધી | ૪૨૬ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૪૨૮ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. | ૪૨૯ |
| બાળકનો વિકાસ | શ્રી લીલચંદ ચુનીલાલ શાહ | ૪૩૨ |
| પગાર વધારો | શ્રી પ્રબોધ જોશી | ૪૩૪ |
| જ્ઞાનગોચરી | શ્રી ગવેષક | ૪૩૮ |
| સુખનો માર્ગ | શ્રી ચીમનલાલ શાહ | ૪૪૧ |
| કહી દઈશ | શ્રી એન. બી. શાહ | ૪૪૩ |
| શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં નામો | શ્રી અમૃતલાલ એચ. દોશી | ૪૪૪ |
| ભૂતનું તૂત | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૪૪૫ |
| મફાભાઈનું સ્વપ્ન | પૂ. મુ. શ્રી લલિતવિજયજી મ. | ૪૪૭ |
| શાંતિ કેમ નથી? | શ્રી રમણલાલ કે. શાહ | ૪૪૯ |
| શેઠ અને નોકર | શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી | ૪૫૦ |
| મૌનની મહત્તા | શ્રી મનુભાઈ લાલભાઈ શેઠ | ૪૫૧ |
| સાહિત્યનો નવો કાલ | શ્રી ચંદ્ર | ૪૫૪ |
| શ્રી જગડુશાહ | શ્રી ફુલચંદ હરિચંદ દોશી | ૪૫૬ |
| પરમાર્થ પત્રમાલા | શ્રી પ્રકર્ષ | ૪૫૮ |
| સત્વની કસોટી | પૂ. પં. શ્રી કનકવિજયજી મ. | ૪૬૦ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૪૬૪ |
| સમાચાર | કાર્યાલય તરફથી | ૪૭૨ |


એજ્યુકેશન બોર્ડના કોર્ષ સહિતની

**બે પ્રતિક્રમણ સાર્થ**

**બહાર પડી ચૂકી છે. મૂલ્ય ૧ ૮-૦**

ગાથા, શબ્દાર્થ, અર્થ, વિધિઓ, એજ્યુકેશનબોર્ડના કોર્ષનાં ચૈત્યવંદનો. સ્તવનો, સજ્ઝાયો, ગહુંલીઓ, પ્રતિક્રમણના હેતુઓ વિગેરેનો સંગ્રહ છે.

**સોમચંદ ડી. શાહ પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## ઉ૦પ૦યો૦ગી

ચોમાસું પૂર્ણ થયું છે એટલે પૂ૦ મહારાજ સાહેબને વિનંતિ જે કે, આપનો અંક જે સ્થળે મોકલાવવાનો હોય તે સીરનામું જણાવવા કૃપા કરશો, જેથી અંક ગેરવલ્લે ન જાય.

'કલ્યાણ'ના બાલજગતના લેખકોએ તથા 'કલ્યાણ'માં લેખો મોકલનારાઓએ આજના અંકમાં 'બાલજગત'નો 'ફુલવાડી બારી' વિભાગ જોઈ લેવા વિનંતિ છે.

'કલ્યાણ' માટે લાગણીપૂર્વક પરિશ્રમ લઈ વેરાવળ ખાતે સભ્યો તથા ગ્રાહકો કરવા માટે ભાઈશ્રી હીરાચંદ મગનલાલ માસ્તરે જે ખંત રાખી છે, તે માટે આભારી છીએ.

'એ શું કરે?' ના વિભાગ માટે જેઓના જવાબો આવ્યા છે તેઓનાં શુભનામોની જાહેરાત 'એ શું કરે?' વિભાગમાં પ્રસિદ્ધ થઈ છે. તો લેખકોએ એ વિભાગ જોઈ લેવો.

'કલમ કે દોસ્ત મંડળ'ની હરિફાઈની તારીખ નવેમ્બર ૩૦ મી છેલ્લી રાખી છે તે દરમીયાન તમારા લેખો અમને મોકલાવી આપો! પરિણામ આગામી અંકે

તીર્થો કે ધર્મ મહોત્સવોના ફોટાઓ કે બ્લોકો ટાઇટલ ઉપર અવસરે ક્રમશઃ છપાય છે

જે બંધુઓ નવા દશ ગ્રાહકો બનાવી આપે છે તેઓને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલાવાય છે.

લેખો મુદ્દાસર અને કાગળની એક બાજુ સારા અક્ષરે લખી મોકલવા.

વર્ષ ૯; નવેમ્બર-૧૯૫૨; અંક ૯.

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥શિવમસ્તુ સર્વજગત:

શ્રી૦

## ✻ જીવનનાં ધૂપ-છાંવ ✻

જીવનમાં સુખ-દુ:ખ; આપત્તિ-સંપત્તિ, આનંદ-ઉદ્વેગ, રતિ-અરતિ વિગેરેની ઘટમાળ સદા ચાલ્યા જ કરે છે. કેવળ સુખમય જીવનની કલ્પના જ શક્ય નથી. બે દિવસ, ચાર દિવસ, મહિનો, બે મહિના, વર્ષ-બે વર્ષ, પાંચ-પચીસ વર્ષ સુખ કદાચ સતત્ રહે, પણ પાછું જીવનમાં દુ:ખ આવીને ઉભું રહે છે, સંસારમાત્રના જીવો માટે આ ક્રમ સનાતન છે, કેવળ સુખ કે દુ:ખ જીવનને નીરસ બનાવે છે, એમ કહીએ તો યે કદાચ બંધબેસતું છે.

સુખની વેળાયે અતિશય ઉત્સાહઘેલા યા ભાનભૂલ્યા બનવા પહેલાં દુ:ખના દિવસોની યાદ કરી લેવી એ સર્વોત્તમ છે. નિજના જીવનમાં હજુ દુ:ખ અનુભવવાનો અવસર ન આવ્યો હોય, તો પણ દુ:ખી આત્માઓનાં દુ:ખો સાંભળવા, જાણવા અને જીવનમાં મારા માટે પણ આવાં દુ:ખો અનુભવવાનો અવસર કાં ન આવે ? એ વિચારથી આત્માને અંદરથી સતત્ જાગ્રત રાખવો ઘટે છે. કોઈ પણ દુ:ખીની વાત સાંભળતાં આવા આત્માને જરૂર સમવેદના પ્રગટયા વિના નહિ રહે. સંસાર એ સાગરના જેવો ઉંડો, અગાધ તથા અનેક પ્રકારની વિચિત્રતાઓથી ભરેલો છે. તેમાંયે સુખ-દુ:ખના, આનંદ-ઉદ્વેગના તડકા-છાંયડા તો સંસારની પ્રકૃતિગત વિચિત્રતા છે.

કોઇના દુ:ખને જોતાં સમભાવ, હમદર્દી તેમજ સમવેદના સુખીના જીવનમાં પ્રગટે, ત્યારે જ સુખનો સાચો સ્વાદ માણ્યો કહેવાય, એ જ રીતે પોતાનાં જીવનમાં જ્યારે દુ:ખ, વિપત્તિ કે વિષાદ આવીને ઉભાં રહે, ત્યારે એને સહવાનું ધૈર્ય કેળવવામાં તથા સુખીને જોઇને હૈયું ઠારવામાં જીવનની મીઠાશ છે, માનવની મોટાઇ છે. આપણા કરતાં વધારે દુ:ખી જીવોની સ્હામે આપણે જ્યારે દૃષ્ટિ નાંખીએ છીએ ત્યારે આપણાં દુ:ખો, કે વિપત્તિઓ આપણા માટે હળવી બની જાય છે.

5510



અને સુખ કે દુઃખ, આનંદ કે ઉદ્વેગ, સંપત્તિ કે વિપત્તિ આ બધા છે શું? કેવલ મનનીજ કલ્પનાઓમાંથી જન્મેલાં આ બધાં પરિણામો છે કે બીજું કાંઇ? મન જો નિર્બલ, કાયર કે શંક બન્યું, એટલે ન્હાનું પણ દુઃખ મહાન વિરાટ બની જાય છે, અનેક ઉપાધિઓ લાવી મૂકે છે. સતત મૂંઝવણ, વિષાદ તથા જીવનમાં કટુતા જન્માવી દે છે. અને જ્યારે મન સમર્થ, સ્વસ્થ તેમજ પ્રબલ બને છે ત્યારે ગમે તેવી વિષમસ્થિતિ ને વિપત્તિઓ, ચિંતાઓ કે ઉપાધિઓના ભાર, હળવો ફૂલ જેવો બની જાય છે.

માટે જ કહી શકાય કે, જીવનની મહત્તા કે લઘુતા, વિપત્તિ કે સંપત્તિથી નથી મળતી. શ્રીમંતાઈ કે દરિદ્રતાથી, હાટ-હવેલી, કે ઝુંપડીથી માણસ મ્હોટો યા ન્હાનો છે; એમ ગણુના કરનારા ભીંત ભૂલે છે. પ્રતિષ્ઠા, સત્તા કે હોંશિયારીથી માણસ મહાન ભલે કહેવાતો હોય; પણ માનવ તો મહાન ત્યારે જ બની શકે છે; કે વિપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં સમભાવ; જેના જીવનમાં સતત જાગ્રત છે. જે મનને મારીને, પોતાની જાતને જીવનના અનેક વિષમ સંયોગોમાં પણ નિર્લેપ, સ્થિતિપ્રજ્ઞ તેમજ ધીર રાખી શકે છે, અને સુખના શિખર પર આરૂઢ થવા છતાં જેને કદિયે અહંભાવ, ઘમંડ કે ક્ષુદ્રતા સ્પર્શી શકતી નથી. માનવની મહત્તા માપવા માટેનો આ જ એક ઉન્નત માપ દંડ છે.

સંસારમાં આજે તમને સંપત્તિ. સુખ યા અનેક વૈભવોની વચ્ચે મૂકવામાં આવ્યા છે, એ સ્થિતિમાં તમે શું કરી શકો? એની કલ્પના તો કરો? તમારે નમ્ર બનવા દુઃખિત કે પીડિતો પ્રત્યે હમદર્દી જાગ્રત કરવા શું કરવું જોઇએ, એ તમને સ્હમજાય છે ને? તમારે તે વેળા તમારી જાતને, તમારાં મનને જાગ્રત રાખવા, સુખનાં કારણરૂપ તમારી પુણ્યાઇને નજર સામે રાખવી જોઈએ. તો જ જીવનમાં સંતોષ, સ્વસ્થતા તથા સમાધિ પ્રગટે અને પુણ્યાઈ ખૂટતાં, દુઃખો, વિપત્તિઓ કે મુશ્કેલીઓ આવીને ઉભાં રહેશે, એ જાગૃતિ સતત રહે.

જીવનમાં આટલું જો સ્હમજાઇ જાય. સુખ-દુઃખ, કે વિપત્તિ-સંપત્તિ; સંસાર સોગટીના ડાબા-જમણા બે પડખાઓ છે, આટલું જો ડહાપણપૂર્વક જીવનમાં જચી જાય તો ગમે તેવી પરિસ્થિતિમાં જીવનનાં ધૂપ-છાંવમાં જીવનનો વાસ્તવિક આનંદ માણી શકાય. જીવન જીવ્યાનો ખુમારીભર્યો સ્વાદ તો જ અનુભવી શકાય, તેમજ મનની મધુરતાને જાળવીને જીવનને સાચી રીતે જીવી શકાય.

# એ શું કરે ?...........શ્રી પ્રશાંત

## આપણી વાતઃ

ગતાંકમાં સ્થળસંકોચના કારણે આ વિભાગ પ્રસિદ્ધ થઈ શકયો નથી. હવેથી નિયમીતતા જાળવવા મારાથી શકય હું કરીશ. સહુ વાંચકોને નૂતન વર્ષાભિનંદન ! કિશોરના પ્રશ્નને અંગે જેઓના જવાબો આવ્યા છે, તેમાં ભાઇ રમેશચંદ્ર મણિલાલ ગાંધી–વિજાપુર, બાબુભાઇ રતિભાઇ દોશી–મુંબઇ'ને પ્રથમ ઇનામના રૂા. ૨) પ્રત્યેકને પ્રાપ્ત થાય છે, તો તે ભાઇઓ 'કાર્યાલય' પર પત્ર લખી મંગાવી લે !

બાકીના ત્રણ જણને રૂા. એકનું ઈનામ પ્રાપ્ત થાય છે. તે રમેશચંદ્ર ઠાકોરલાલ–ખંભાત, કિશોરકાંત દલસુખભાઈ ગાંધી–લીંબડી, રમણલાલ કે. શાહ–વાપી. તો આ ભાઇઓ પણ પત્ર લખીને ઇનામ મંગાવી લે !

મૂંઝવણ નં. ૫ ના અંગે 'રંજનબ્હેન તથા પ્રવીણભાઈએ શું કરવું જોઇએ' નો જવાબ અમને ઘણા લેખકો–વાચકો તરફથી મળ્યો છે, આમાં અમને નીચેના લેખકોના વિચારો સમુચિત લાગ્યા છે, તેઓનાં નામ અહિં ક્રમશઃ મૂકયાં છે.

૧ રજનીકાંત ફતેચંદ વોરા–પુનાકેમ્પ, ૨ રમણિકલાલ કે. શાહ–વાપી, ૩ રમેશચંદ્ર ઠાકોરલાલ–ખંભાત, ૪ પ્રાણજીવન રતનશી શેઠીયા–ગોરેગામ.

આ વેળા નવી મૂંઝવણ એક તમારી સમક્ષ મૂકી છે, હજુ અમારા પર અનેક નવા પ્રશ્નો, મૂંઝવણો આવી રહી છે, પણ 'કલ્યાણ' માં વિવિધ વિષયોનું અનેક ફરમાઓમાં વાંચન અપાતું હોવાથી આ વિભાગ માટે ઘણી જગ્યા રોકાઇ શકે તેમ નહિ હોવાથી ક્રમશઃ પ્રસિદ્ધ થતા રહેશે, નવા પ્રશ્નો મોકલનારે ટૂંકમાં પોતાની હકીકત લખી મોકલવી, અને જવાબો લખી મોકલનારાઓએ ટૂંકમાં, મુદ્દાસર અને સચોટ જવાબ લખવા જોઇએ.

આ વિભાગના સંચાલનમાં સહુ કોઇ વાચકો રસપૂર્વક અમને સહકાર આપે એ આશા નૂતનવર્ષમાં હું રાખું છું.

આ વખતના જવાબો લખી મોકલનારાઓનાં ઇનામ–પારિતોષિકો આગામી અંકમાં જાહેર થશે. —સંપાદકઃ

×

## (૬) એ શું કરે ? એક નવો પ્રશ્ન.

ધનેશ તેના મોટાભાઇ તથા ભાભી સાથે અમદાવાદમાં રહે છે. ધનેશના મોટાભાઇ ઘણા વખતથી બેકાર છે. તેઓ નોકરી માટે ચારે બાજુ તપાસ કરી રહ્યા છે. ધનેશ અંગ્રેજી ચોથા ધોરણમાં અભ્યાસ કરે છે, તે હોંશિયાર વિદ્યાર્થી હોઇ તેને શિષ્યવૃત્તિ મળે છે. ધનેશને ચિત્રકામનો બહુ શોખ છે, અને તેની ઉંમર પ્રમાણે તે ચિત્રકળામાં નિપુણ છે. આજે ધનેશ એક સુંદર ચિત્ર બનાવવા પ્રયત્ન કરી રહ્યો છે. પહેલી તારીખે સવારે આઠ વાગે શાળાનો મેળાવડો છે. જેમાં ચિત્રકામની પરીક્ષા થવાની છે, અને સુંદર ચિત્ર દોરનારને ઇનામ આપવાનું છે. વળી સાથે સાથે ઘરડા, ગરીબ અને પ્રેમાળ ડ્રોઈંગ શિક્ષક સુંદરલાલની પણ પરીક્ષા થવાની છે. સુંદરલાલ વિષે અનેક ફરિયાદો હેડમાસ્તર પાસે ગઇ છે. તેમાંની મુખ્ય ફરિયાદ એ છે કે, " સુંદરલાલ વૃદ્ધ હોવાથી સારી રીતે ચિત્રકામ શીખવી શકતા નથી, તેથી તેમને રજા આપી દેવી જોઇએ. " પણ સાચી હકીકત તો તદ્દન જુદી જ હતી. બિચારા સુંદરલાલ તો વિદ્યાર્થીઓ સારી રીતે ચિત્રકામ શીખે તે માટે અથાગ પ્રયત્ન કરી રહ્યા હતા. પણ વિદ્યાર્થીઓને તેમની મહેનતની કદર જ કયાં હતી ? તેઓ તો ફક્ત કોઇ પણ રીતે સુંદરલાલની બદલી થાય તેમ જ ઇચ્છતા

હતા. ધનેશ પર સુંદરલાલને બધા વિદ્યાર્થીઓ કરતાં વધુ પ્રેમ હતો. ધનેશ સુંદરલાલ સાહેબ વધુ સ્કુલમાં રહે તેમ ઇચ્છતો હતો. અને તે માટે કાંઇ કરી છૂટવા માંગતો હતો. અને તેથી જ તે ચિત્રમાં એવું સામર્થ્ય ખડું કરવા ઇચ્છિતો હતો, કે જેથી સુંદરલાલની નોકરી ટકી રહે.

હવે ફક્ત ચાર દિવસ પછી જ મેળાવડો હતો. ચિત્રનો ઘણો ખરો ભાગ પૂરો થઈ ગયો હતો, પણ રંગ પુરવાનું કામ બાકી હતુ, છેલ્લી બે રાતના ઉજાગરા કરીને પણ તેણે એ ચિત્રકામ પુરૂં કર્યું. મેળાવડાના આગલા દિવસની સાંજે તે ચિત્ર લઇને ધનેશ સુંદરલાલને બતાવવા ગયો. તેની પહેલાં પણ ઘણા વિદ્યાર્થીઓ સુંદરલાલને પોતાનાં ચિત્રો બતાવવા આવી ગયા હતા. સુંદરલાલ ધનેશની રાહ જોઇ રહ્યા હતા. તેમને આશા હતી કે, જરૂર ધનેશ પોતાની આબરૂ રાખશે. સુંદરલાલ રાહ જોઈ રહ્યા હતા. તેવામાં જ ધનેશ ત્યાં જઇ પહોંચ્યો. તેણે જઇને પોતાનું ચિત્ર સુંદરલાલને બતાવ્યું. સુંદરલાલની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. તેમની નોકરી ટકાવી રાખવા માટે તે ચિત્ર સમર્થ થાય તેવી તેમને આશા બંધાણી. ધનેશ સાહેબને પોતાનું ચિત્ર બતાવી ઘેર આવ્યો. પોતાને પહેલું ઇનામ મળશે એવી આશાના તરંગોમાં તેને ઉંઘ આવી નહિ.

બીજે દિવસે સવારે ધનેશ ઉઠયો અને જલદીથી નાહી-ધોઇને તૈયાર થઇ ગયો. આઠ વાગવાની તૈયારી હતી. ધનેશ તૈયાર થઇને બેઠો હતો, તેવામાં તેમનો ટપાલી આવ્યો અને હાથમાં એક કવર મુકયું. કવર તેણે ફોડયું. તેની અંદરનો કાગળ તેણે વાંચ્યો તેમાં તેના મોટાભાઇને (જ્યાં તેણે અરજી કરી હતી) મળવા બોલાવ્યા હતા. બીજે સવારે મુંબઇની પેઢીના મેનેજરને મળવાનું હતું. તેથી જો તેના મોટાભાઇને નોકરી મેળવવી હોય તો દસ વાગ્યાની ગાડીમાં ઉપડવું જ જોઇએ. ધનેશના મોટાભાઇ અત્યારે મ્યુનિપાલની ઓફિસે ગયા હતા. ત્યાં પણ તેમણે નોકરી માટે અરજી કરી હતી અને ધનેશના મોટાભાઇ ઘેર કહીને ગયા હતા કે, “ અગત્યનો કાગળ આવે તો મને મ્યુનિસિપાલ ઓફિસે પહોચાડવો. ”

મ્યુનિસિપાલ ઓફિસ અને ધનેશના મકાન વચ્ચે લગભગ કલાકનો રસ્તો હતો. જો ધનેશ મ્યુ. ઓફિસે મોટાભાઇને કાગળ આપવા જાય તો મેળાવડામાં જઇ શકે નહિ, અને તેથી કદાચ ગરીબ, વૃદ્ધ સુંદરલાલની નોકરી તૂટી જાય, અને જો તે મેળાવડામાં જાય તો તેના મોટાભાઇને નોકરી મળે નહિ. તેથી વધુ બેકાર રહેવું પડે અને કદાચ ધનેશને અભ્યાસ મૂકી દેવાની ફરજ પડે-પાડવામાં આવે. આવી સ્થિતિમાં ધનેશ શું કરે ?

**શ્રી કિશોરકાંત દલસુખલાલ ગાંધી**

×

## ‘ એ શું કરે ? ’ (૫) નો ઉકેલ. રંજનબહેન તથા પ્રવીણભાઇએ શું કરવું ?

રંજનબહેનને ધર્મ પર શ્રદ્ધા છે માટે તેમણે ધર્મને અનુસરીને જ ચાલવું જોઈએ. તેમણે સાસુ તથા જેઠાણી પર દ્વેષની ભાવના ન રાખતાં તેમને પ્રેમથી વશ કરવા જોઇએ. હંમેશાં દુશ્મન જોડે પ્રેમ કરવાથી દુશ્મનાવટ શમી જાય છે.

રંજનબહેને દરરોજ એક કલાક વહેલા ઉઠવું જોઇએ. એટલે કે છ વાગે ઉઠતા હોય તો પાંચ વાગે ઉઠવું જોઇએ. ઉઠીને તરત રાઇપ્રતિક્રમણ કરીને પછી ઘરનું કામકાજ કરવું. અને ત્યાં સુધી ઘરકામમાં ભૂલ ન થાય તે બાબત પર ખાસ કાળજી રાખવી જોઇએ. દરેક કામમાં સ્વચ્છતા અને ચોકખાઇ હોવી જોઇએ. રસોઈ કરીને પછી સમય મળે તો દહેરાસર જવું અને રસોઇ થયા પછી ઘણું કરીને સાસુ અને જેઠાણી રોકશે નહિ. સાંજે બને તો દેવસિ પ્રતિક્રમણ કરીને સુવું. પૌષધ જેવી મોટી ક્રિયાઓ અનુકૂળતાએ કરવાનું રાખવું. જો રંજનબહેન સાસુ અને જેઠાણી જોડે પ્રેમથી વર્તશે તો સાસુ અને જેઠાણી પણ તેમના પર પ્રેમ રાખશે.

દુનિયામાં કોઇ પણ સ્ત્રી એવી નહિ હોય, કે જે પોતાના સગા પુત્રને ચાહતી ન હોય. પ્રવીણભાઇને પણ તેમના માતુશ્રી ચાહતા જ હશે, અને પ્રવીણભાઇની વાતોમાં માનતા હશે. પ્રવીણભાઇ પણ ધર્મમાં

માને છે અને તેમને પણ ધર્મ પર શ્રદ્ધા છે. તેથી તેમણે આખા દિવસમાંથી એક કલાકનો સમય કાઢી માતુશ્રીને પૂર્વકાલીન મહાપુરુષો તથા મહાસતીઓનાં જીવનચરિત્રની વાતો કહેવી જોઇએ. જો પ્રવીણભાઇ તેમના માતુશ્રીને આવી વાતો કહે તો તેમના માતુશ્રીને જરૂર ધર્મ પર શ્રદ્ધા બેસે. દાખલા તરીકે પ્રવીણભાઇ તેમની માતુશ્રીને 'મલયાસુંદરી'ની વાત કહેવી શરૂ કરે તો એ વાત એવી રસમય છે, કે એક પ્રકરણ સાંભળ્યા પછી બીજું પ્રકરણ સાંભળવા મન આતુર થાય. વળી આ વાતમાં શ્રી નવકાર મંત્રનો પ્રભાવ બતાવેલો છે. સાથે સાથે ધર્મ એ શું વસ્તુ છે? ધર્મ શા માટે કરવો જોઇએ? કર્મની ગતિ કેવી ન્યારી છે? એ પણ આ વાતમાં બરાબર સમજાવ્યું છે. આવી અનેક વાતો છે. કે જેમાં ધર્મનો બોધ છે. આમ માતુશ્રીને ધર્મ પર શ્રદ્ધા બેસશે, અને તેમને પણ ધર્મ કરવાનું મન થશે. વળી પ્રવીણભાઇએ તેમના માતુશ્રીને અવસરે ધર્મ કરવાનું પણ સૂચન કરવું જોઇએ કે 'દરરોજ સામાયિક કરવું જોઇએ, જિનેશ્વરદેવની પૂજા કરવી જોઇએ, વ્યાખ્યાન સાંભળવું જોઇએ. પ્રતિક્રમણ કરવું જોઇએ વગેરે.' સાથે સાથે એમ પણ કહેવું જોઇએ, કે આ જન્મમાં ધર્મ નહિ કરીએ અને કર્મ કરીશું તો આવતા ભવમાં તે ભોગવવાં પડશે.

અને આમ માતુશ્રીને ધર્મ પર શ્રદ્ધા વધતી જશે અને **વળી વ્યાખ્યાન સાંભળીને તેમને ધર્મ એ શું છે, તેની સમજણ પડશે. જેઠાણી પણ સાસુજીની જોડે** ધર્મ કરતા થઇ જશે.

હવે પ્રવીણભાઈએ 'કોઇને ધર્મ કરતાં રોકવું ન જોઇએ; પરંતુ તેમને ધર્મ કરવામાં પ્રોત્સાહન આપવું જોઇએ.' એ વિષય પર તેમના માતુશ્રીને તથા ભાભીજીને સમજાવવું જોઇએ.

આખરે રંજનબહેનને ધર્મ કરવામાં તેમના સાસુજી પ્રોત્સાહન આપશે જ, અને રંજનબહેને પણ પોતાના પીયરમાં જેવી રીતે ધર્મ કરતા હોય એવી રીતે વળી પાછો ધર્મ કરવો જોઇએ. સાથે સાથે ઘરકામમાં પણ ધ્યાન આપવું જોઇએ અને સાસુ તથા જેઠાણી સાથે પ્રેમથી વર્તવું જોઇએ. તો જરૂર એમના સંસારમાં સુંદર પરિવર્તન આવશે જ.

**રજનીકાંત ફતેચંદ વોરા-પુના ૨**


## સસ્તાં, સુંદર તથા ઉપયોગી અમારાં પ્રકાશનો

**પ્રાચીન સજ્ઝાયમાલા:** પૂર્વાચાર્યરચિત પ્રાચીન સેંકડો સજ્ઝાયોમાંથી ચૂંટી કાઢેલી પ્રચલિત સજ્ઝાયોનો સુંદર સંગ્રહ, આકર્ષક ગેટ અપ, પૂંઠાપર દ્વિરંગી ડીઝાઇન યુક્ત જેકેટ ક્રાઉન ૧૬ પેજી ૧૬૪ પેજ મૂલ્ય ૧-૪-૦

**ભક્તિસુધા તરંગિણી:** નૂતન રાગ-રાગિણિ યુક્ત પૂજામાં બોલવાનાં પદો, સુંદર રાગમાં ચાલુઢબની ગંહુલિઓ, સ્નાત્રપૂજા, આદિનો અપૂર્વ સંગ્રહ, ૫૫૫ ગ્લેજ સફેદ કાગળ પર છપાઇ, ક્રાઉન ૧૬ પેજી ૧૧૦ પેજ મૂલ્ય ૧૦ આના.

**શત્રુંજય મહાતીર્થ ગુણમાલા:** શત્રુંજય તીર્થાધિરાજની યાત્રામાં ઉપયોગી ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ ઇત્યાદિનો સારો સંગ્રહ. ૨૧. ૧૦૮ ખમાસમણા, નવ્વાણું યાત્રાની વિધિ, શત્રુંજય તીર્થની યાત્રાનું વર્ણન, તેનો મહિમા, નવટુંકનો ટુંક પરિચય, યાત્રાની સ્મૃતિ તરીકે સ્નેહીજનોને ભેટ આપવા લાયક યાત્રાનો સહાયક ભોમીયો બને તેવું પોકેટ સાઇઝનું પુસ્તક ખીસ્સામાં રહી શકે તેવું, ફોરીન એન્ટીક કાગળ પર છપાઇ, ક્રાઉન ૩૨ પેજી ૧૩૬ પેજ મૂલ્ય: આઠ આના.

**—: નવાં પ્રકાશનો :—**

**મંગલદીપ:** જીવનને સુસંસ્કારી બનાવતો બોધકથાઓનો અપૂર્વ સંગ્રહ.
**સંસ્કારદીપ:** જીવનને પ્રેરણા આપતી સુંદર શૈલીયે લખાયેલી રસપ્રદ કથાઓનો અમૂલ્ય સંગ્રહ.
**મનન માધુરી:** ચિંતન, મનન તથા વિચારપ્રેરક બોધક નિબંધિકાઓ.

**પ્રકાશક : શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા.**

પ્રાપ્તિસ્થાનો

**સોમચંદ ડી. શાહ.** પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

**રતિલાલ ગુલાબચંદ દોશી.** C/o દોશી પ્રીં. પ્રેસ. દીવાન ચોક. જુનાગઢ (સૌરાષ્ટ્ર)

# મહાસાગરનાં મોતી

: શ્રી વલ્લભ ભાણજી મહેતા :

**વ**નસ્પતિ માત્રની ફલદ્રુપતા જેમ જવાસો જોઇ શકતો નથી તેમજ વિઘ્નસંતોષી માણસો બીજાનો ઉદય કે બીજાનો મહિમા જોઇ કે સાંભળી શકતો નથી.

**વ**સ્તુ માત્રમાં ખામીઓ અને ખૂબીઓ હોય છે, પદાર્થ માત્રમાં સારૂં-નરસું ભર્યું હોય છે. જેવી જેની દૃષ્ટિ તેવું તે ખોળી લે છે.

જગતની ધર્મશાળામાં રહેતાં તું તારા અસલી ઘરને ભૂલીશ મા.

**શુ**ભ લાગે તે સંઘરી તારા જીવન વિકાસને પંથે પડજે. ટીકા કે વાદના નાદે ચડી તારી ચાલુ ગતિને રૂંધીશ મા.

**મા**ણસ વૃત્તિને આધીન થાય છે ત્યારે તેને દેખાડવાનો કે કંઇ કરી નાખવાનો મોહ થાય છે અને તે જ મોહ એના બંધનનું કારણ બને છે.

**આ**ત્માનો અલૌકિક આનંદ જેને પ્રાપ્ત થાય છે તે પછી વિષયના ક્ષુદ્ર આનંદમાં કેમ રમે ? ચિંતામણી જેને હાથ છે, તેને કાચની કિંમત શું હોય ?

**દ**યા તો પ્રેમની બહેન છે. દિલથી પણ દયા દર્શાવી શકાય છે. કોઇ સાધનસંપન્ન માણસ વિષયમાં માથાબૂડ ડૂબ્યો હોય તેનું સારૂં ઇચ્છવું કે ભાવવું એ દયા અંતરનું દ્રવન છે અને તે તારા આત્મઉદ્ધારનું સાધન બનશે.

" **સ**ર્વ સુખી થાય તો હું સુખી થાઉં " આવા પ્રકારનો સ્વાર્થ તો પરમાર્થ જેવો પરમ પવિત્ર છે, તે કલ્યાણમાં બાધક નથી બલ્કે સાધક છે.

**સં**તને હાથમાં કંઇ કમલ ઉગતાં નથી તેમજ અસંતને કંઇ શીંગડાં હોતાં નથી. સત્‌ને જાણે, સત્‌માં રમે તે સંત અને અસત્‌માં રમે તે અસંત.

**આ**ત્મચિંતન ભવસાગરની પેલે પાર જવાનો પૂલ છે અને વિષયનું ચિંતન ડૂબવાનું આબાદ સાધન છે.

**દે**હની દરિદ્રતામાં કે સાધનના અભાવમાં અંતરની પ્રસન્નતા રહે એ જ આત્મ શ્રીમંતની અનોખી જાહોજલાલી છે.

**જ્યાં** એક જ આત્મ સ્વરૂપ અખંડ વિલસે છે ત્યાં પછી દેખાડવાનો મોહ કેને અને કયાં ?

**ભ**ગવાનને ભૂલાય તો વિરોધી વિચારના વંટોળ, ઉપાધિની આંધી અને ભયની પરંપરા.

**કુ**શળ સાધક કદી સ્ખલન પામે તો તે તુરત જાગ્રત થઇ જાય. જેમ દડો નીચે પછડાઈ જોરથી પાછો ઊંચે ચડે તેમ. આને જ કહે છે અંતરનો છણછણતો પશ્ચાતાપ અને હૃદયની તત્પરતા.

**આ** જગતમાં જે કાંઇ દેખાય છે, તે સર્વ કર્માનુસાર દેશકાલના નાટય તખ્તે નાચતું પ્રારબ્ધનું મૂર્ત સ્વરૂપ છે.

**અં**તરાત્માના અવાજને ન સાંભળવો કે ન સત્કારવો એ જ ભૂલ અને પછી તો ભૂલની પરંપરા જન્મે છે.

જે માણસ આપે છે તે બમણું લે છે. એકનો બોધપાઠ તે બીજાનો અભ્યાસપાઠ.

જાગ્યો તો એ કહેવાય, કે જગતમાં નહીં પણ જગતના નાથમાં તત્પર રહે. ડાહ્યો તો એ કહેવાય, કે નિત્ય ઈશ્વરનો ખ્યાલ રાખે, નહીં નશ્વરનો.

માગ્યા વિના પીરસીશ નહિ. પૂછયા વિના બોલીશ નહીં. વાણી વેડફી નાંખવા કે વર્ચસ્વ વ્યર્થ ખોઈ નાંખવા નથી. અવસર વિના આપીશ નહીં. મહા મહિનાના મેહ શું ઉજાળે કે ઉકાળે ?

વળગણ રાખી તો વિષય ચોંટયો અને વિષય ચોંટયો એટલે આત્મસ્વરૂપના ભાનની કાંકરી ખરી, અથવા આત્મજ્ઞાનની પ્રતીતિમાં છિદ્ર પડયું.

જગત સુધારવાનો વ્યામોહ એ પણ એક ઘેલછા છે. તારા સ્વરૂપના વિલાસમાં બીજાનો વિકાસ થતો હોય તો ભલે હો.'

મોતીની ખરી કિંમત તો હંસને હોય છે અને તે જ તેને પચાવી શકે છે; તેમજ આધ્યાત્મિક ઉંચા રહસ્યની કદર વિવેકી આત્મવાનને હોય છે અને તે જ તેને હજમ કરી આચાર સ્વરૂપ બનાવે છે.

વસ્તુની સિદ્ધિ શોભામાં નથી પણ ઉપયોગમાં છે. તેમજ ઉપદેશની સિદ્ધિ વાહ-વાહમાં નથી પણ વ્યવહારમાં છે.

ભક્તિ છુપી હોય ખરી પણ એની ખૂશબો દિવાલ ચીરીને પણ ભભકયા વિના રહે નહીં.

મ્યાનની શોભા કે એની સજાવટ લડાઇ જીતવામાં કામ નહીં આવે. રણજંગ જીતવાને તો તલવારની તીક્ષ્ણતા જોઇએ.


અલભ્ય અને અપૂર્વ આધ્યાત્મિક ગ્રંથ પ્રગટ થઇ ચૂકયો છે.

શ્રી મુનિસુંદરસૂરિકૃત

# અધ્યાત્મ કલ્પદ્રુમ

ઉપોદ્‌ઘાત, વિવેચન, અર્થ; ટિપ્પણ અને વિસ્તૃત નોંધ સાથે આ ચતુર્થ આવૃત્તિ
શ્રી મહાવીર જૈન વિદ્યાલયે 'શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા
ગ્રંથાંક ૧' તરીકે બહાર પાડેલ છે.

: વિવેચક :

સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ [ મૌક્તિક ]
બી. એ. એલ. એલ. બી. સોલિસિટર.

પાના ૪૮૦ : પાકું કાપડનું બાઇન્ડીંગ
કિંમત પ્રચારાર્થે માત્ર રૂા. ૬-૪-૦ (ટપાલ, રેલ્વેખર્ચ અલગ)

: : પ્રાપ્તિસ્થાન : :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય: ગોવાળીઆ ટેંક રોડ. મુંબઈ-૨૬.

# —: આજે જરૂર છે ગુપ્તદાનની :—

શ્રી કિશોર ગાંધી–લીંબડી

પ્રભુ શ્રી મહાવીરદેવે ધર્મના ચાર અંગો કહ્યાં છે.

(૧) દાન (૨) શીલ (૩) તપ (૪) ભાવ.

આ ચારેય અંગો એક બીજા સાથે સંકળાયેલાં છે, અને આ ચાર અંગોનું બરાબર સમજણપૂર્વક પાલન કરવાથી મનુષ્ય પોતાનું જીવન ઉચ્ચ બનાવી શકે છે તથા બીજા મનુષ્યોનું પણ કલ્યાણ કરી શકે છે.

આ ચાર અંગોમાં દાન સર્વથી શ્રેષ્ઠ છે. આજે દાન કરવા વિષે આપણા સમાજમાં થોડી ગેરરીતિ પ્રવર્તે છે. આજે આપણે અનેક દાનેશ્વરીઓ વિષે સાંભળીએ છીએ. એક શેઠ હોસ્પિટલ બાંધવામાં એક લાખ રૂપિયા આપી પોતાનું નામ અમર કરે છે, બીજા શેઠ નિશાળ બંધાવવામાં પચાસ હજાર રૂપિયા આપી પોતાના નામની નિશાળ બંધાવે છે. આવા સમાચારો સાંભળતાં આપણને આધુનિક દાનનો કાંઇક ખ્યાલ આવે છે. દાનનો પણ આ એક માર્ગ છે, અને તે પણ ઉત્તમ છે, છતાં તે કીર્તિદાન છે એમ કહી શકાય. હજારો મનુષ્યો જાણે એ રીતે દાન કરવું એવો આજના પૂંજીપતીઓને મોહ થઇ ગયો છે. તેથી તેઓ કીર્તિદાન કરવા પ્રેરાય છે, પણ કેટલીક વેળા ગુપ્તદાનની જરૂરીયાત ઘણી હોય છે.

અમુક ગૃહસ્થો પોતે ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરે છે, એવી જાહેરાતો છાપાઓમાં છપાવે છે, અને જણાવે છે કે, "ચોપડીઓ તથા સ્કોલરશીપો મેળવવા માટે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવો." જે ગરીબ વિદ્યાર્થીઓને ચોપડીઓની અથવા સ્કોલરશીપોની જરૂર હોય છે, તે તો બિચારા મદદ મેળવવા માટે પોતાની સ્થિતિનું વર્ણન કરતાં લાંબા લાંબા કાગળો લખે છે–લખવા પડે છે. ગૃહસ્થને તો આ પત્રવ્યવહારની બહુ ઓછી દરકાર હોય છે. અમુક ગૃહસ્થો તો ફક્ત પોતે સમાજમાં કાંઇક છે તેમ દેખાડવા ખાતર જ આવી જાહેરખબરો છપાવતા હોય છે. વિદ્યાર્થીઓ ફરી–ફરીને પત્રો લખે છે પણ કાંઇ જવાબ મળતો નથી–મળે છે તો સંતોષભર્યો મળતો નથી. વિદ્યાર્થીઓને નથી મળતી ચોપડીઓ કે નથી મળતી સ્કોલરશીપો–કદાચ મળે છે તો બે–ત્રણ જૂની ફાટી તૂટી ચોપડીઓ અને તેના બદલામાં પણ અનેક ફરફરીયામાં પોતાની સહી અને ગામના પાંચ સાત પ્રતિષ્ઠિત સજ્જનોની સહી કરાવવી પડે છે. ફક્ત બે રૂપિયાની કિંમતની બે ચોપડીઓ ખાતર પણ જો આવી રીતે સહીઓ કરાવવાની જરૂર પડતી હોય તો બહેતર છે કે, ચોપડીઓનું દાન ન કરવું. અમુક ધનિકો આ રીતે સ્કોલરશીપો, ચોપડીઓ અને બીજી નાની નાની વસ્તુઓ આપીને સામા ગરીબ વિદ્યાર્થીના સ્વમાનનો નાશ કરવા પ્રયત્ન કરે છે. તેની પાછળ બીજો કોઈ આશય નથી પણ "દાન લીધેલ વ્યક્તિ કદાચ ભવિષ્યમાં પૈસાદાર બને તો પણ આપણાથી એને કે એના લાગતા–વળગતાઓને દબાયેલા રાખવા આવો મલિન આશય પણ ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવામાં કેટલીક વખત જણાઈ આવે છે.

આજનો સમાજ માને છે કે, "કોઇપણ જરૂરિયાતવાળા માણસને મદદ કરવી એટલે તેના સ્વમાનની હરરાજી કરાવવી." આ પ્રથા ઘણી જ ભયંકર છે, અને ઉગતી પેઢીના માનસ પર બહુ જ માઠી અસર કરનાર છે. કોઇ દુઃખી

માણસને દેખી તેના તરફ બે પૈસા ફેંકવા એ કામ તો દાનભાવ વગરના માણસો પણ લોકલજ્જાએ કરતા જ હોય છે, **પણ જમણા હાથે કરેલું દાન ડાબો હાથ પણ જાણે નહિ એ જ ખરૂં દાન છે, અને તે જ દાન, દાન લેનાર મનુષ્યને પોતાની સારી સ્થિતિમાં દાન કરવા પ્રેરે છે.**

આજે પણ અમુક સજ્જનો આપણા સમાજમાં હયાત છે. જેઓ ખાનગીમાં જરૂરિયાતવાળા માણસને ઘેર બેઠાં મદદ પહોંચાડે છે. અને પણ એવી રીતે કે, સામા માણસને મદદ લેતાં જરા પણ સંકોચ ન થાય, જરાપણ સમાજનો ડર ન લાગે. મદદ આપનાર કરતાં પોતે કાંઈ નીચો છે એમ પણ ન લાગે. આ રીત બહુ પ્રશંસનીય છે. મદદ લેનારને ખબર ન પડે કે મને કોના તરફથી મદદ મળે છે, દાન દેનારને પણ ખબર ન પડે કે હું કોના વતી મદદ કરૂં છું, પણ બંને વચ્ચે કોઇ ધર્મ–ફરજ જેવી વ્યક્તિ છે, જે એક–બીજાને લેવા–દેવા પ્રેરે છે. આવાં ખાનગીમાં મદદ કરતાં સજ્જનોને કોઇ ઓળખતું પણ નથી હોતું. કદાચ સમાજમાં તેમનું સારૂં સ્થાન પણ નથી હોતું, પણ જેનો જગતના લોકોને કદાપિ ખ્યાલ પણ ન આવે તેવી પોતાની ઉચ્ચ ભાવનાને જગતમાં કોઇ જાણે નહિ, કોઇ અનુભવે નહિ તેમ કોઇની પ્રશંસાની દરકાર કર્યા વિના તેઓ સુપાત્રોને દાન કરતા જ હોય છે. આવા સંયોગોમાં આજે આપણે 'દાન' શબ્દને બદલે સહકાર શબ્દ વાપરવાનો છે. જેથી આપણને અહમ્ ભાવ ન આવી જાય. આપણે દાન કરવાની પદ્ધતિમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. ભલે આપણે લાખો રૂપિયાનું દાન જાહેરમાં કરીએ પણ સાથે સાથે તેનાં પચીસ ટકા ગુપ્તદાનમાં પણ ખર્ચીએ. ગુપ્તદાન એ જ મનુષ્યને ઉચ્ચ બનાવે છે. જે અભિમાની છે તે કદી ગુપ્તદાન કરશે નહિ, પણ સજ્જનો તો ગુપ્તદાન કરવામાં જ રાજી હશે. કારણ કે સજ્જન હોય તે સમજતો જ હોય કે, મનુષ્ય માત્રને એક બીજાની મદદની જરૂર પડે જ છે. આ વિશ્વમાં કોઇ એવો મનુષ્ય નહિ હોય કે જેને કદિ કોઇના સહકારની જરૂર નહિ પડી હોય. માનવી જન્મે છે ત્યારથી તેને પોતાની માતાના દૂધની જરૂર પડે છે. દરેક માતા આ સમજતી હોય છે તેથી તે પોતાના બાળકને અમૃત સમાન દૂધનું દાન કરે છે. પોતાનાં વસ્ત્રો તથા પોતાની સંભાળ રાખવા માટે તેને પોતાના પિતાની મદદ માગવી પડે છે. પિતા વસ્ત્રો તથા તેને બીજી અનેક વસ્તુઓનું દાન કરે છે. ચાલતાં–બોલતાં શીખવા માટે તેને પોતાના ભાઈબ્હેનોની મદદ માંગવી પડે છે, અર્થાત માનવીને પોતાના જન્મથી મરણ સુધી એક બીજાની મદદની જરૂર પડે જ છે. માતા–પિતા કે ભાઇબ્હેનો દુનિયામાં ડંકો વગાડવા નથી જતાં કે અમે આ બાળકને મદદ કરીએ છીએ, કારણ કે તેઓ જાણતાં હોય છે કે, આપણી માબાપ કે ભાઇબ્હેન તરીકેની તેને મદદ કરવાની ફરજ છે, એ જ રીતે આપણી માનવ તરીકે એકબીજાને મદદ કરવાની ફરજ છે.

હું પહેલાં કહી ગયો તેમ કીર્તિદાન કદાચ કોઇ વખતે ઉપયોગી બનતું હોય છે. છતાં તે માનવીને ઘણીવાર બેશુદ્ધ બનાવી દે છે. લોકોમાં તમારી વાહવાહ બોલાય છે. અમુક હદ સુધી વાહવાહ બોલાય ત્યાં સુધી વાંધો આવતો નથી. પણ જ્યારે તે હદ ઓળંગી જાય છે ત્યારે દાનેશ્વરીને બેહોશ બનાવે છે. જ્યારે ગુપ્તદાન તો માનવીના હૃદયમાં અલૌકિક શાંતિ ભરી દે છે. માટે દાન કરો તો ગુપ્ત રીતે જ કરજો. લોકોમાં વાહવાહ બોલાવવાનો મોહ છોડી દેજો.

# અમીઝરણાં

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

દુનિયાદારીના પદાર્થો ધર્મયોગે મળે ભલે પણ ધર્મયોગથી તે પદાર્થો મળે, એ ઇચ્છવાનું નથી.

જ્ઞાનનું ફળ વિરતિ અને વિરતિનું બીજ જ્ઞાન.

રાગને માટેનો ત્યાગ એ ખરાબ છે.

અરિહંતનાં શાસનને પામેલા સમ્યગ્દૃષ્ટિ આત્માને દુનિયાની કોઇપણ વસ્તુ અનીતિના પંથે લઈ જવા સમર્થ નથી.

સમ્યગ્દૃષ્ટિ આત્માઓ એટલે ત્યાગના પિપાસુ, ત્યાગનો જાપ કરનારા.

રાગના રસિયા બન્યા તો સંસારમાં અગ્નિ ખરશે.

ધર્મીના હૃદયમાં દેવ-ગુરુ રોમેરોમ હોય છે.

ખરા ભોગીનું એ લક્ષણ છે કે, મરજી આવે ત્યાં સુધી ભોગવે પછી લાત મારી ફેંકી દે.

સમ્યગ્દૃષ્ટિની વાત આવે કે, સર્વવિરતિ આવે જ, સર્વવિરતિ એવી છે કે, સમ્યગ્દૃષ્ટિથી અળગી ન રહે સર્વવિરતિના ભાવ વગરનો સમ્યગ્દૃષ્ટિ હોય નહિ.

તું તારા આત્માને ગમે તેટલો જિતનારો માન, બળવાન માન પણ રાગાદિ શત્રુઓથી જીતાયેલો હો તો તું પામર છે.

પૈસાટકાનું દાન, આશ્રિત બનાવવા, તાબામાં રાખવા, કે હું મોટો દાતાર છું, એમ કહેવડાવવા માટે નથી, જો એ માટે થાય તો તે દાન નથી.

શીલનો સેવનાર, તપ કરનાર તથા ભાવના ભાવનાર પોતાનો જ ઉદય કરી શકે છે, જ્યારે દાન દેનાર, સ્વ-પર ઉભયનો ઉદય કરી શકે છે.

દાતાર, દેવાની વસ્તુ અને લેનાર ત્રણે શુદ્ધ જોઇએ. એ ત્રણમાં ખામી એટલી વસ્તુમાં ખામી.

મુનિ એટલે ષટ્જીવ નિકાયના પાલક, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય. અને વનસ્પતિકાયને પણ ન હણે. ત્રસને હણવાના તો હોય જ શાના ?

મુનિની દૃષ્ટિ અને દુનિયાના ગૃહસ્થોની દૃષ્ટિ જુદી હોય છે.

જિનેશ્વર એટલે રાગદ્વેષાદિ દોષોને જિતનાર તે જિન, અને તેમાંએ અધિપતિ એ જિનેશ્વર.

દુનિયાના ગૃહસ્થોની પ્રવૃત્તિ ભલે જુદી હોય, કારવાઇમાં ભલે ફરક હોય, કારણ કે કારવાઇનો આધાર તો કૌવત પર છે પણ ભાવના, ઇચ્છા અને દૃષ્ટિ તો એક જ જોઈએ.

અનાદિકાળથી વળગેલા પૌદ્ગલિક સંયોગોને મૂકીએ એ ધર્મ, પૂરૂં મૂકીએ તો પૂરો ધર્મ અને અધુરૂં મૂકીએ તો અધુરો ધર્મ.

આત્મા અનંત શક્તિઓનો સ્વામી છે. સ્વચ્છ છે, પણ અનાદિ કાળથી લાગેલ કર્મ સંયોગને લીધે એમાં પરિવર્તન થયેલું છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ એટલે મન, વચન, કાયાના અશુભ વ્યાપાર આ ચારે કર્મબંધના હેતુઓ છે.

શુદ્ધદેવમાં દેવત્વ બુદ્ધિનો અભાવ, શુધ્ધ ગુરૂમાં ગુરૂત્વ બુદ્ધિનો અભાવ, શુદ્ધ ધર્મમાં ધર્મત્વનો બુદ્ધિનો અભાવ તેમજ અશુદ્ધ દેવમાં દેવત્વબુદ્ધિ, અશુધ્ધ ગુરૂમાં ગુરૂત્વબુધ્ધિ અને અશુધ્ધ ધર્મમાં ધર્મત્વ બુદ્ધિ એ મિથ્યાત્વ કહેવાય.

# શંકા અને સમાધાન

**[ સમાધાનકારઃ–પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ]**
**[ પ્રશ્નકારઃ–શેઠ મુલચંદ જંબુભાઈ શ્રોફ–ખંભાત ]**

**શં૦** "એગ સરીરે એગો, જીવો જેસિં તુ તેય પત્તેયા" તો એક શરીરમાં બે–ચાર જીવ હોય તો કેવા ગણવા ?

**સ૦** પ્રત્યેક શરીરી જીવના શરીરમાં ક્વચિત્ અનેક જીવ હોઈ શકે છે.

**શં૦** ભારંડપક્ષીના શરીરમાં બે જીવ હોય છે, તો કેવો જીવ ગણવો ?

**સ૦** ભારંડપક્ષીને પ્રત્યેક જીવ ગણવો.

**શં૦** પ્રત્યેક શરીરી જીવ જેટલા આકાશપ્રદેશમાં અવગાહના કરી રહ્યો હોય તેજ આકાશપ્રદેશોમાં બીજા પ્રત્યેક શરીરી જીવ અવગાહના કરી રહી શકે ખરા ?

**સ૦** જે આકાશપ્રદેશોમાં પ્રત્યેક શરીરી જીવ અવગાહના કરી રહ્યો હોય તે આકાશપ્રદેશોમાં ન્યુનાધિકભાવે બીજા જીવો પણ શરીર ધારણ કરી અવગાહના કરી શકે, દાખલા તરીકે–પર્યાપ્તો મનુષ્ય જે દેહમાં અવગાહીને રહ્યો હોય તેજ દેહમાં માંસની અંદર કીટાણુંઓ રહેલા હોય છે.

**શં૦** એક જીવ મનુષ્યરૂપે હોય અને ત્યારબાદ મંત્ર, તંત્ર અને વિદ્યાદિ અગર ઔષધ વિગેરેના પ્રયોગથી તિર્યંચરૂપે થાય તો કઇ ગતિ અને આયુષ્યનો ઉદય ગણવો ?

**સ૦** તે જીવને નવું પ્રાપ્ત થયેલું તિર્યંચપણું વાસ્તવિક નથી પણ માયામયી છે, તેથી મનુષ્યગતિ અને મનુષ્યાયુનો ઉદય ગણવો.

**શં૦** એક જીવ પુરૂષલિંગે જન્મ્યા પછી થોડા વર્ષો બાદ સ્ત્રીલિંગમાં ફરી જાય તો કઇ કર્મપ્રકૃતિનો ઉદય ગણવો ?

**સ૦** તેવા જીવને તે સમયથી સ્ત્રીવેદનો ઉદય સમજવો.

**શં૦** દુનિયાની અંદર રાજા આદિ મહાન સ્થાનને પ્રાપ્ત કરતા જીવોને કઇ કર્મપ્રકૃતિનો ઉદય ગણવો ?

**સ૦** તેવા જીવોને ઉચ્ચ ગોત્રનો ઉદય ગણવો. કારણ કે, પન્નવણાજીમાં ઉચ્ચ ગોત્રના આઠ પ્રકારો બતાવ્યા છે. તેમાં છઠ્ઠા પ્રકારના ઉચ્ચ ગોત્રમાં આનો સમાવેશ કરેલ છે.

**શં૦** શબ્દ, અંધકાર, પ્રકાશ વગેરે પુદ્ગલના જુદા ગુણો સમજવા કે વર્ણાદિ ચાર ગુણોના પર્યાયો સમજવા ?

**સ૦** શબ્દ, અંધકાર, પ્રકાશ આદિ પુદ્ગલદ્રવ્યના પર્યાયો જાણવા.

**શં૦** કોઇ એક દ્રવ્યનો અમુક ગુણ હોય તે તેજ દ્રવ્યના બીજા ગુણરૂપે પરિણમે ખરો ? દાખલા તરીકે:–પુદ્ગલનો પ્રકાશ અંધકારરૂપે થઇ જાય છે, વળી આત્માનો કેવળજ્ઞાન ગુણ છે, અને બીજો કેવળદર્શન ગુણ છે તો કેવળદર્શન ગુણ, જ્ઞાનગુણમાં પરિણમી જાય ખરો ? તો જ્ઞાન અને દર્શન અગર પ્રકાશ અને અંધકાર એકજ ગુણના જુદા જુદા પર્યાયો કેમ ન માની શકાય ?

**સ૦** દ્રવ્યનો કોઇપણ એક ગુણ બીજા ગુણમાં પરિણમી શકતો નથી, પ્રકાશ અંધકારરૂપે થાય છે, તેમાં તે પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે, ગુણ નથી, જ્ઞાન અને દર્શન બંને ગુણ છે, દર્શન એ પણ જ્ઞાન ગુણ બતાવનારજ છે, દર્શન સામાન્ય જ્ઞાન છે, જ્યારે જ્ઞાન વિશેષ જ્ઞાન છે, એટલે બન્ને સામાન્ય–વિશેષ પ્રકારે હોવા છતાં એક સ્વરૂપે માનવા હોય તો માની શકાય છે.

**શં૦** એક દ્રવ્યના ત્રણ–ચાર પર્યાયો વર્તતા હોય તો તે દ્રવ્યના બીજા વિરોધી પર્યાયો સાથે વર્તી શકે ખરા ? જેમકે પુદ્ગલના પ્રકાશ અને વિરોધી અંધકાર બંન્ને પર્યાયો સાથે વર્તી શકે ખરા ?

**સ૦** એકજ દ્રવ્યના પરસ્પર વિરોધી પર્યાયો સાથે ન વર્તી શકે.

**શં૦** પુદ્ગલના ગુણના પર્યાયોમાં જ્ઞાન અને દર્શનની જેમ સામાન્ય અને વિશેષ એમ ભેદ હોઇ શકે ?

**સ૦** પુદ્ગલના પર્યાયોમાં પણ ભેદ ગણાવી શકાય.

**શં૦** કેવળજ્ઞાની અનંત આકાશાસ્તિકાયના છેડા-

ને પણ જાણે છે, ત્યારબાદ આકાશાસ્તીકાય નથી, તે પણ જાણે છે તો કેવળજ્ઞાનીના ક્ષેત્રથી આકાશાસ્તિકાય વધે કે કેમ ?

**સ૦** કેવળજ્ઞાની મહારાજ આકાશને છેડો ન હોવાથી છેડો છે, એમ જાણે જ નહિ, તેમ જ તેના પછી આકાશનું નાસ્તિત્વ છે, તે પણ ન જાણે. કેમકે તેનું નાસ્તિત્વ કહેવાથી તેના પછી કઈ વસ્તુ કાયમ કરશો ? માટે આકાશાસ્તિકાયનો છેડો નથી, તેમ કેવળજ્ઞાનનો પણ છેડો નથી, માટે કેવળજ્ઞાન અને આકાશાસ્તિકાય બંન્ને ક્ષેત્રથી સરખા સમજવા.

**શં૦** સમકિતી અગર મિથ્યાત્વીને ચક્ષુ–અચક્ષુદર્શનમાં જ્ઞાન–અજ્ઞાનની જેમ ભેદ પડતો હશે ખરો ?

**સ૦** દર્શન એ સામાન્ય જ્ઞાન હોવાથી સમકિતી અગર મિથ્યાત્વીના દર્શનરૂપ સામાન્ય જ્ઞાનમાં ફરક પડે નહિ, પણ વિશેષ જ્ઞાનરૂપ મતિ–શ્રુતાદિમાં ફેર પડે.

**શં૦** અવધિદર્શનમાં સમકિતી જીવોને જ કેમ ગણાય ? મિથ્યાત્વીને કેમ ન ગણાય ? દર્શનમાં મિથ્યાત્વથી ફેર પડતો હોય એમ લાગે છે ? દર્શન સામાન્ય જ્ઞાન છે, જ્યારે જ્ઞાન વિશેષ જ્ઞાન છે, જેથી ફેર પડે તો જ્ઞાનમાં પડે. દર્શનમાં કેવી રીતે ગણાય ?

**સ૦** અવધિદર્શનમાં સમકિતી જ ગણાય એમ નથી, મિથ્યાત્વીને પણ વિભંગજ્ઞાન પહેલાં અવધિદર્શન ગણી શકાય અને એ હિસાબે સમકિતી અગર મિથ્યાત્વી બંન્નેને અવધિદર્શનમાં ગણ્યા, આ દર્શનમાં મિથ્યાત્વથી જુદો ભેદ પડતો નથી.

**શં૦** દર્શન એ દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે તો અવધિદર્શનમાં સમકિતી અગર મિથ્યાત્વીને શો ભેદ પડતો હશે ? સમ્યક્ત્વ અગર મિથ્યાત્વ એ તો જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ હોઇ શકે છે, પણ અવધિદર્શનમાં ભેદ શી રીતે પડે ? વિભંગદર્શન જુદું કેમ ન ગણાવ્યું ?

**સ૦** દર્શનમાં ભેદ પડતા નહિ હોવાથી વિભંગદર્શન નામનો જુદો ભેદ પાડ્યો નથી, જેથી વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય છે.

**શં૦** દર્શનાવરણ કર્મનો ક્ષયોપશમ સઘળા આત્મપ્રદેશે હોય કે અમુક ભાગમાં જ હોય. લકવા આદિમાં શરીરનો અમુક ભાગ લાકડા જેવો થઇ જાય છે, ત્યાં અચક્ષુદર્શન થતું નથી, તો તે ભાગમાં કેવો ઉદય માનવો ?

**સ૦** દર્શનાવરણનો ક્ષયોપશમ સઘળા આત્મપ્રદેશે હોય છે. લકવા આદિમાં તે ભાગમાંથી આત્મપ્રદેશો બાજુના બીજા ભાગોમાં સંકોચાઇ જાય છે, એટલે ત્યાં ઉદયનો પ્રશ્ન રહેતો નથી.

**શં૦** પુદ્ગલને વર્ણાદિ હોય છે, તો એક જ પુદ્ગલ પરમાણુને કાયમ માટે એક જ વર્ણ હોય કે ~~પાંચે વર્ણ~~ હોય ? ગંધ એક જ હોય કે બે હોય ? રસ અને સ્પર્શમાં પણ કેવી રીતે હોય ?

**સ૦** એક પુદ્ગલ પરમાણુને સત્તાગત પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શ હોય છે, વર્તમાન પર્યાયથી કોઇ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ જાણવા.

**શં૦** ભાષાનાં પુદ્ગલો વિજ્ઞાનના પ્રયોગથી ઔદારાદી વસ્તુમાં પકડી મરજી મુજબ સાંભળી શકાય છે, મનોવર્ગણાના મનરૂપે પરિણમાવેલા પુદ્ગલો પણ પકડી શકાશે, તો તેવી રીતે કર્મનાં પુદ્ગલો પકડી શકાય ખરાં ?

**સ૦** ભાષાનાં પુદ્ગલો પકડી શકાય, પરંતુ આત્મશક્તિ વગર કર્મનાં પુદ્ગલો પકડી શકાય નહિ.

**શં૦** અવધિજ્ઞાની ઉત્કૃષ્ટથી અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાતા ખંડુક દેખે તો ત્યાં શું દેખે ? એ વાક્યનો ભાવાર્થ શું સમજવો ?

**સ૦** અલોકમાં આકાશ એકજ દ્રવ્ય હોય છે અને તે આકાશદ્રવ્ય અરૂપી હોવાથી અવધિજ્ઞાની દેખી શકે નહી. વાક્યનો ભાવાર્થ અવધિજ્ઞાનની ક્ષેત્રાશ્રયી શક્તી બતાવવાનો છે કે જો ત્યાં (અલોકાકાશમાં) બીજા રૂપી દ્રવ્યો હોત તો તેટલાં ક્ષેત્ર સુધી દેખી શકે. બાકી વસ્તુતઃ ત્યાં કાંઇ દેખી શકે નહી.

**શં૦** શબ્દ અગર અવાજ પરિણત પુદ્ગલ પ્રયોગથી કેટલો કાળ રાખી શકાય ?

**સ૦** સંખ્યાતો કાળ.

**શં૦** પાંચ ભાવોમાં ક્ષાયીક ભાવ જે ગણાય છે તે આત્માના ગુણનો ભાવ ગણવો કે આત્માના આત્મદ્રવ્યનો ભાવ ગણવો ?

**સ૦** આત્મદ્રવ્ય અને આત્મગુણનો કથંચીત્ ભેદાભેદ હોવાથી જેનો ગણવો હોય તેનો ગણી શકાય. મુખ્યતયા આત્માના ગુણનો ભાવ સમજવો.

**શં૦** ક્ષાયીક અને પારિણામીક ભાવ સિદ્ધાત્માને કયી વસ્તુમાં કેવી રીતે સમજવા ?

**સ૦** સિદ્ધોના આત્માને પારિણામીક ભાવ આત્મદ્રવ્યનો અને ક્ષાયીક ભાવ આત્માના ગુણનો સમજવો.

**શં૦** આત્માના ભાવ (પરિણામ) શુભ, અશુભ એમ બે પ્રકારે કે શુભ, અશુભ અને શુદ્ધ એમ ત્રણ પ્રકારે ? શુદ્ધભાવથી કયું કર્મબંધન થાય ? તીર્થંકરોને ગૃહવાસમાં ત્રણમાંથી કેવો ભાવ હોય ? દીક્ષા કાળમાં કેવો હોય ? કેવળી કાળમાં અને સિદ્ધાવસ્થામાં કેવા ભાવો હોય ? ગૃહવાસથી મોક્ષ સુધીમાં કયા ભાવથી કર્મબંધન થતું હશે ?

**સ૦** આત્માના ત્રણ ભાવ પણ ગણાય છે. શુભ ભાવથી પુણ્ય, અશુભથી પાપ અને શુદ્ધ ભાવથી નિર્જરાદિ થાય છે તીર્થંકરોને ગૃહવાસથી કેવળજ્ઞાન સુધી ત્રણે ભાવ હોય. તેરમે ગુણઠાણે શુભ અને શુદ્ધ બન્ને ભાવ હોય અને ૧૪ મે શુદ્ધ ભાવ હોય. સિદ્ધાવસ્થામાં આ ભાવોની ગણના ન હોય. તીર્થંકરોને ગૃહવાસથી માંડીને શુભાશુભભાવથી કર્મબંધ થાય છે અને શુદ્ધ ભાવથી નિર્જરા થાય છે.

**શં૦** એક આત્મા ઔદારિક શરીરરૂપે પુદ્ગલો પરિણમાવી શરીર બનાવી તે શરીર છોડી ચાલ્યો જાય તો ત્યારબાદ તે શરીરમાં બીજા તેવાં પુદ્ગલો આવે અગર તેમાંથી જાય ખરાં ?

**સ૦** તે શરીરમાં બીજાં પુદ્ગલો તે રૂપે આવે નહિ, બાકી તે શરીરમાંથી કાળ સ્વભાવથી પુદ્ગલો વિખરાવા પામે અને તેમાંથી સ્કંધો છુટા પડી જાય ખરા, ચેતન સિવાય નવાં પુદ્ગલો તે શરીરમાં તે રૂપે આવી શકે નહિ.

**શં૦** સમકિતીને સમકીત પામ્યાની શરૂઆતમાં મિથ્યાત્વની સીત્તેર કોડાકોડીની સ્થિતિ સત્તામાં હોઇ શકે ખરી ? સંક્રમકરણમાં જણાવી છે, તો કયા હિસાબે ગણવી ?

**સ૦** અહીં ક્ષાયોપશમીક સમ્યકત્વી લેવા. કારણ કે, એને ત્રણે પુંજ સત્તામાં હોય છે, સમ્યકત્વપ્રાપ્તિ, કરણપૂર્વક અને કરણ કર્યા સિવાય એમ બે પ્રકારે થાય છે, તે હકીકત ઉપશમના કરણમાં કહી છે, કરણ કરીને જે સમ્યકત્વ પામે છે, તે તો અંતઃ કોડાકોડીની સત્તા લઇને જ ઉપર જાય છે, કરણ કર્યા વિના જે પામે છે, તે ઉત્કૃષ્ટ સ્થિતિ (સીતેર કોડાકોડી) ની સત્તા લઇ ચોથે ગુણઠાણે જાય છે, અને અંતર્મુહૂર્ત ન્યુન ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્રમાવે છે, ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરીને અંતમુહૂર્ત સુધી પહેલે ગુણઠાણે રહીને જ સમ્યકત્વ પ્રાપ્ત કરે છે, માટે અંતર્મુહુર્ત ન્યુન ઉત્કૃષ્ટ સ્થિતિનો સંક્રમ થાય એમ કહ્યું છે. ચોથા ગુણસ્થાનકે ગયા પછી અંતર્મુહુર્ત પર્યંત જ ઉત્કૃષ્ટ સ્થિતિની સત્તા રહે છે, તેટલા કાળમાં વિશુદ્ધિના બળથી અંતઃકોડાકોડીની ઉપરાંત સ્થિતિનો નાશ કરે છે, એટલે અંતઃમુહુર્ત બાદ અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિની સત્તા હોતી નથી.

**શં૦** સુખ-દુઃખ બંન્ને આત્માના ગુણ છે કે સુખ-દુઃખથી પર આત્મા છે ?

**સ૦** સુખ એ આત્માનો ગુણ છે.

**શં૦** યોગથી જ્ઞાનમાં વૃધ્ધી થાય છે અગર અતીન્દ્રીય જ્ઞાન થાય છે ? તો તે અતીન્દ્રીયજ્ઞાન કયા પ્રકારનું ગણવું ? હીપ્નોટીઝમ એ કયા પ્રકારનું હશે ?

**સ૦** યોગથી અતીન્દ્રીયજ્ઞાન થાય છે તે ત્રીજા જ્ઞાનના પ્રકારો સમજવા હીપ્નોટીઝમ એ જ્ઞાનનો પ્રકાર નથી પણ યોગનો પ્રકાર હશે !

**શં૦** હાલમાં અવધિજ્ઞાનનો વિચ્છેદ નથી તો કોઇને થઇ શકે ખરૂ ? જો થતું હોય તો હાલમાં કેમ કોઇને થતું નથી ?

**સ૦**અવધિજ્ઞાન થઇ શકે. હાલમાં તથાપ્રકારની શુદ્ધિનો અભાવ હોવાથી થતું નથી.

**શં૦** ઇન્દ્રજાળ આદિથી થતું જ્ઞાન કયું જ્ઞાન ગણાય ?

**સ૦** ભ્રમાત્મક મતી શ્રુતના પ્રકાર જાણવા.

**શં૦** પાંચ અનુત્તર વિમાનનું ક્ષેત્ર કેટલું ?

**સ૦**અસંખ્યાતા યોજનનું જાણવું.

**શં૦** કેવળજ્ઞાની ગૃહસ્થલીંગમાં કેટલો કાળ ઉત્કૃષ્ટથી રહે ?

**સ૦** કેવળજ્ઞાની ગૃહસ્થલીંગમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય કેટલો કાળ રહે એવો ઉલ્લેખ શાસ્ત્રમાં જોવામાં આવતો નથી. કેવળી, ગૃહસ્થલીંગમાં રહીને વિશેષ ફાયદો જેટલા કાળને માટે જોઈ શકે તેટલો કાળ રહી શકે આવું અનુમાન થઇ શકે છે.

**શં૦** બુદ્ધિ અરૂપી ગણાય ?

**સ૦** બુદ્ધિ એ જ્ઞાનનું નામ છે અને જ્ઞાન અરૂપી હોવાથી બુદ્ધિ પણ અરૂપી છે

# બાળકના વિકાસની અવસ્થાઓ........શ્રી લીલચંદ ચુનીલાલ શાહ

નાના બાળકનું ઝીણવટથી અવલોકન કરીશું તો પહેલીવાર સ્વાભાવિક રીતે એ ધ્યાનમાં આવે છે, કે વયની સાથે બાળકમાં શારીરિક તેમજ માનસિક ફેરફાર થતો હોય છે. બાળક જન્મે છે ત્યારથી એ મોટું થાય છે ત્યાંસુધી સામાન્ય રીતે એના વિકાસની ચાર અવસ્થાઓ દેખાઇ આવે છે.

(૧) શૈશવકાળ-જન્મથી પાંચ વર્ષ સુધી.

(૨) બાલ્યાવસ્થા-પાંચથી તેર વર્ષ સુધી.

(૩) કૌમાર્યાવસ્થા-તેરથી અઢાર વર્ષ સુધી.

(૪) યુવાવસ્થા-અઢાર વર્ષથી ઉપર.

જન્મ પછી થોડો સમય બાળકને સૂઇ રહેવાનું હોય છે, માટે તે વખતે તેના પગનો વિકાસ થતો નથી, પણ એ સમય દરમિયાન એને મા ઉપર આધાર રાખવાનો હોય છે. ધીરેધીરે જેમ એ પગનો ઉપયોગ કરતું જાય છે તેમ તેમ પગ લાંબા અને સીધા થતા જાય છે, અને હાડકાં પણ કઠણ થતાં જાય છે. આ રીતે અવયવોના વિકાસ સાથે શરીરની અંદરના તત્ત્વોમાં પણ ફેરફાર થાય છે.

જન્મ સમયે બાળકની ઉંચાઇ ૧૮ થી ૨૦ ઇંચની હોય છે. અને વજન ૬ થી ૮ પાઉંડ હોય છે. છ મહિને વજન ૧૪થી ૧૬ પાઉંડ તથા ઉંચાઇ ૨૩ થી ૨૫ ઇંચની થાય છે. પહેલે વર્ષે બાળક ત્રણ ગણું વધે છે. આગળ એકથી છ વર્ષના કાળ દરમિયાન બાળકનું વજન લગભગ બે ગણું વધે છે. ઉંચાઇ લગભગ ૧૬ થી ૧૭ ઇંચ વધે છે.

છ વર્ષે બાળકનો વિકાસ ખૂબ ઝડપી જણાઇ આવે છે. છથી બાર વર્ષના ગાળા દરમિયાન વિકાસનું પ્રમાણ કંઇક ઓછું થઇ જાય છે, પછી બાર-તેર વર્ષે તેના વિકાસની ગતિ ખૂબ ઝડપી હોય છે. તેમાં એની પ્રથમ ઉંચાઈ વધે છે, પછી શરીર ભરાય છે. આ સમયે શરીર સહેજ અશક્ત હોય છે અને ખાસ રોગનો સામનો કરવાની શકિત ઓછી હોવાથી આ સમયમાં માંદા પડવાનો ખૂબ સંભવ હોય છે. બાલ્યાવસ્થામાંથી કૌમાર્યાવસ્થામાં જવાનો કાળ છોકરાઓ કરતાં છોકરીઓમાં સહેજ જલ્દી આવે છે. બાલ્યાવસ્થામાંથી કૌમાર્યાવસ્થામાં જવાને સમયે છોકરાઓ તેમજ છોકરીઓનાં મન ખૂબજ નાજુક હોય છે. આથી આ વયનાં બાળકોની શારીરિક તેમજ માનસિક અવસ્થાનો ફરક ખ્યાલમાં લઇને શિક્ષક તેમજ માબાપોએ તેમની વધુ કાળજી લેવી જોઇએ.

છટ્ઠે વર્ષે બાળકનું મગજ આકારમાં તથા વજનમાં લગભગ મોટા માણસના જેટલું જ હોય છે. આ રીતે શરીર તેમજ મનનો જે કાળ દરમિયાન ખૂબ જ ઝડપી વિકાસ થતો હોય ત્યારે બન્નેને ખૂબ નાજુક આઘાત લાગે તો પણ તેમના મજ્જાતંતુ તે સહન કરી શકતા નથી અને કદાચ એની અસર બાળકને કાયમની રહી જાય છે. તેથી આપણે મોટાઓએ બાળકને આઘાત ન લાગે અથવા ક્ષોભ ન થાય એની ખાસ કાળજી લેવી જોઇએ. આજ કારણથી બાળક સાથે ખૂબ શાન્તિથી વર્તવું જોઇએ. છ વર્ષ પછી મગજનો વિકાસ અંદરને અંદર થતો હોય છે. તેનો આકાર તથા વજન ખાસ વધતાં નથી. બાર-ચૌદ વર્ષે મગજનો ઘણોખરો વિકાસ થઇ ગયેલો હોય છે.

હૃદયનો વિકાસ પણ શરૂઆતમાં ખૂબ ઝડપી હોય છે. પાંચ વર્ષ દરમિયાન એ ચાર ગણું વધે છે. આ વર્ષે એના હૃદયને નકામી ખેંચ પડે નહિ અથવા રોગોદ્વારા હૃદય અશક્ત ન થાય એની ખાસ કાળજી લેવી જોઇએ. આઠથી દસ વર્ષ સુધીમાં એમના સ્નાયુઓનો તથા ઇન્દ્રિયોનો પણ ખૂબ ઝડપી વિકાસ થતો હોય છે. એટલે એ વય દરમિયાન બાળકને ખૂબ જોર-શ્રમ પડે એવા વ્યાયામ ન કરાવવો. આ વયમાં બાળકો જે રીતે બેસે, દોડે, ચાલે, ઉભા રહે, અથવા સૂઇ રહે તેની અસર હાડકાના આકાર ઉપર કાયમની રહે છે; કારણ આ કાળ દરમિયાન એમના હાડકાં ખૂબ નરમ તથા નાજુક હોય છે. તેથી જ આવે વખતે ખૂબ વાંકા વળીને લાંબો સમય સુધી કામ કરવામાં આવે તો બાળકની પીઠનું કરોડરજ્જુ વાંકુ થઇ જાય છે, તેથી એના શરીરને લક્ષમાં લઇને એને કામ સોંપવું જોઇએ. જેમ એના શારીરિક તેમજ માનસિક વિકાસમાં મદદ કરવાની જરૂર છે, તેમ એના ખોરાક માટે પણ ખાસ કાળજી લેવી જોઇએ. એનો શારીરિક વિકાસ તેરથી ચૌદ

વર્ષ સુધીમાં ઝડપથી થતો હોવાથી તેને યોગ્ય પૌષ્ટિક તથા જરૂરિયાત પ્રમાણે ખોરાક આપવો.

આપણે જોઇ શકીએ છીએ, કે જે કાળ દરમિયાન શારિરીક વિકાસ ઝડપી હોય છે તે કાળ દરમિયાન માનસિક વિકાસ પણ ઝડપી હોય છે, એટલે કે બન્નેનો વિકાસ સાથે જ થતો હોય છે. આથી શરીર અને મનનો વિકાસ એકબીજા ઉપર અવલંબે છે. માત્ર માનસિક વિકાસ આપણે બાહ્ય સ્વરૂપમાં જોઈ શકતા નથી એની અંદરની શક્તિઓનો વિકાસ આપણે એની હિલચાલ તથા વર્તણુંકદ્વારા જાણી શકીયે છીએ. બાળકના જન્મથી જ એનો મનોવ્યાપાર શરૂ થઇ જાય છે. હિલચાલ તેમજ ક્રિયા દ્વારા બાળક પોતાનું શરીર ઓળખે છે, અને વસ્તુઓનો અનુભવ મેળવે છે. એટલે કે હીલચાલદ્વારા બાળકના મનનો વિકાસ થતો હોય છે, એટલેજ એને છૂટથી હિલચાલ કરવાનો અવકાશ આપવો જોઇએ.

ત્રીજા, ચોથા અને પાંચમા વર્ષમાં બાળક પ્રશ્નો પૂછીને મોટાઓને હેરાન કરી મૂકે છે. તો દરેક માતપિતા તેમજ શિક્ષકની ફરજ છે, કે તેની દરેક જિજ્ઞાસા પૂર્ણ કરવી જોઇએ. એના પ્રશ્નોના યોગ્ય ઉત્તરો આપવા જોઇએ. આ સમયે બાળકની સ્મરણશક્તિ તેમજ ગ્રહણશક્તિ ખૂબ જ તીવ્ર હોય છે. આ કાળ દરમિયાન એને સમજાવેલું જલ્દીથી ગ્રહણ કરી શકે છે. અને એને ખૂબ સરસરીતે યાદ રહી જાય છે. બાળકનો સ્વભાવ અનુકરણશીલ હોય છે. એના આજુબાજુના વાતાવરણમાં જે મોટી વ્યક્તિઓ, અને એમાંય એની પ્રિય વ્યક્તિઓનું અનુકરણ બાળક કરે છે, એટલે જ મોટાઓએ પોતાનું વર્તન બાળકોને યોગ્ય રાખવું જોઇએ. કોઈવાર બાળક તેના બાપુજીનાં બૂટ, ચશ્મા વગેરે પહેરી નકલ કરે છે. એનો અર્થ એ નથી કે બાળક ચાળા પાડે છે, એ એનો નિર્દોષ આનંદ હોય છે. એવા વખતે મોટાઓએ કદી ગુસ્સે થવું જોઈએ નહિ. પણ શાંત ચિત્તે એને કેળવવું જોઇએ.

એ વર્ષ પછી બાળકના મનમાં વિચારનું ગહનકાર્ય શરૂ થાય છે, અને છ–સાત વર્ષની વયમાં તેના વિચારોને નિશ્ચિત વલણ મળે છે. કોઇપણ પ્રશ્ન તરફ વળવા માટે પોતાનો સ્વતંત્ર માર્ગ તે નક્કી કરી શકે છે. એને ગમવું ન ગમવું પણ શરૂ થઇ જાય છે, માટે જ બાળકોને પોતાનો માર્ગ નક્કી કરવાની તેમજ પસંદગીની છૂટ આપવી જોઇએ. નહિ તો બાળક કદાચ કાયમનું જિદ્દી થઈ જાય. પ્રેમ ગુસ્સો, સ્પર્ધા, દ્વેષ વગેરે ભાવનાનો પણ વિકાસ આ કાળ દરમિયાન થાય છે. વળી પોતાપણાનું ભાન પણ એ વર્ષમાં થાય છે. તેથી દરેક બાબતમાં પોતાનો હક્ક સ્થાપવાનો પ્રયત્ન કરે છે. એને માટે નજીવી બાબતમાં પણ ઝગડો કરી નાંખે છે. પાંચમે વર્ષે એની ભાવનાઓ સહેજ સ્થિર થાય છે, અને બીજાઓની જોડે વર્તતી વખતે વધુ શાંત થઇ શકે છે. બીજા વર્ષમાં રાત્રે ગભરાઇને જાગી ઉઠવું વગેરે મનોવિકૃતિઓ શરૂ થાય છે, તેથી ખૂબ શાંતિથી તથા સમજપૂર્વક તેની સાથે વર્તવાથી તે મનોવિકૃતિઓ દૂર થઇ શકે છે. કેટલીક વાર ઉંઘતા બાળકને તેના મા–બાપ બાળકનો પગ ખેંચીને, ધમકાવીને, બરાડા પાડીને જગાડે છે એ જરાય ઈચ્છવા જોગ નથી. પગની નસોને મગજ સાથે સીધો સંબંધ હોય છે, એટલે ઓચિંતુ બાળક ઝબકે છે. આવી મોટેરાંની વર્તણુંકથી બાળકના મગજનો ઘણોખરો વિકાસ અટકી જાય છે. બાળકને ધીમેથી માથે કપાળે–ખભે હાથ ફેરવી પ્રેમાળ મૃદુ શબ્દોથી હંમેશાં જાગૃત કરવું જોઇએ આ સમય દરમિયાન ખાવા–પીવાની ઉંઘવાની તથા કુદરતી હાજતો માટેની યોગ્ય ટેવો પાડવી જોઈએ.

શરૂઆતમાં બાળક એકલું એકલું રમતું હોય છે, એને બીજાની કનડગત ગમતી નથી, તેમ છતાં તેને આજુબાજુ વસ્તી જોઈએ છે. બેથી ત્રણ વર્ષ સુધી એને બીજાં નાનાં બળકો માટે ખાસ પ્રેમની લાગણી હોતી નથી, પછી ધીરેધીરે એ નાનાં બળકોમાં રસ લેતું થાય છે. એ બીજા જોડે ભળવા લાગે છે, તેમ છતાં અમૂક વ્યક્તિ સાથેજ ભળે છે, બાર–તેર વર્ષે સંઘપ્રવૃત્તિ જાગૃત થાય છે, ત્યારે તે ધીરેધીરે છૂટથી બધા સાથે ભળે છે. ત્યાર પછી તે માબાપથી પણ સ્વતંત્ર થઇ શકે છે. બાળક મોટું થતાં ઉપયોગી થઇ પડતી આપવા–લેવાની ભાવના તેનામાં શરૂ થાય છે.

કુમારાવસ્થા એ જીવનનો ખૂબજ નાજુક કાળ છે બાલ્યાવસ્થાની આખરે બાળકને પોતે કંઇક નવીન જગતમાં આવી પડયો હોય તેમ લાગે છે. એનું

# પ ગા ર વ ધા રો.

## શ્રી પ્રબોધ જોશી. ( બી. એસ. સી. )

પગાર વધે અને પદવી પણ વધે આવી સોનેરી તક જીવનમાં પ્રાપ્ત થાય તો તે કોને ન ગમે? પણ કિરીટને બન્ને વધ્યાં છતાં આનંદ ઉડી ગયો, તેમાં રહેલી માનવસ્વભાવની વિચિત્રતા અહિં રજૂ થઇ છે.

"કિરીટભાઇ! તમારો પગાર કેટલો?"

"કેમ, ત્રણસો રૂપિયા."

"હં અને તમારી પોસ્ટઇ?"

"હું ઓપેરા હાઉસ પોસ્ટ ઓફિસથી મનીઓર્ડરો કરું છું."

'ના, ના, પોસ્ટ એટલે પોસ્ટ ઓફિસ નથી પૂછતો. હું તો એમ પૂછું, કે તમારી ઓફિસમાં તમે કયા હોદ્દા ઉપર છો?"

"આસિસ્ટંટ સેક્રેટરીના."

"કેટલાં વર્ષથી નોકરી કરો છો?"

"પાંચ વર્ષથી"

"સ્ટાર્ટ કેટલો મળેલો?"

"અઢીસો."

"ઘણું જ ખરાબ! તમારે તમારા બોસ યાને શેઠને કહીને પગાર વધરાવવો જોઇએ અને તમને ઊંચી જગ્યા પણ મળવી જોઇએ."

જયંત મને આ વાત કરતો હતો ત્યાં જ ઘરમાંથી અવાજ આવ્યો. "હા, વળી, લ્યો સાંભળો! તમારા શેઠને કહેતા હો તો!"

પાડોશી તો ચાવી ચડાવીને જતા રહ્યા, મારી નહિ, પણ ઘરવાળો આગળ દુનિયાના લોકો આમ જ લાંબી યોજનાઓ કરે છે. મારા એક ઉંઘણશી મિત્રને એક વાર મળવા આવ્યો હતો. પૈસાદર, તેમણે મને કહ્યું "આ એલાર્મ ઘણું સરસ છે!"

મેં તેનો અવાજ સાંભળી કહ્યુ "આટલું ધીમું વાગતું એલાર્મ તમને જગાડે?"

" ના રે, આ એલાર્મ સાંભળી મારો પોપટ જાગી જાય છે અને 'સીતારામ' બોલવા માંડે છે."

"ઓહ. તો તમે તે પોપટનો અવાજ સાંભળી જાગો છો!"

"ના, તે પોપટના અવાજથી મારો કુકડો જાગી જાય છે, અને કુકડે કૂક કરે છે."

"અને તે કુકડો આપને જગાડે છે એમ જને?"

"નારે, ભાઇ ના. તે કુકડાનો અવાજ સાંભળી મારો કૂતરો જાગે છે, અને તે કૂતરો બસાબસ કરે છે તે સાંભળી હું. જાગું છું"

આમ તે પાડોશી ગયા એટલે તેણે તો કકળાટ કરી મૂકયો. "ના બસ તમે શેઠને પગાર વધારવાનું કહો, નહિ તો આ ચાલી મારે પિયેર!" મેં કહ્યું: "ગાંડી છેને! સમજતી કેમ નથી? આપણો ખર્ચ અઢીસોનો છે. લહેરથી રહીએ છીએ. મહિને પચાસ બચાવીએ છીએ, કોરાં-મોરાં બે માણુસ છીએ. આપણે કોને માટે પૈસા મૂકી જવા છે?"

પણ માને એ બૈરાં નહિ. ખાસ કરીને પતિનું માને એ તો નહિ જ. ભાઇ, અમારાં ઘરમાંથી તો હદ કરી નાંખી. હઠ માંડી, રોવા માંડયું, કુટવા માંડયું, માથાં પછાડવા માંડયાં, રોકકળ કરી મૂકી. એણે એ રાત્રે ખાધુ નહિ, અને એણે રાંધ્યુ નહોતું એટલે મેં પણ ખાધું નહિ! પણ મને પાછળથી ખબર પડેલી કે હું બહાર છાનોમનો હોટલમાં ખાવા ગયો ત્યારે સવારનુ વધેલું છાનુંમાનું ખાઈ લીધું હતું! લોકો કહે છે, કે સ્ત્રીની જાતને સમજવી મુશ્કેલ છે. **મને લાગે છે, સ્ત્રીની જાતને સમજાવવી તેનાથીએ મુશ્કેલ** છે. ખેર! પુરુષ રાજા હોય કે દાદો હોય કે સિંહ જેવો હોય પણ પત્ની આગળ તેનું કશું ચાલતું

---

શરીર તથા મન બીલકુલ કાબુમાં રહેતું નથી. આ વયમાં બાળક કંઇક શરમાળ, ક્ષોભનશીલ, ભાવનાશાલી કલ્પનામય, વિહ્વળ, પરતંત્ર લાગે છે, ખૂબ વધારે પડતી માનસિક અસ્થિરતા તેનામાં હોય છે; એની આવી સ્થિતિને ધ્યાનમાં લઇને બાળકની સાથે ખૂબજ કાળજીપૂર્વક તથા સમજપૂર્વક વર્તવાની જરૂર છે. કૌમાર્યાવસ્થાની આખરે બાળકમાં માનસિક સ્થિરતા આવે છે અને ધીરેધીરે બાળક જગતમાં પોતાની જાતને પરિસ્થિતિ અનુસાર સમાવવાનો પ્રયત્ન કરે છે.

નથી. ખાસ કરીને મારું તો કંઈજ નથી ચાલતું. અમારાં લગ્નજીવનનો ઈતિહાસ કોઈ લખશે તો લખશે કે: "આ પતિ–પત્ની એકજ વખતે એક મત ઉપર આવ્યા હતા અને તે જ્યારે તેમના મકાનને આગ લાગી ત્યારે એકજ બારણેથી બહાર ભાગવામાં.

બીજે દિવસે ઓફિસમાં મેં શેઠને વાત કરી.

"શેઠ, મારું પૂરુ નથી થતું."

"શું તમારું કામ હજુ પૂરુ નથી થતું ? ઘણુંજ ખરાબ કહેવાય."

"ના, ના, શેઠ! કામની વાત નથી કરતો. હું તો કહું છું, કે ત્રણુસો રૂપિયામાં મારું પૂરું નથી થતું અને હવે મને ઊંચો હોદ્દો...

તમારા માન્યામાં ન આવે અને માત્ર હિંદુસ્તાની ફિલ્મોના હીરો માટેજ શક્ય એવી હકીકત બની. મારો પગાર ૫.ચસે. રૂપિયા થયો અને મને મેનેજર બનાવવામાં આવ્યો.

આવી વાત કોઇને કહીએ નહિ ત્યાં સુધી ખાવાનું ભાવે નહિ અને પચે નહિ, હું તે સાંજે જે પાડોશીને ગાળો દેતો હતો, ધિક્કારતો હતો તેવાને ત્યાં ખાસ ગયો.

"કેમ, કિરીટભાઈ! ઘણા વખતે પાવન કરી આ જગા!"

"ના, ના, કંઇ ખાસ નહિ, પણ સાલું ખરૂં થયું!"

"શું થયું ?"

"કંઇ ખાસ નથી. હા, બાકી પગાર..."

'હા, હા, શું થયું ? શી વાત છે પગારની ?'

'કંઈ ખાસ નથી એ તો મારો પગાર...'

"હા, હા, તમારો પગાર ભરાઇ ગયો કે ?"

"ના, ના, જવા દો એ વાત. ખાસ કંઈ નથી, પણ મારો પગાર પાંચસો થયો."

ટુંકમાં વગર પૂછે, લોકો તે સાંભળી સારું થયું, અમે રાજી થયાં" મ્હોં ઉપર કહેતાં અને પાછળથી "કોણ જાણે કયાંથી આ ગાંડિયાનો પાંચસો પગાર થયો ? ભાઇ, આટલો પગાર કાયમ નહિ રહે" એવું કહેતાં તે વાતનો પ્રચાર મેં ગોબેલ્સને આંટી નાંખે તે રીતે કર્યો, બાકી રહ્યાં મારા શ્રીમતી. હું તો માળામાં જ પ્રચાર કરી વળ્યો હતો, પણ તેણે તો આઠે દિશામાં આવેલા પાડોશી બિલ્ડીંગોમાં જયજયકાર બોલાવી દીધો હતો, એ રાત્રે મારી પત્ની બાર વાગ્યા સુધી ઉંઘી નહિ, પાડોશીઓને ત્યાં તેના વરનાં વખાણ કરતાં થાકી નહિ. ભૂલ્યો, વરના શેઠનાં વખાણ કરતાં થાકી નહિ, અને હકીકતમાં પાડોશીઓ એક વાગ્યા સુધી મારા શેઠની, મારી અને શ્રીમતીની કાપતાં કાપતાં જાગતા રહ્યા.

જેને અંગ્રેજીમાં 'ટ્રેજેડી' અને આપણે ત્યાં 'કમનશીબી' કહે છે. તેણે તે રાત્રે પાંચ વાગે મારા શ્રીમતીએ દૂધવાળા ભૈયા માટે બારણું ખોલ્યું, ત્યારે મારા ઘરમાં છાનોમાનો પ્રવેશ કર્યો.

સવાર પડી, છ વાગ્યાનો સુમાર હતો. હું મારા ત્રણ રૂમની બહારની બાજુની લોબીમાં ઉભો ઉભો દાતણ કરતો હતો, બાવળનું દાતણ એટલામાં સામેના ફ્લેટવાળા રમણલાલે મને જોયો, અને બૂમ મારી; "એય મિસ્ટર! શું કરો છો આ ?"

"કેમ દાતણ કરૂં છું!"

"હવે એ તો અમેયે જોઇએ છીએ, શરમ નથી આવતી બાવળનું દાતણ કરતા ?"

"લ્યો કરો વાત! દાતણ કરવામાં યે શરમ આવે!"

"હારતો, હવે તમે તો મેનેજર થયા, અને ખાસ્સા પાંચસોના પગારદાર છો, 'ટૂથ પેસ્ટ વાપરો ટૂથ પેસ્ટ' એટલામાં મારી પત્ની બહાર આવીને બોલી:

"શું છે રમણભાઈ ?"

"અરે, આ મેનેજર સાહેબ દાતણ કરે તે તમારે શરમાવા જેવી વાત છે! ટૂથ પેસ્ટ વાપરો. મહિનામાં ચાર ટૂથ પેસ્ટ જશે. ખરાબ બ્રશ આવે છે, એટલે બે જણનાં બે બ્રશ જશે, બધું મળીને દસ રૂપિયાનું ખર્ચ! શું ભલા માણસ! શું આટલો પગાર વધ્યો અને દસ નહિ ખરચી શકો ?"

રમણલાલનાં પત્નીએ એટલામાં બૂમ પાડી; "હવે બહાર ઉભા ઉભા લેક્ચરો પછી ઠોકજો. ચા મૂકો, મારે મોડું થાય છે!"

રમણલાલ ગયા પછી મારી પત્નીએ કહ્યું:

"ના, બસ, આજેજ ટૂથ પેસ્ટ અને ટૂથ બ્રશ જોઇએ."

"હા પાડ્યા સિવાય મારે હવે બીજું કામેય શું કરવાનું હતું.

તેણે મૂકેલી ચા અમે બંન્ને પીતાં હતાં, એટલામાં બાજુની રૂમવાળા ગુણુવંતભાઈ આવ્યા.

"કઇ ચા વાપરો છો ?"

"ભૂકી, દોઢ રૂપિયાવાળી."

"અરેરે, શરમાઇ મરો ! પાંચસો રૂપિયાના પગારદાર થઇને આવી ચા પીતાં શરમાતા નથી ! જાઓ ઇંગ્લીશ ચાના ડબ્બા લાવો, સાત રૂપિયાનો ડબ્બો આવે છે, દસ દહાડા ચાલશે !"

મેં કહ્યું; "પણુ ગુણુવંતભાઇ, આમ તો અમારે સાડા ચાર રૂપિયામાં પતે છે."

"મને શરમ આવે છે આ જોઇને, આ સોળ રૂપિયાનું મહિને ખર્ચ વધારે કરશો એમાં મરી નહિ જાઓ, બસો પગાર વધ્યો છે, મશ્કરી નથી થઇ !" એટલામાં ગુણુવંતલાલનાં પત્નીએ આવીને કહ્યું; "તમે પાછા અહીં આવ્યા. જાઓ, બેબી રડે છે, જરા રમાડો, હું આવું છું !" ગુણુવંતલાલે વિદાય લીધી અને તરત જ તેમના શ્રીમતીએ ચલાવ્યું.

"કિરીટભાઇ ! હવે તમે બાર આનાવાળી કપરકાબી વાપરો ન ચાલે. ટી સેટ લાવો. એમના શેઠે લીધો તે ૨૮ નો આવ્યો."

"હા, પણુ તમે તો જાણો છો ને કે અઠવાડિયામાં એક જોડી તો અમારાં આ તોડે જ છે."

"તોયે શું ? મહિને પા ડઝન તૂટશેને, મારા ભાઇ ! સાત રૂપિયા માટે મરી પડો છો. પગાર તો બસો વધ્યો છે, અને હા, ચા જોડે નાસ્તો કરવાનો રાખો. બિસ્કીટ લાવી રાખો. જુવાનીમાં મોજશોખ નહિ કરો તો ક્યારે કરશો ?"

તેઓ પણુ ગયા અને મારી પત્નીએ નવો હુકમ કર્યો. હકીકતમાં ગુણુવંતનું કુટુંબ મને દર મહિને ૧૬ રૂપિયા ચાના, ૭ રૂપિયા પ્યાલા-રકાબીના અને ૧૬ રૂપિયા બિસ્કીટના વધારે ખર્ચવા પ્રેરી ગયું !

આમ અત્યાર સુધીમાં ૪૯ નો ખર્ચ નવો થયો હતો. ચા પી રહીને થોડીક વાર પછી સામેની બાજુની પહેલી રૂમમાં રહેતા ભરતભાઇને ત્યાં છાપું વાંચવા ગયો, પણુ ભરતભાઇએ તો આજે કમાલ કરી: 'જુઓ કિરીટભાઇ, હવે તમને છાપું નહિ આપું. મેનેજર થયા છો. બે છાપાં બાંધો, એક અંગ્રેજી, એક ગુજરાતી, મારા ભાઇ, મહિને ૧૨ રૂપિયાનું બીલ આવશે. તમારો પગાર તો બસો વધ્યો છે !"

"થયું હવે ? થોડી વાર પછી નાવા બેઠો હતો ત્યાં જ સામેની બીજી રૂમવાળા કરણુભાઈ આવ્યા. "અરે કંજુસ માણુસ ! કહું છું, તમને શરમ નથી આવતી, ધોવાના સાબુથી નહાતાં."

"હેં !"

"હેં હેં, શું કરો છો ? બસો પગાર વધ્યો છે, હવે નાવાના સાબુ જુદા લાવો અને ધોવાના લાટા સારા લાવો ! અને રોજ કપડાં સાબુથી ધોવાનાં રાખો. સમજ્યા !"

હું ના સમજ્યો પણુ મારાં શ્રીમતી તુરત સમજી ગયાં. અઠવાડિયે બે નહાવાના સાબુ દિવસમાં દસ વાર મોઢું ધોવાથી પૂરા થવાના અને ધોવામાં તો મારા પાયજામો અને ગંજીફરાક જ. મેં હિસાબ માંડ્યો તો પાવડર અને લીપસ્ટીક મળીને મહિને ૩૫ બીજા વધ્યા !

નાહીને ભીના માથે અરીસા સામે ઊભો ઉભો માથું ઓળતો હતો ત્યાં તો પત્નીએ કહ્યું: "જુઓ, હવે આ દેશી કોપરેલ હું કે તમે નહિ વાપરીએ. ડાયરીમાં લખી લો, ઇંગ્લીશ હેરઓઈલ જોઇશે. ગુણુવંતભાઇના શેઠ લાવે છે તે લાવજો. મહિને ૫ દરનું જ ખર્ચ થશે અને આપણો પગાર તો..."

"બસો વધ્યો છે. સમજ્યો બાપલા સમજ્યો !" ૧૧૧ નો સરવાળો થઇ ગયો હતો ! હજુ તો સાડા આઠ થયા હતા. આખા દિવસમાં શુંનું શુંયે થશે ? હું ઓફિસે જવા ટ્રામમાં બેઠો ત્યાં સુધીમાં વધેલો ખર્ચ કહી દઉં. અમારે ૨૦ રૂપિયાનો ઘરઘાટી રાખવો, એનો પગાર જ વીસ રૂપિયા, તેનાં રેશન, કપડાં અને પાનપટી થઇને બીજા પચાસનો ખર્ચ થાય છે, તેની મને ખબર છે એટલે કુલ ૭૦ ઉમેરવાના ! સવારે નવ વાગે દૂધ પીવાનો અમે બંન્નેયે નિર્ણય કર્યો. એના પંદર તો ખરા જ ને ? મેનેજરના પત્ની બપોરે બાવી જેવી કે સાધુડી જેવી બેસી રહે એ કેમ શોભે ? એટલે રેડિયોગ્રામ લેવું-દર મહિને ૫ નવી રેકર્ડો લાવવી, વીજળીના મીટરના પૈસા વધારે ભરવા-ટૂંકમાં મહિને

૨૦ બીજા ! એક ધોબી બાંધવો, દસ બીજા. ટ્રામમાં ઉપર બેસી મેં કાગળ કાઢયો તો નવા ખર્ચનો કુલ સરવાળો ૨૨૬ થઇ ગયો હતો ૨૦૦ પગાર વધ્યો હતો તે અને ૫૦ બચતા હતા તે મળી ૨૫૦ થયા એટલે હવે ૨૪ રૂપિયા બચે તેમ હતું. હું વિચાર કરતો હતો ત્યાં બૂમ સંભળાઈ.

"અય કિરીટ, નીચે ઉતર !"

"કેમ કુમુદ ! શું છે ?"

"નીચે ઉતર કહું છું" નીચે ઉતર્યો. "શરમ નથી આવતી ટ્રામમાં જતાં ! ચાલ બસમાં."

"બસમાં ! બસમાં ત્રણ આના લે છે."

"હા તે તેમાં શું મરી જવાનો હતો ? બે આના જતાંના ને બે આના આવતાંના, મહિને સાત-સાડાસાતનું મોતજ છે ને ! બસો વધ્યા છે તે શે બચાવવા હશે." લ્યો સાહેબ, ૭ બીજા વધ્યા. હવે ૧૭ રહ્યા !

ઓફિસમાં પહોંચ્યો. લંચ ટાઇમ લગી ઠીક ચાલ્યું. લંચ વખતે એક આનાની ભટની ચા મંગાવતો હતો ત્યાં બે ક્લાર્કોએ આવીને કહ્યું: "જોશી સાહેબ ! હવે તમારાથી એક આનાવાળી ચાલુ અને સાદી ચા ન પીવાય, ચાલો કોરી હાઉસમાં." રોજ મારી જોડે બે કલાર્ક તો ખરાજ. મેનેજર હું એટલે બીલ હું આપું. એટલે ૧૨ આનાની કોરી અને એક આનો ટીપનો. રોજના તેર આનાનો ખર્ચ વધ્યો. ૨૦ વધ્યા. ત્રણનું દેવું થવાનું !

બપોરે એકાઉન્ટન્ટ જે પારસી હતા તેમણે મને બોલાવી કહ્યું: "જો દીકરા. હવે તું આવાં કપરાં ના પ્હેરતો. હું લાજી મરસ. જો તારે મહિને દા'રે ચાલીસ રૂપિયાનાં સોજ્જા કપરાં સીવરાવવાં, નહિ તો મેનેજરની તારી પોઝીસનમાં પંચર પરસે જો." કબૂલ તો કર્યું પણ પછી શ્રીમતીની બે સાડીઓ પણ થઇ જ જવાની. ટૂંકમાં ૬૫ બીજા !

પરસેવાથી રેબઝેબ ઘેર પહોંચ્યો ત્યાં શ્રીમતી તૈયાર જ બેઠાં હતાં. "જુઓ જલદી કપડાં બદલી મ્હોં ધોઇ લો. આજથી રોજ આપણે ચોપાટી ફરવા જઇ ત્યાં પૂરી-પકોડી કે ભેળપૂરી ખાવાનું નક્કી કર્યું છે !" મેં ગુસ્સે થઇને ના પાડી તો રડવા માંડી અને કહ્યું; "હું વળી મેનેજરની બૈરી કયાં બની ?"

જાણે આસિ. સેક્રેટરી નામના માણસ જોડે છૂટા-છેડા લઇને મેનેજર જોડે નાતરે આવી હોય તેવું બોલતી હતી, એને ફરવા લઇ ગયો ત્યારેજ મને ખબર પડી કે રોજ સાંજે રૂપિયાની ચટણી બાકી રહી હતી, ઘેર આવી ખાઇ-પીને સુવાની તૈયારી કરતો હતો ત્યાં હસમુખુ મ્હોં લઇને શ્રીમતી હાથમાં દૂધના બે પ્યાલા લાવીને બોલી; "સવારની પેઠે રાત્રે પણ દૂધ પીશું, હવેથી."

હું ઉંઘી ગયો, ઉંઘ ન આવી. ગણતરી કરી તો મહિને ૫૦ બચાવનાર કિરીટ દરેક મહિને ઓછામાં ઓછા ૧૨૫ નો દેવાળિયો.

સવારે વહેલા ઊઠીને શેઠના બંગલે છાનામાના જઇને કહ્યું કે, "શેઠ ! એક બીજી વાત કહેવાની છે" શેઠ આનંદમાં હતા, તેમણે કહ્યું; "હવે શું છે ? સારૂં જાવ, બોલતા નહિ. કાલથી તમે જનરલ મેને-જર બન્ને પેઢીના."

"ના, ના, શેઠ ! મારે તો આસિ. સેક્રેટરી પણ નહિ પણ ઓર્ડીનરી કારકુન થવું છે પાછા, અને પગાર ત્રણસો કરી નાંખો."

---


## આફ્રિકાના ગ્રાહક બંધુઓને !

નીચેના કોઇ પણ સ્થળે લવાજમ રૂ. ૬-૦-૦ ભરી શકાશે.

શ્રી દામોદરદાસ આશકરણ
પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ **દારેસલામ**

શ્રી તારાચંદ ડી. શાહ
પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ **નૈરોબી**

શ્રી મેઘજી ખીમજી ગુઢકા
પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ **મોમ્બાસા**

શ્રી ખીમજીભાઇ દેવાભાઇ
પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ **કીસુમુ**

શ્રી રતિલાલ ઓતમચંદ સંઘવી
પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ **જંગબાર**




શ્રી ગવેષક.

'નિરપેક્ષ રાજ્ય' તરીકે ભારતને જાહેર કરવામાં આવ્યું છે, એટલે ભારતની સરકાર ભારતના પ્રધાન ધર્મ–હિન્દુ ધર્મને, હિન્દુ સંસ્કૃતિને સીધી કે આડકતરી રીતે પ્રોત્સાહન ન આપી શકે, ન એવું ભાવાત્મક વલણ દાખવી શકે. એવો અર્થ આજે લગભગ સાબીત થયો જોવામાં આવે છે. જયારે બીજી બાજુથી પાકીસ્તાનને 'મુસ્લીમ રાજ્ય' તરીકે જાહેર કરવામાં આવ્યું છે ને તે જ રીતે તે જાહેરાત અનુસાર ઇસ્લામી ધર્મના કાનુનો અનુસાર તે રાજ્ય ચલાવાય છે, અને એ પ્રકારની જાહેરાત વારંવાર પાક. રેડિયો, છાપાંઓ તેમજ નેતાઓની તકરારો પરથી સાંભળવા–જાણવા મળે છે અને તેમજ બની રહ્યું છે, તો પછી ભારતની સરકારે, ભારતના પ્રધાન ધર્મ પ્રત્યે અભાવાત્મક વલણ શાને દાખવવું જોઇએ? એ સમજી શકાતું નથી. શું એમ કરીને જગતની અન્ય પ્રજાઓના માનસમાં નિરપેક્ષતા અને તટસ્થતાની છાપ પાડવાની ભાવના સિદ્ધ કરી શકાશે? ગમે તેમ માનીએ પણ આ પ્રકારનું વલણ ભારતની સંસ્કૃતિ માટે ખતરા રૂપ જ ગણાય. દા. ત. 'સોમનાથ' (મંદિર)ના જીર્ણોદ્ધાર વખતે એવા આક્ષેપો (જેને માટે ગેરપ્રચાર શબ્દ જ યોગ્ય ગણાય) થયેલા કે તેમાં સરકારનો સંપૂર્ણ હાથ છે. જેનો સરકારી પ્રકાશન ખાતાએ અને સૌ. સરકારના પંતપ્રધાને રદીયો પણ આપેલો કે 'સરકારે તેમાં કશી નાણાંકીય મદદ કે કોઇ પ્રકારનો હસ્તક્ષેપ કરેલ નથી, ન કરી શકે.' આ શબ્દો શું બતાવે છે? ખરી રીતે તો ભારતની સરકારે (અલબત્ત અન્ય ધર્મ પ્રત્યે પણ આદરની ભાવનાથી જ વર્તવું જોઇએ) પણ હિન્દુધર્મ પ્રત્યે સીધું રચનાત્મક વલણ લેવું જોઈએ. તેમ કરવામાં તેમની ફરજ સિવાય કશું નથી. અને નહિંતર ભારત એનું આધ્યાત્મિક દેવાળું કાઢશે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ ન ગણાય. દેશની આધ્યાત્મિક અધોગતિના નિવારણ માટે ઘણાં પગલાં લેવાની તેમજ કોઇપણ દરજ્જાની મદદ કરવાની સરકારની ફરજ ગણાય. એ ફરજથી જો તેઓ વંચિત રહેશે તો એ 'અભાવાત્મક વલણ' રૂપી કાનુનો ભારતમાં નિષ્ફળ જશે.

**શ્રી પ્રવીણચંદ્ર ટી. મહેતા**

×

## આત્મસાધનાનો ઉત્તમ સમય—બ્રાહ્મમુહૂર્ત

કોઇ પણ કાર્ય યોગ્ય કાળે કરવાથી વિશેષ ફળદાયક થાય છે. ખેતી કે વેપાર પણ અનુકૂળ મોસમમાં કરવાથી જ સફળ બને છે, તેવી રીતે જીવનનું સર્વશ્રેષ્ઠ કાર્ય–આત્મસાધના કે જે પ્રતિદિન કરવાનું હોય છે, તે દિવસમાં કયા સમયે કરવાથી વિશેષ ફળદાયક થાય એ વિચાર આપણા પ્રાચીન આર્ય મહાપુરૂષોએ સારી રીતે કરેલો છે.

હિંદુ કે મુસલમાન, જૈન કે બૌદ્ધ, ખ્રિસ્તિ કે પારસી, હરકોઇ ધર્માનુયાયી હો, પણ આસ્તિક માત્રને આ વિચાર અતિ ઉપયોગી છે,

આત્મસાધના કહો કે પરમાત્માની ઉપાસના કહો તે એક જ છે. તેને માટે પૂર્વ મહર્ષિઓએ બ્રાહ્મમુહૂર્તને સર્વથી ઉત્તમ ગણ્યું છે. દિવસના ૩૦ મુહુર્તોમાં ઓગણત્રીસમું મુહુર્ત તે બ્રાહ્મમુહુર્ત. એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીમાં ૩૦ મુહુર્તો પૂર્ણ થાય છે. એ રીતે એક મુહુર્ત ૪૮ મિનિટનું હોય છે, અને સૂર્યોદયથી ૯૬ મિનિટ પહેલાં બ્રાહ્મ મુહૂર્ત શરૂ થાય છે અને સૂર્યોદયથી ૪૮ મિનિટ પહેલાં તે પૂર્ણ થાય છે.

અન્તર્મુખ બનવા માટે આ બ્રાહ્મમુહૂર્તનો સમય ખૂબ સહાયક છે. તે સમયનું વાતાવરણ બહુ શાંત અને પ્રસન્ન હોય છે. જગતના સર્વ ઘોંઘાટો ત્યારે શમેલા હોય છે. દુરાચારી સ્ત્રી–પુરૂષો અને પાપાત્માઓ પણ તે સમયે નિદ્રાદેવીના ખોળે ઢળી પડયા હોય છે. ચોર લોકો પણ પોતાની પાપપ્રવૃત્તિ પતાવી દઇ, તે સમયે તો શાંત થઇ ગયા હોય છે. તે સમયે ફક્ત યોગી પુરૂષો અને સાધક આત્માઓ જ જાગ્રત હોય છે. એક કવિએ કહ્યું પણ છે કે–

પહેલે પહોરે સહુ કોઇ જાગે, બીજે પહોરે ભોગી, ત્રીજે પહોરે તસ્કર જાગે, ચોથે પહોરે જોગી.

બે ઘડિનું એક મુહૂર્ત અને બે મુહૂર્તનો એક પ્રહર થાય છે. એક રાત્રિના ચાર પ્રહરનો કવિએ ઉપર મુજબ વિભાગ કર્યો છે.

આ આર્યભૂમિ ઉપર જે જે મહાપુરૂષો થઇ ગયા તે બધાય બ્રાહ્મમુહૂર્તમાં પરમબ્રહ્મની ઉપાસના કરતા હતા, અને વર્તમાનકાળમાં પણ સર્વ સાધક પુરૂષો આ સમયે પરમાત્માના ધ્યાનમાં મગ્ન હોય છે, અને તેથી સાધકને આ સમયે કોઇ અકલ્પ્ય બળ પ્રાપ્ત થાય છે. આ કારણથી શાસ્ત્રોમાં ફરમાન હોય છે કે, 'ब्राह्ममुहूर्तेउत्तिष्ठेत्' (શ્રી હેમચંદ્રાચાર્ય)

આ સમયે સર્વ પાપારંભો બંધ હોવાથી અને શુભભાવનાઓ પુરજોસમાં ચાલુ હોવાથી તેની પવિત્રતા ખૂબ વધી જાય છે. આવો ઉત્તમ સમય ઉંઘમાં વેડફી ન દેતાં યત્કિંચિત્ પણ આત્મ-સાધના માટે ઉપયોગી બનાવી દેવો એ જ સર્વ કોઇને માટે શ્રેયસ્કર છે.

**શ્રી શાંતિલાલ મ. શાહ-અમદાવાદ**

×

## સાચું સુખ સંગ્રહમાં નથી પણ દાન કરવામાં છે.

એક રાજા હતો. તેને દાન ઉપર બહુજ પ્રીતિ હતી. દાન દેવામાં તે પાછું વાળીને જોતો નહિ. Give Without A Thought. અર્થાત્ કાંઇ પણ વિચાર કર્યા વગર આપ્યે રાખો. એ સૂત્રને અનુસરનારો હતો.

હવે તે રાજાના મંત્રીને વિચાર આવ્યો, કે જો રાજા આ પ્રમાણે દાન કર્યા કરશે અને આગળ પાછળનો વિચાર નહિ કરે તો ભંડાર ખાલી થઇ જશે. માટે મ્હારે યુક્તિપૂર્વક રાજાને સમજાવવું જોઇશે. મંત્રી બુદ્ધિશાળી હતો. તેણે રાજાને સમજાવવા તેના શયનગૃહમાં સામેજ લખ્યું કે '**आपदर्थं धनं रक्षेत्**' આફત માટે ધન ભેગું કરી રાખો. રાજાએ શયનગૃહમાં પેસતાં જ એ વાકય વાંચ્યું. તે વસ્તુસ્થિતિ સમજી ગયો. તેણે મંત્રીને સમજાવવા નીચે જ બીજું વાકય લખ્યું, **भाग्यवन्तः क्व चापदः** ભાગ્યવંતને કયાંથી આફત ? મતલબ કે ભાગ્યવંતને આફત આવતી નથી. મંત્રીએ તે વાંચ્યું, તેને લાગ્યું કે રાજા હજુ સમજ્યો નથી એટલે તેણે તેની નીચે ત્રીજું વાકય લખ્યું **कदापि कुपितो दैवः** કોઇ વખત ભાગ્ય ફરી જાય ત્યારે સંગ્રહ કરી રાખેલ દ્રવ્ય કામ આવે.' આ વાકય રાજાના વાંચવામાં આવ્યું, અને તેણે વિચાર્યું કે આ મંત્રીને કયાં ખબર છે કે સાચુ સુખ સંગ્રહમાં નથી પણ દાન કરવામાં, યોગ્ય સ્થાને વિખેરવામાં છે. એટલે તેણે છેવટે નીચે લખ્યું કે, **संचितमपि विनश्यति** અર્થાત્ ધન એકઠું કરી રાખ્યું હોય પણ ભાગ્ય કરતાં તે પણ નાશ પામી જાય છે.' તો પછી દ્રવ્યનો સંચય શા માટે કરવો જોઇએ ? રાજાને પોતાના ભાગ્ય ઉપર પૂર્ણ વિશ્વાસ હતો.

ભવિષ્યમાં કામ લાગશે એમ માનીને સારા સારા કામમાં પણ દ્રવ્યનો સદુપયોગ ન કરનારે આ રાજાની વિચારસરણી અમલમાં મુકવા જેવી છે.

સાધારણ સ્થિતિના ઘણાએ માણસોની એવી માન્યતા હોય છે કે, આપણી દાન દેવા જેવી સ્થિતિ નથી, અને એવી સારી સ્થિતિ થશે ત્યારે દાન કરીશું, પણ એવી પરિસ્થિતિની રાહ જોવા કરતાં પોતાની ચાલુ સ્થિતિમાં થોડામાંથી થોડું પણ આપતા રહેવું જોઇએ.

કૃપણને ઉનાળાના વાદળની ઉપમા આપવામાં આવી છે, ઉનાળાના વાદળાં પાણીથી ભરેલાં હોય છે, પરંતુ તેમાંથી એક છાંટો પણ તેઓ વરસાવતાં નથી, ઉલટું ગરમીમાં વધારો કરે છે, તેમ કૃપણ માણસ પણ પોતાની પાસે લક્ષ્મી હોવા છતાંય તેમાંથી એક કોડી પણ વાપરી શકતો નથી, અને દ્રવ્યના સંરક્ષણની ચિંતામાં મૂંઝાયા કરે છે, ઉદાર દિલના માણસો ચોમાસાના વાદળાં જેવા ગણાય છે, ચોમાસાના વાદળાં પાણી વરસાવી દે છે, તેમ ઉદાર દિલના માણસો પણ પોતાની સંપત્તિ પરોપકારમાં ખર્ચી દે છે, માટે જ સાચું સુખ સંગ્રહમાં નથી પણ દાન કરવામાં યોગ્ય સ્થાને વાપરવામાં છે ''

**શ્રી શાંતિલાલ મનસુખલાલ દોશી**
**વાંકાનેર.**

# આ છે સુખનો માર્ગ................ શ્રી. ચીમનલાલ શાહ

દુઃખ હંમેશા કોઈપણ દિશામાં કરેલા ખોટા વિચારનું પરિણામ છે. દુઃખ બતાવી આપે છે કે, તે મનુષ્ય પોતાના જીવનના નિયમ સાથે એકતા ધરાવતો નથી, જે મનુષ્ય સદાચારી છે તેને દુઃખ નથી, જેને સુવર્ણમાંથી કચરો કાઢી નાંખ્યા પછી તેને તપાવવાની જરૂર રહેતી નથી, તે જ પ્રમાણે પુરેપુરો પવિત્ર અને જ્ઞાની મનુષ્ય દુઃખ ભોગવતો નથી.

મનુષ્ય જે દુઃખદાયક પ્રસંગો અનુભવે છે, તે પોતાનાં મનના અજ્ઞાનપણાથી ભોગવે છે. કોઇપણ મનુષ્ય દુઃખી છતાં દ્રવ્યવાન હોય, તેમજ તે સુખી છતાં ગરીબ હોય, જ્યારે દ્રવ્ય ખરા માર્ગે અને ડહાપણથી વાપરવામાં આવે ત્યારે જ સુખ અને સંપત્તિ ઉભય સાથે જોડાયેલાં હોય છે અને જ્યારે ગરીબ મનુષ્ય પોતાનાં ભાગ્યને અન્યાયથી નાખેલાં બોજારૂપ ગણે છે, ત્યારે તે અધમાવસ્થામાં આવી પડે છે. દરિદ્રતા અને આસક્તિ એ બે દુઃખી હાલતની હદ છે. તેઓ ઉભય સરખાં જ અસ્વાભાવિક અને મનની ગેરવ્યવસ્થાનાં જ કારણરૂપ છે. મનુષ્ય જ્યાં સુધી આરોગ્યવાન અને આબાદ નહિ હોય ત્યાં સુધી તે સારી સ્થિતિમાં છે એમ તો કહેવાય જ નહિ.

જ્યારે અંતરની સ્થિતિ બહારની પરિસ્થિતિ સાથે એટલે મનુષ્યના બહારના સંજોગો સાથે એકબીજાને અનુકૂળ રહી ગોઠવાય ત્યારે તેમાંથી સુખ, આરોગ્ય અને આબાદી પેદા થાય છે.

વ્યવસ્થા વિશ્વમાં સર્વોપરી નિયમ છે. ત્યાગી જીવન આત્માનું જીવનતત્વ છે, અને સદાચાર દુનિયાના આધ્યાત્મિક રાજ્યમાં ઉત્પાદક અને ઉત્તેજક શક્તિ છે. આમ હોવાનાં કારણો મનુષ્યને આખી સૃષ્ટિ સત્ય માર્ગે ચાલતી જોવી હોય તો માત્ર તેણે પોતે જ ખરે માર્ગે ચાલવું જોઇએ.

આ સત્યની સાબિતી તરીકે, દરેક મનુષ્યમાં સ્થાન ધરાવે છે, અને તે નિયમિત અંતર અવલોકન તથા પૃથક્કરણથી સહેલાઇથી શોધી શકાય છે. કોઇ મનુષ્યને પોતાના વિચારો યથાર્થ રીતે ફેરવવા હોય અને આમ કરવાથી પોતાની જીંદગીની સ્થુળ સ્થિતિમાં જ શીઘ્ર ફેરફાર થશે, તે જોઈને તેને આશ્ચર્ય લાગશે, મનુષ્યો કલ્પના કરે છે કે, વિચાર ગુપ્ત રાખી શકાય પણ તે ગુપ્ત રાખી શકાતો નથી. વિચાર ઝડપથી ટેવમાં બદલાઇ જાય છે, અને ટેવ સંજોગોનું સ્થુળ સ્વરૂપ ધારણ કરે છે.

સારી યા નઠારી અમુક વિચારશ્રેણીને વળગી રહેવાથી ચારિત્ર્ય અને સંજોગો ઉપર તેની અસર થયા વિના રહેશે નહિ. મનુષ્ય સીધી રીતે પોતાના સંજોગો પસંદ કરી શકશે નહિ, પણ તે પોતાનાં વિચાર પસંદ કરી શકે અને તે આડકતરી રીતે તો ખાતરીથી પોતાના સંજોગો ઘડી શકે છે.

જે વિચારોને મનુષ્ય બહુ જ ઉત્તેજન આપતો હોય તેમને સંતુષ્ટ કરવાને કુદરત તેને સહાય કરે છે. અને એવા પ્રસંગ આવે છે કે, જે ઉભય સારા તેમજ નઠારા વિચારોને ઘણી ઝડપથી સપાટી પર લાવે છે. કોઇપણ મનુષ્ય ઘાતકી વિચાર કરતો બંધ પડે તો તેની તરફ આખી દુનિયા નમ્ર થઇ તેને સહાય કરવાને તત્પર થશે. તેને પોતાનાં નિર્બળ અને વ્યાધિગ્રસ્ત વિચારોને બાજુ પર મૂકવા ઘો, અને પછી જુઓ દરેક બાજુઓ પોતાના દ્રઢ નિશ્ચયને મદદ કરવા સંજોગો પેદા થાય છે કે નહિ ? તેને સારા વિચારો પોષવા ઘો, કે જેથી પ્રારબ્ધ, દરિદ્રઅવસ્થા અને અપકીર્તિમાં બાંધી રાખી શકશે નહિ. દુનિયા તમારૂં વિચિત્ર રંગદર્શક યંત્ર છે, અને નાનાં પ્રકારનાં રંગના મિશ્રણ જે દરેક ક્ષણેક્ષણે તે તમારી સમક્ષ રજુ કરે છે, તે તમારા નિરંતર વહેતા વિચારોમાં તદ્દન અનુકૂળ ચિત્રો છે.

જેવા તમે થવા ધારો છો તેવા થશો જ. નિષ્ફળ નિવડેલા મનુષ્યો "સંજોગો" જેવા નિર્માલ્ય શબ્દોમાં ભલે સંતોષ માને, પરંતુ પુરૂષાર્થી પુરૂષો તો તેને તિરસ્કારે છે, અને તેની જાળમાંથી તેઓ મુક્ત રહે છે, તેઓ "દિગ્કાલ" ઉપર સંપૂર્ણ આધિપત્ય પેદા કરે છે.

જ્યારે તે પુરૂષાર્થી મનુષ્યમાં આત્મજ્યોતિ જાગે છે. અને પોતાનું સ્વામીત્વ સ્થાપે છે, ત્યારે દેવતાઓ પણ તેની આજ્ઞા ઉઠાવવાને અહોનિશ હાજર રહે છે.

શરીર મનનું દાસ છે. તે એચ્છિક માનસ ક્રિયાઓને તાબે રહે છે. દુષ્ટ વિચારોથી શરીરમાં રોગ

પેદા થાય છે, અને તેમાં સડો પેસે છે. આનંદ અને ઉચ્ચ વિચારો પ્રમાણે કામ કરવાથી, તેનામાં યુવાની અને સૌન્દર્ય આવે છે.

વ્યાધિ અને આરોગ્ય; સંજોગોની પેઠે વિચારરમાંથી ઉત્પન્ન થાય છે. નબળા વિચારોથી શરીરની મારફતે બહાર પડે છે. ભયના વિચારોએ મનુષ્યોને બંદુકની ગોળી જેટલી જ ઝડપથી મારી નાંખ્યાંના દૃષ્ટાંતો આપણામાં સાંભળવામાં આવે છે, જે મનુષ્યો વ્યાધિની બીકમાં રહે છે, તેમને રોગ થાય છે. ચિંતા જલદીથી આખા શરીરને બગાડે છે, અને તેવા શરીરમાં રોગ દાખલ થાય છે.

દૃઢ, સ્વચ્છ અને સુખી વિચારથી શરીરમાં વીર્ય અને સૌન્દર્ય વધે છે. શરીર નાજુક અને જેવું કરવા માગીએ તેવું થાય છે. તેના ઉપર જેવા વિચારની છાપ પડે તેવી છાપ ઉઠી નિકળે છે, અને વિચારની ટેવ તેના ઉપર પોતાની સારી અથવા ખોટી અસર ઉત્પન્ન કરે છે.

જ્યાં સુધી મનુષ્યો અશુદ્ધ વિચારશે ત્યાં સુધી તેમનું રક્ત અસ્વચ્છ અને ઝેરી રહેવાનું.

જે મનુષ્ય પોતાના વિચારને નહિ ફેરવે, તેને તેનો ખોરાક સ્હાય કરશે નહિ, જે મનુષ્ય પોતાના વિચાર વિશુદ્ધ કરે, તે મનુષ્ય પછી અશુદ્ધ ખોરાક પસંદ કરેજ નહિ, વિશુદ્ધ વિચાર વિશુદ્ધની ટેવ પાડે છે, જેને પોતાના વિચારો દૃઢ અને શુદ્ધ કર્યા હોય તેને હાનિકારક જંતુની ગણના કરવાની કાંઇજ જરૂર નથી.

જો તમારે તમારૂં શરીર જાળવવું હોય, તો તમારૂં મન સંભાળો ! જો તમારે તમારૂં શરીર સારી રીતે ખીલવવું હોય તો તમે તમારા મનને ઉચ્ચ બનાવો ! ઝેર ઇર્ષા, નિરાશા, અને ઉદ્વેગના વિચાર શરીરનું આરોગ્ય અને સૌન્દર્ય લૂંટી લે છે.

જેમ તમારી ઓરડીમાં હવા અને સૂર્યના તાપને છૂટથી આવવા ન દો, તો તમારૂં રહેઠાણુ સુખદ અને તંદુરસ્ત હોઇ શકે નહિ, તેમજ આરોગ્યવાળું શરીર સુંદર અને શાંત રહેશે નહિ. આનંદ શુભેચ્છાઓ, શાન્તિના વિચાર એને છૂટથી તમારા મનમાં આવવા દો, વૃદ્ધ મનુષ્યના ચેરા ઉપર કરચલીઓ કેટલીક વિષમ વાસનાથી પડેલી હોય છે. જેઓએ ધાર્મિક રીતે પોતાનું જીવન ગાળ્યું છે, તેઓની વૃદ્ધાવસ્થા અસ્ત થતાં સૂર્ય નારાયણની પેઠે, નિર્વેગ શાંત અને સુખ ચેનથી પક્વ થયેલી હોય છે.

શારિરીક દુઃખ દૂર કરવાને આનંદી વિચારના જેવો બીજો કોઇ પણ વૈદ્ય નથી, હંમેશા દ્વેષ, તિરસ્કાર વૃત્તિ, વ્હેમ અને ઇર્ષાનાં વિચારમાંજ મશ્ગુલ રહેવું તે પોતે જાતે બનાવેલાં કારાગૃહમાં પુરાવા બરાબર છે, પણ બધાનું ભલું ઇચ્છવું, બધાંની સાથે આનંદથી રહેવું, બધામાં ધીરજ રાખી સારૂં શોધતાં શીખવું એવા શુભ વિચારજ સ્વાર્ગના દ્વાર રૂપ હોય છે

---


## जिनमंदिरोके उपयोगो

**रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चद्दर) लगानेवाले.**

**चांदीकी आंगीआ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चद्दर आपके यहां आके लकडे पर लगा देते है.**

**ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.**

लीखो या मीलो.

**मिस्त्री त्रिजलाल रामनाथ**

मु. **पालीताणा** [सौराष्ट्र]

**ता. क:**–मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

## કહી દઈશ.......... ...........શ્રી. એન. બી. શાહ

કોઇ એક ગામમાં એક શેઠ ઘણી જ ગરીબ દશામાં આવી પડેલો. "સાત સાંધે ત્યાં તેર તુટે." નાતના પંચમાં, જાહેર સભામાં કે કોઇ મેળાવડામાં એમનું સ્થાન જુત્તાં (બુટ) મૂકવાની જગ્યાથી આગળ વધતું જ ન હોતું. મેલો-ઘેલો દેહ, પખવાડિયાની વધેલી બોકડા જેવી દાઢી, થીગડ-થાગડવાળાં લુગડાં, એમને જોતાં જ સહૃદયીને તો દયા આવી જાય એવી હતી એમની કરૂણાજનક સ્થિતિ.

પણ એવી સ્થિતિમાંય ધર્મશ્રદ્ધાળુ એવો એ શેઠ કુળમાં આવેલો ધર્મ છોડતો નથી, દેવ, ગુરુવંદન, પ્રભુપૂજા અને એકાદ-બે સામાયિક અને સાંજે પ્રતિક્રમણ એ તો એમની દૈનિક ક્રિયાઓ હતી. પાપનો ઉદય પણ કાયમ રહેતો નથી. "ધર્મ પાપને ઠેલે છે" એ કહેવત ખરેખર થોડા જ વખતમાં શેઠ માટે સાચી ઠરી.

એક શ્રદ્ધાળુ મિત્રે એમની આવી કફોડી સ્થિતિ જોઇને સાધર્મી બંધુને સહાય કરાવવી અને કોઇ ધંધે લગાડીને પોતાની જૈન તરીકેની ફરજ અદા કરવી, એવું વિચારીને એ એમને માર્ગદર્શન આપવા લાગ્યો અને બનતી સહાય કરીને એક નાનકડી પરચુરણ દુકાન ખોલાવી આપી.

પુન્યના સંજોગે શેઠ ધીમે ધીમે સારૂં કમાવા લાગ્યા અને દશ વર્ષમાં તો એ લક્ષાધિપતિ બની ગયા. હવે તો એમનો ભભકો અને ઠાઠ ઓર વધી ગયાં.

સમય જતાં શેઠે તો એક સુંદર બંગલો બંધાવ્યો. પૈસાદાર બન્યા પછીની આ પહેલી જ દીવાળી હતી. બેસતા વર્ષના દિવસે એમને ત્યાં નૂતનવર્ષાભિનંદન પાઠવવા અનેક લોકોની ઠઠ જામી. દરેક જણ શેઠને નમસ્તે કરે ત્યારે શેઠ ધીરેથી બોલતા કે "કહી દઈશ."

શેઠ આમ કેમ બોલતા હશે? એ પૂછવાની પણ કોઈ હિંમત કરી શકતું નહિ. છેવટે એક જણે હિંમત કરીને પૂછયું કે, 'શેઠજી! અમે બધા નમસ્તે કહીએ છીએ ત્યારે આપ "કહી દઇશ" એમ કેમ બોલો છો?

શેઠે જવાબ આપ્યો કે, 'જુઓ ભાઇ, હું તો પહેલો હતો એનો એ જ આજેય છું. મારી સ્થિતિ નબળી હતી ત્યારે મને કોઇ પગરખાંમાં પણ બેસવા દેતું ન હતું. આજે હું લક્ષાધિપતિ થયો છું ત્યારે સૌ મને નમસ્તે કરવા આવો છો. એનો અર્થ એ થયો કે તમે મને નહિ પણ મારી તિજોરીને નમસ્તે કરો છો. એ સંદેશો મારે એને કહેવો પડશે ને? માટેજ હું 'કહી દઈશ' એમ હું જે બોલું છું એમાં ખોટું પણ શું છે? શેઠનો ઉત્તર સાંભળીને સૌના મોં પર જાણે મેશ રેલાઇ ગઇ.

["લોકસત્તા" માંથી થોડાક ફેરફાર સાથે]

[લક્ષ્મીનંદનો આ શેઠનો ધડો લે અને પૂર્વભવના પુન્યથી મળેલી લક્ષ્મીનો ધર્મ કાર્યોમાં સદુપયોગ કરે. બાકી પુન્ય પરવારી જતાં આજનો ધનપતિ કયારે ભિખારી બની જશે એની કાંઈ કોઇને ચોક્કસ ખાત્રી છે ખરી? માટે જ મળેલી લક્ષ્મીનો જેમ બને તેમ વહેલો પોતાના હાથે જ સદુપયોગ કરવો.]

'કલ્યાણ' માસિક વાર્ષિક લવાજમ પોષ્ટેજ સહિત રૂા ૫-૦-૦

# ❋ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ૧૧૦ નામો યાને તીર્થો ❋

| નંબર. | નામ. | | નંબર. | નામ. | | નંબર. | નામ. | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કેસરીયા | પાર્શ્વનાથ | ૩૮ | શ્રી નવખંડા | પાર્શ્વનાથ | ૭૫ | શ્રી લોઢણ | પાર્શ્વનાથ |
| ૨ | ,, કલીકુંડ | ,, | ૩૯ | ,, નવસારી | ,, | ૭૬ | ,, લોટાણા | ,, |
| ૩ | ,, કરહેડા | ,, | ૪૦ | ,, નવલખા | ,, | ૭૭ | ,, લોદ્રવા | ,, |
| ૪ | ,, કાપેડા | ,, | ૪૧ | ,, નવફણા | ,, | ૭૮ | ,, વલી | ,, |
| ૫ | ,, કલ્યાણ | ,, | ૪૨ | ,, નરોડા | ,, | ૭૯ | ,, વરકાણા | ,, |
| ૬ | ,, કાશી | ,, | ૪૩ | ,, નવપલ્લવ | ,, | ૮૦ | ,, વહી | ,, |
| ૭ | ,, કુંડલપુર | ,, | ૪૪ | ,, નાકોડા | ,, | ૮૧ | ,, વાડી | ,, |
| ૮ | ,, કુર્કટેશ્વર | ,, | ૪૫ | ,, નાગફણા | ,, | ૮૨ | ,, વિજયચિંતામણી | ,, |
| ૯ | ,, કોકા | ,, | ૪૬ | ,, પલ્લવિયા | ,, | ૮૩ | ,, સમેતશિખરજી | ,, |
| ૧૦ | ,, કંકણ | ,, | ૪૭ | ,, પોસલીયા | ,, | ૮૪ | ,, સમીનાજી | ,, |
| ૧૧ | ,, કંબોઇ | ,, | ૪૮ | ,, પરોલી | ,, | ૮૫ | ,, સહસ્ત્રફણા | ,, |
| ૧૨ | ,, ખામણ | ,, | ૪૯ | ,, પોસીના | ,, | ૮૬ | ,, સહસ્ત્રકુટ | ,, |
| ૧૩ | ,, ખોટામંડન | ,, | ૫૦ | ,, પંચાસરા | ,, | ૮૭ | ,, સપ્તફણા | ,, |
| ૧૪ | ,, ગોડી | ,, | ૫૧ | ,, પુષ્કરાવર્ત | ,, | ૮૮ | ,, સમેરીયા | ,, |
| ૧૫ | ,, ગુપ્ત | ,, | ૫૨ | ,, ફલોધી | ,, | ૮૯ | ,, સાંવળા | ,, |
| ૧૬ | ,, ગંભીરા | ,, | ૫૩ | ,, બલેજા | ,, | ૯૦ | ,, શામળા | ,, |
| ૧૭ | ,, ગાલીયા | ,, | ૫૪ | ,, બટી | ,, | ૯૧ | ,, સુધદંતી | ,, |
| ૧૮ | ,, ગીરૂઆ | ,, | ૫૫ | ,, બદ્રિકેદાર | ,, | ૯૨ | ,, સુરજમંડન | ,, |
| ૧૯ | ,, ધૃત-કલોલ | ,, | ૫૬ | ,, ભટેવા | ,, | ૯૩ | ,, સુલતાના | ,, |
| ૨૦ | ,, ઘીયા | ,, | ૫૭ | ,, ભાભા | ,, | ૯૪ | ,, શેરીસરા | ,, |
| ૨૧ | ,, ચારૂપ | ,, | ૫૮ | ,, ભીડભંજન | ,, | | અથવા શેરીસા | ,, |
| ૨૨ | ,, ચિંતામણી | ,, | ૫૯ | ,, ભીલડીયાજી | ,, | ૯૫ | ,, સાંકળા | ,, |
| ૨૩ | ,, ચેલણ | ,, | ૬૦ | ,, ભદ્રેશ્વર | ,, | ૯૬ | ,, સોગટીયા | ,, |
| ૨૪ | ,, જગવલ્લભ | ,, | ૬૧ | ,, મનરંજન | ,, | ૯૭ | ,, સોમચિંતામણી | ,, |
| ૨૫ | ,, જીરાવળા | ,, | ૬૨ | ,, મનવંછીત | ,, | ૯૮ | ,, સુખસાગર | ,, |
| ૨૬ | ,, જગન્નાથપુરી | ,, | ૬૩ | ,, માદેવા | ,, | ૯૯ | ,, સેસલી | ,, |
| ૨૭ | ,, જોટવા | ,, | ૬૪ | ,, મનોરથ કલ્પદ્રુમ | ,, | ૧૦૦ | ,, સેસફણા | ,, |
| ૨૮ | ,, જસોધરા | ,, | ૬૫ | ,, મક્ષીજી | ,, | ૧૦૧ | ,, સંખેશ્વર | ,, |
| ૨૯ | ,, જગડીયા | ,, | ૬૬ | ,, મનમોહન | ,, | ૧૦૨ | ,, સ્થંભન | ,, |
| ૩૦ | ,, ટાંકલા | ,, | ૬૭ | ,, મનરંજીત | ,, | ૧૦૩ | ,, સ્વયંભુ | ,, |
| ૩૧ | ,, ડોડલા | ,, | ૬૮ | ,, મુંડેવા | ,, | ૧૦૪ | ,, અજાહરા | ,, |
| ૩૨ | ,, ડોસલા | ,, | ૬૯ | ,, મુહરી | ,, | ૧૦૫ | ,, અમીઝરા | ,, |
| ૩૩ | ,, ડોકરીયા | ,, | ૭૦ | ,, મોઢેરા | ,, | ૧૦૬ | ,, અહીછત્રા | ,, |
| ૩૪ | ,, દાદા | ,, | ૭૧ | ,, મહીમાપુરા | ,, | ૧૦૭ | ,, અવંતી | ,, |
| ૩૫ | ,, દોલતી | ,, | ૭૨ | ,, રાવણ | ,, | ૧૦૮ | , ઉપસર્ગહર | ,, |
| ૩૬ | ,, તીવરી | ,, | ૭૩ | ,, રૂદ્રવા | ,, | ૧૦૯ | ,, ઉમરવાડી | ,, |
| ૩૭ | ,, નવનીધિ | ,, | ૭૪ | ,, રાણકપુર | ,, | ૧૧૦ | ,, અંતરીક્ષ | ,, |

—અમૃતલાલ એચ. દોશી:-વાવ.

# ભૂતનું તૂત.......શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી

એક વખત હું મારા મકાનની પરશાળામાં દીવાલની લગોલગ ખાટલો પાથરીને સૂઇ રહ્યો હતો. મારાં માતુશ્રી પરશાળની બહાર પડાળી હતી, ત્યાં સૂઇ રહ્યાં હતાં,

મને સૂઇ રહ્યાને વધુ વાર થઇ નહોતી, એટલામાં મારી છાતીઉપર કોઇ ચઢી બેઠું. બાજુની દીવાલ ધ્રુજી ઉઠી, ખાટલો હાલી ઉઠયો, બોલાય એવું નહોતું, વાચા બંધ થઇ ગઇ.

આમાંથી મેં બુધ્ધિપૂર્વક માર્ગ કાઢયો. મેં વિચાર કર્યો કે, બા બહાર સુતાં છે પણ બોલાય તેમ નથી તેથી તેમને જગાડવા મેં ગળામાંથી મોટો અવાજ કર્યો, તે સાંભળી બા એકદમ બહારથી અંદર આવી મને બૂમ મારીને પ્રશ્ન કર્યો.

'કેમ કાન્તિ આમ કરે છે?'

આ સાંભળી મારી હિંમત વધી ગઈ. હું એકદમ બેઠો થઇ ગયો ને બનેલી હકીકત કહી સંભળાવી.

આ સાંભળી એમને જરા નવાઇ લાગી પણ મને જણાવ્યું કે, છાતી ઉપર હાથ આવી જાય તો આમ બને છે.

પણ મને જરા વાત ન બેઠી મને થયું કે, હું જાગતોજ હતો ને તમને બોલાવવા મેં યુક્તિ કરી તે સફળ નીવડી તેથી મને લાગે છે, કે મકાન માલીકણ ડોસી એની શોકયના ભૂત થયાની વાત કરે છે, તે સાચી હોવી જોઇએ.

પણ એટલામાં મને એક વાત યાદ આવી કે જે ગભરાટમાં ભૂલી જવાઇ હતી.

હકીકતમાં એમ હતું કે, જ્યારે દીવાલ ધ્રૂજી ઉઠી ત્યારે એ દીવાલમાં બે નાની ખીલી મારી તેના ઉપર એક લોખંડનું નાનું પારણું ભરાવેલું હતું ને તેમાં ચાર આંગળનો કચકડાનો બાબો સુવાડેલો હતો તે પણ ધ્રુજી ઉઠેલો.

જ્યારે વસ્તુતઃ એ હતું જ નહિ. એટલે મને ખાત્રી થઈ કે, હું મારી જાતને જાગતો માનતો હતો તે ભ્રમ હતો અને બાનું કહેવું સાચું હતું.

જો કદી જોગાનુજોગ સ્વપ્નમાં દીવાલે ભરાવેલું પારણું જોવામાં ન આવ્યું હોત તો નક્કી હું ભૂતના તૂતમાં ફસાઇ જાત ને પછી તો સ્હેજ તબીયત નરમ-ગરમ થતાં દોરા–ધાગા ને ભૂવાના ચક્કરમાં ફસાઇ જાત.

તે પછી ઘણી વખત ખાત્રી થઇ ગઇ કે, જો છાતી ઉપર હાથ આવી જાય [ખાસ કરીને હૃદય બાજુના ડાબા ભાગ ઉપર હાથ આવવાથી આમ બનતું હશે,ખરું કારણ જ્ઞાનિ જાણે] તો કોઇ આપણને ઉંચા કરીને નીચે પટકી દે એવો બનાવ સ્વપ્નમાં બને છતાં આપણને એમ લાગે કે આપણે જાગતા હતા.

૨

અમોએ જે મકાનની વાત કરેલી હતી, એ મકાનને ઓરડો, પરશાળ, પડાળી ને ચોક હતાં. એ ચોકમાં ખાટલો નાખીને મારો એક મિત્ર અંબાલાલ કે જેણે મને જૈનધર્મ પમાડવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો હતો તે સૂઈ રહ્યો હતો.

હું પરશાળમાં ખાટલો નાખીને બારણું ખુલ્લું મુકીને સૂઇ રહ્યો હતો કારણ કે ખડકીબંધ મકાન હતું. થોડીવારે મને જગાડીને કહેવા લાગ્યો, કે કાન્તિભાઇ, મારો ખાટલો ધ્રૂજે છે.

આ પ્રસંગ મારે માટે નવો હતો. મેં કીધું કે, હોય નહિ!

અંબાલાલે જણાવ્યું, તમારા સમ, હું તમારી ગમ્મત નથી કરતો.

હું વિચારમાં પડયો, પણ કારણ જાણું નહિ તો શી રીતે સમજાવું? એને સમજાવીને ફેર સુવાડયો, થોડીવારે પછી એ જ ફરીયાદ

હું એના ભેગો સૂઇ રહ્યો પણ મને એવો અનુભવ ન થયો.

એ વાતને વીતી ગયે અમુક મહિનાબાદ એ જ મકાનની પરશાળમાં હું ખાટલા પર સૂઇ રહ્યો હતો. મારો ખાટલો પણ ધ્રુજતો હોય એમ લાગ્યું.

આજે તો સાચું કારણ શોધવાનો જાતપ્રસંગ ઉપસ્થિત થયો તેથી કારણ શોધવા પ્રયત્ન ચાલુ કર્યો.

હું સીધો સૂઈ રહ્યો હતો, તેથી પાસું બદલીને સૂઇ રહ્યો. ખાટલો ધ્રુજતો બંધ થયો. મને થયું કે આનો ભેદ સૂઈ રહેવાની રીતમાં જ સમાયેલો છે.

આવો નિર્ણય કરીને ફરી સીધો સૂઇ રહ્યો, કે તરત જ ખાટલો ધ્રુજવાનું કામ ચાલુ થયું.

હવે એનું કારણ શોધવાનું બાકી રહ્યું. ઝીણવટથી તપાસ કરતાં માલુમ પડયું કે, સીધા સૂઇ રહેવામાં આવતું હતું ત્યારે કમર નીચેના પુંઠના ભાગ ઉપર વાયુના પ્રકોપથી પુંઠના ભાગનો થોડો ભાગ બાકી રહેતાં મોટો ભાગ ઉછાળા મારતો હતો તેથી તેટલા ભાગનો ખાટલાનો ભાગ પણ ઉછળતો હતો.

આ એક સીધી-સાદી બાબત હતી છતાં જો તેનું બારીકીથી નિરિક્ષણ ન કર્યું હોત તો ભૂતનું તૂત મગજમાં વસી જતાં વાર ન લાગત.

આ ઉપરથી મને લાગ્યું, કે મકાન માલીકણ બાઇ પણ આવાજ કોઇ વહેમથી, શોકયના ભૂત થવાની વાતો કરતી હશે, આ વાત મેં અંબાલાલને સમજાવી એટલે અનુભવે એને પણ મારી વાત સાચી લાગી.

૩

ભૂતના તૂતના બીજા હપ્તામાં બનેલા બનાવથી મને અને અંબાલાલને એક તુક્કો સૂઝયો.

ત્યારે તો અમે ધર્મને જાણેલો નહિ ને જરા તોફાની પણ ખરા. ઉંમર માત્ર ૧૭ વર્ષની. એ ઉંમરના છોકરાંઓની પરાક્રમ ગાથાઓની તો ઘણાને ખબર છે.

મેં અને અંબાલાલે મકાન માલીકણ બાઇના વહેમી સ્વભાવનો લાભ લેવાનું નક્કી કર્યું. તે દિવસે મારા મકાનમાં હું અને અંબાલાલ બેજ હતા.

અંબાલાલ ચોકમાં ખાટલા ઉપર સૂઇ ગયો. હું તો ખાસ કરીને પરશાળમાં જ સૂતો હતો. મકાન માલીકણ ઘાંચી બાઈ પડાળીમાં ખાટલા ઉપર સૂઇ રહ્યાં હતાં.

રાતના નવ વાગ્યા હું ધીમેથી ઉઠયો, બહાર જઇને માલીકણ ડોશીના ખાટલા નીચે હાથ ઘાલી બે-ચાર ધીમેથી ગોદા મારી સૂઇ ગયો.

ડોશીએ નીચે તપાસ કરી કાંઇ ન દેખાયું.

ફરી બીજી વખત પરશાળની શાખ આડે છૂપાઇને હાથ લાંબો કરી બે-ચાર ધીમા ગોદા મારી સૂઈ ગયો.

ડોશી બબડવા લાગ્યાં. આ શું થાય છે ? ને મન પાસેથી જ જવાબ મેળવે કે, મારી શોકય જ હશે.

બે-ચાર વખત આમ થવાથી ડોશીનો વહેમ પાકો બન્યો. અમે બન્ને મિત્રને જગાડયા. ને વિગત જણાવી.

બન્નેએ અગાઉથી કરેલા સંકેત મુજબ જણાવ્યું કે, તમારી શોકય જ હશે. તે તમારો ખાટલો ઉંધો પાડી દે તે પહેલાં તમે ૧૧ રૂપીયાની મિઠાઇની માનતા માનો, નહિ તો પછી તમે જાણો.

એકે પ્રસ્તાવ મૂકયો, બીજાએ એનું સમર્થન કર્યું ને ડોશીએ સ્વીકાર કર્યો, પછી તો ખાટલો કૂદતો બંધ થાય જ ને ? બન્ને જીવતા ભૂતોને નૈવેદ્ય મળી જવાની પાકી ખાત્રી હતી.

સવારે ડોશીએ તરત જ અમને મિઠાઇ લઇ આવવા પૈસા આપ્યા ને અમારી સલાહ માટે આભાર માન્યો.

પછી તો શું બન્યું એ કહેવાની જરૂર રહેતી જ નથી.

ભૂતના તૂતમાં ફસાયેલા ઘણા માણસો તો કેવળ વહેમનો જ ભોગ બનેલા હોય છે.

૪

આ બનાવને વખતે હું જે ખડકીમાં રહેતો હતો. એમાં પ્રવેશવા માટેના પ્રવેશદ્વારથી મારા મકાન નજીક આવતાં વચ્ચે થોડો ભાગ બીનવસ્તીનો અંધારાઘોર જેવો રહેતો, તે વટાવ્યા પછી મારા મકાનમાં જવાતું ને ત્યાંથી આગળ વધીને જતાં એક બીજા મકાન માલીકની ખડકી આવતી, તેમાં ઘણા ભાડુઆતો રહેતા.

એ અંદરની ખડકીમાં ચરોતરનો એક યુવાન અને ભૂતથી નહિ ડરનાર પાટીદાર યુવક રહેતો હતો. પ્રસંગોપાત ભૂતથી નિડરપણાની વાત એ ખડકીના યુવાન મિત્રોમાં કહેતો હતો.

એક વખત તે પાટીદાર યુવક સિનેમા જોવા જવાનો છે, માટે મોડો આવશે એવી સૂચના પાડોશીને આપી ચાલતો થયો. આ વાત બળદેવ નામના રાજપુત મોટર ડ્રાઇવરે સાંભળી ને તેને મશ્કરી કરવાનો તુક્કો સૂઝયો.

હું ઉપર જણાવી ગયો તે અંધારી જગ્યામાં તે છૂપાઇ રહ્યો લગભગ ૧૨-૧૨।। વાગે છેલ્લા ખેલમાંથી છૂટીને પેલો યુવક જેવો અંધારા જગ્યામાં

## મફાભાઈનું સ્વપ્ન....... પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજ

એક હતા મફાભાઇ. સ્થિતિ ગરીબ હોઇ પચીશ વર્ષ વિત્યા છતાં કોઇ કન્યા આપે નહિ. નાના ગામમાં માટીની દીવાલવાળી એક નાની ખોલીમાં એ રહે. માતપિતાનું સુખ જોયેલ નહિ. કાકા અમથાભાઇએ ઊછેરી મોટા કરેલા, ભાગ્યવશાત અમથાભાઇ પણ બે વર્ષ ઉપર મરણ પામેલા.

ગામમાં બીજાના છોકરાઓનાં સગપણ થતાં સાંભળી મફાભાઈ લાંબો નિશાસો નાંખતા. સવારથી સાંજ સુધી ગામમાં રખડી મહેનત મજુરી કરી માંડમાંડ પેટ પુરતું મેળવી લેતા અને રાત્રિનાં હરાયા ઢોરની માફક બહાર જ્યાં ત્યાં ભટકી દશ–અગિઆર વાગે ખોલીમાં ફાટેલી ગોદડીમાં વિચારના વમળે ચડી ઊંઘી જતા. વચમાં વચમાં ગોદડીમાં રહેલા માંકડ એમની ઊંઘને ઊડાડી દેતા. ઓશિકા નીચે બીડીનું બંડલ અને માચીસની પેટી એમની સાથીદાર હતાં જ. સાથે પથારીની બાજુમાં ઘણીવાર એક કુતરી હળી ગયેલી તે પણ સ્થાન જમાવી બેસી રહેતી.

મફાભાઇને ચિંતાનો પાર ન હતો. મુખ્ય ચિંતા એ હતી કે, 'હે ભગવાન ! મારૂં લગ્ન કયારે થશે ?' એ હંમેશની ચિંતાથી મફાભાઇને એક દિવસ મધથી મીઠું, સાકરથી પણ વિશેષ ગળ્યું અને શેલડીના રસથી પણ અધિક સ્વાદિષ્ટ સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં બહારગામથી ઘોડે બેસી આવતા મેમાનોને જોયા, મફાભાઇએ મેમાનને ઓળખ્યા. ઘોડી આંગણામાં આવી ઉભી રહી. મેમાન ખોડીદાસ નીચે ઉતર્યા, કાકા અમથાભાઇએ (જે ગુજરી ગયા હતા) મેમાનનો સત્કાર કરી, ઘરમાં શેતરંજી ઉપર બેસાડી ચાહ–પાણી, નાસ્તો થઇ ગયા બાદ અમથારામ અને મેમાન વાતે ચઢયા. કેટલીક આડી–અવળી વાતો થયા બાદ ખોડીદાસે મુદ્દાની વાત ઉપર આવતા કહ્યું, જુઓને અમથાશેઠ ! વીશ ગાઉથી આવવાનું મુખ્ય કારણ તો એ છે કે, અમારી દીકરી (દીકરી શબ્દથી મફાભાઇ ચમકયા) ભીખી મોટી થઈ છે, ન્યાતમાં બધે નજર નાખી જોઇ પરંતુ મારી સાળી નજર જ કયાંય ઠરી નહિ. બધા કરતાં તમારા ભત્રીજા શ્રીમાન મફતલાલ ઉપર નજર ઠરી છે. મહેરબાની કરીને ના પાડતા નહિ. આજે અને હમણાં જ ચાંલ્લો કરી રૂપીઓ આપવો છે. દિવસ પણ આજે ફાગણ સુદી પૂનેમનો મઝાનો છે. સાથે સાથે એ પણ કહી દઊં કે, લગ્ન પણ જોવડાવેલ છે. ફાગણ વદ અમાસનો શુભ દિવસ શોધ્યો જડે

---

આવ્યો કે તરત જ પેલા પટેલને બાથમાં પકડી લઇને નીચો નાખી દઇ ઝડપથી પોતાની ઓરડીમાં જઇ સૂઇ રહ્યો.

આમેય એમની ખડકીમાં ભૂતના ગબારા તો ઉડતા જ હતા એની ચર્ચામાંથી જ વાત આટલી વધેલી.

આ કારણથી પટેલ ગભરાઇ ગયો. ઓરડીમાં આવી સૂતો ત્યારથી તાવ ચઢી ગયો. બહાર જતાં–આવતાં ગભરાવા લાગ્યો. તબિયત ન સુધરી તેથી ઘેર ગયો. બાદ સાંભળવામાં આવ્યું કે, પટેલનું ભૂત તેને મસાણમાં મૂકી આવ્યું હતું.

દરબારે જ્યારે ખરી હકીકત કહી ત્યારે ખબર પડી કે ભૂતના તૂતમાં ફસાવાથી જ પટેલ દેવલોક પામ્યા.

એ ખડકીના બે–ચાર યુવકોએ વાત જાણ્યા છતાં કોઇની પાસે વાતની ગંધ પણ ન જવા દીધી.

આ ઉપરથી સમજવાનું છે કે, પાંચ માણસો વચ્ચે કદી વાતની જીદ્દ ન પકડવી.

જો પટેલે જીદ્દ ન કરી હોત તો દરબારને એવો વિચાર આવત નહિ ને અનર્થ ઉત્પન્ન થાત નહિ.

પણ યુવકો કદી કોઇનું માને છે ખરા ?

નહિ એવો વરકન્યાના ભાગ્યે મળેલ છે. બસ, તે જ વખતે મફા, ઓ મફા કહી અમથારામે બુમો પાડી. એ આવ્યો કાકાજી, ફરમાવો શું કામ છે? જોને ભાઇ, તું સ્નાન કરી નવું ધોતર પહેરી જરીની ટોપી ઘાલી તૈયાર થઇને બેસ, હું ન્યાતીલાઓને બોલાવી લાવું છું. એમ કહી કાકા ગામમાં ફરી વળ્યા, જાજમ પથરાઈ ગઇ, બધાના સમક્ષ મફાના કપાલમાં ચાંલ્લો કરી શ્રીફળ અને રૂપીઓ આપી ચોખા કપાળમાં ચોડી સગપણ કરી નાખ્યું. સાકર-ટોપરાની લ્હાણી થઇ. કંસાર જમી વેવાઈ ખોડીદાસ જાન જલદી લઇ આવજો કહી ઘોડી ઉપર બેસી રવાના થઇ ગયા.

અવસરે ધવળમંગળનાં ગીતો સાથે છત્રી વાજાના સુંદર સરોદો સાંભળતા મફાભાઇ જાન લેઇને ઘોડે બેસી વરરાજા બની વેવાઇને માંડવે પહોંચી ગયા, પોંખાઇ ગયા, ચોરીમાં "વરકન્યા સાવધાન નાણુ કોથળી સાવધાન" ના સુંદર શબ્દો સાંભળતાં ભીખી સાથે હસ્તમેળાપ થઇ ગયો. લગ્ન કરી ઘેર આવ્યા. હવે તો મફાભાઈને ઘેર સાત-આઠ વર્ષનો પુત્ર નામે મથુરીઓ માબાપના આનંદમાં વધારો કરી રહ્યો છે. ગામ વચ્ચે મફાભાઇની દુકાન ધમધોકાર ચાલે છે. એક દિવસ દુકાને ઘરાકી ઘણી હોવાથી જમવા જવાનું મોડું થઇ ગયું. ભીખી શેઠાણીએ શેઠને બોલાવવા મથુરીઆને મોકલ્યો. બાપા ઓ બાપા કહી ઘરાકીની કમાણીની ધુનમાં ભંગ પડયો. ગુસ્સાથી મથુરીઆને "સાલા બુમો કેમ પાડે છે?" કહી જોરથી લાત મારી. બધું સ્વપ્નું હતું પરંતુ લાત સાચી હતી તે બાજુમાં સુતેલી કુતરીને વાગી. કુતરી ઝબકીને ભસભસ કરી મફાના ડાબા પગે જોરથી બચકું ભર્યું. કેમે કરી છુટે નહિ. પુષ્કળ લોહી વહેવા માંડયું. માંડમાંડ કુતરી બહાર ભાગી ગઇ અને મફાભાઇ એ જ પોતાની ખોલીમાં ઘા ઉપર સિંદુર અને તપકીર ભરાવી પાટો બાંધી રડતા બેઠા હતા.

એવી રીતે હે ચેતન! આ સંસારમાં જીવો મહાત્વાકાંક્ષાથી મફાભાઇના સ્વપ્ના તુલ્ય અનેક હવાઇ તરંગો ઉભા કરીને સુખની આશાના કિલ્લાઓ બાંધતા જાય છે પણ જેનાથી સુખ મળનાર છે, ટકનાર છે અને સદ્દુપયોગ દ્વારા સદ્દગતિ સાચી પ્રાપ્ત કરી શકાય છે, તેવા જિનેશ્વર દેવે કથિત દયાધર્મને ભૂલી જાય છે અને ખોટી આશાના ભુકકા ઉડી જઇ અમૂલ્ય અને કિંમતી માનવજીવન ગુમાવી દે છે અને પછી પસ્તાવો કરે છે.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તર ભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૩૨૫ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ પોષ્ટેજ અલગ.

## સ્નાત્ર મહોત્સવ

મુંબઈ શહેરમાં હંમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણુવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો
૧ લે માળે મુંબઈ ૪.

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**
**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**

ઓ. સેક્રેટરીઓ.

# આજે કયાંયે શાંતિ કેમ નથી ?..............શ્રી રમણલાલ કે. શાહ. વાપી

માનવી જીવનમાં મોટાં-મોટા પાપો કરી પશ્ચાતાપ કરે છે, જ્યારે નજીવા નાનાં પાપો કરતાં અચકાતો નથી, અને આવા નજીવાં પાપો કરી જીવનની બરબાદી કરી અધોગતિના પંથે ચાલી રહ્યો છે, માનવી કેવા નજીવા પાપો કરે છે ? એનો ખ્યાલ કોઇ કેમ કરતું નહિ હોય ? આવા નજીવા પાપોથી પોતાની ઉન્નતિ તો દૂર રહી પરંતુ ધર્મની આરાધનાથી પણ સાચી રીતે વિમુખ થાય છે.

ધર્મપ્રેમીબંધુ સવારે વહેલો ઉઠી પૂજા કરવા, પ્રભુના દર્શન કરવા જવાની તૈયારી કરશે, ઘરથી ઉતાવળ કરી પ્રભુમંદિર જતા રસ્તામાં વેપારી બજારના ભાવો, સાથેસાથે પોસ્ટઓફીસ વચ્ચે આવે તો ટપાલ લઇને, વાંચીને પ્રભુદરબારમાં જશે. અરે ! માનવીને આખા દિવસમાં એક કલાકનો આત્માની શાંતિ માટે સમય નથી મળતો ! દહેરાસરમાં ગયા બાદ પણ જીવ તો ઉંચો-નીચો થશે, પૂજા કરવા માટે ગમે તેમ મુખ પર રૂમાલની પળો વાળી, ગમે તે પ્રમાણમાં કેશર લઈ, ભલે પછી તેનો દુરૂપયોગ થાય, પરંતુ પૂજા કરશે, ગમે તેમ પ્રભુના અંગ પર તિલક કરી બે મિનિટમાં પૂજા કરી બહાર આવશે, પ્રભુના નવ અંગ પર પૂજા કરવાને બદલે દસ-બાર અંગે પૂજા કરનારાઓ, તેમજ પ્રભુના શરીર પર ગમે તેમ ચંદનનો લેપ કરનારા, પૂજા કેમ કરવી તેનો ખ્યાલ કેમ નહિ કરતા હોય ? અરે ! પ્રભુની પૂજા કરતાં-કરતાં મસ્તક પર તિલક કરતાં મુગટ પડી જાય, ધાતુની મૂર્તિ પર ગમે તેમ પૂજા કરી મૂર્તિ પણ જમીન પર ઢળી જાય. અરે ! માનવી ! આટલી ઉતાવળ શીદ કરી જીવનને અધોગતિએ લઇ જાય છે.

સ્ત્રીઓ પણ મર્યાદા મૂકે છે. તેઓ પણ રસ્તે પ્રભુપૂજા કરવા જતાં, અથવા દહેરાસર જતાં રસ્તામાં બે સ્ત્રી ભેગી થઇ જાય તો સંસારની વાતોમાં પડયા વિના ભાગ્યે જ રહેશે. એકબીજાને છેવટે એમ પણ પૂછશે, " કાંતાબ્હેન, આજે તમારે ત્યાં શાનું શાક કરવું છે ? "અમારે ત્યાં આજે કાંઇ શાકભાજી લાવ્યા નથી." આવી અવનવી વાતો કરતા દહેરાસરે જશે. ધર્મની વાતો કરવી તો દૂર રહી પરંતુ મારી-તારી કરતા, પ્રભુધામમાં પણ મારી તારી થશે એનો ખ્યાલ કેમ કરતા નહિ હોય ?

પૂજા કર્યા બાદ મહારાજ સાહેબ ઉપાશ્રયમાં હશે તો વંદન કરવા જશે. વંદન કરતાં-કરતાં પણ મહારાજ સાહેબ સાથે સંસારની વાતોમાં પડશે. મહારાજ સાહેબ ચોમાસું બેસવાનું હશે, તો કહેશે, ચાલો તમારે ચોમાસામાં ભાજીપાલાનો ત્યાગ કરવો જોઇએ, માટે હાથ જોડો. પરંતુ ત્યાં પણ માનવી એમ કહેશે કે, ' સાહેબ, ફક્ત પાતરા, અમુક ભાજીપાલા સિવાય દરેકનો ત્યાગ કરીશ.'

પાંચમ, આઠમ જેવી તિથિઓએ પણ માનવી પાકા કેળા, પાકા ચીભડા, સકકરટેટી, પાકી કેરી વિ. ખાવાની છૂટ રાખશે. એક તરફ ધર્મપ્રેમી બનવું છે, અને બીજી તરફ આવી છૂટ રાખવી. એ યોગ્ય નથી.

પ્રતિક્રમણ, સામાયિક કરતાં પણ વ્યાપારી બજારની વાતો, જીવનની ખાટી-મીઠી ઠઠ્ઠા-મશ્કરીઓ, એકબીજાનો હાસ્યનો હોજ, ગમે તેમ અપૂર્ણ નવકાર મંત્રનો કાઉસગ્ગ કરવો, અરે ! માનવી, ફક્ત અડતાલીસ મિનિટ પણ તારા આત્માને સુખ નથી. કાર્ય કરતાં તો

પાપને અનુસરે છે પરંતુ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુઓ પણ વ્યાખ્યાનમાં પ્રાપ્ત કરતો નથી. ત્યાં પણ જીવનની રોજનીશિ ઉચ્ચારવી, નવરા બેઠા ગમ ન પડે તો નિદ્રાધીન બનવું. અરે! પ્રભુ! આત્માને એક કલાક સાંભળવા માટે પણ શાંતિ નથી.

પ્રભુને ગમે તેમ ધુપ કરવો, પુષ્પ ગમે ત્યાં ગમેતેવું ચઢાવવું, પાણીનો, ચંદનનો દુરૂપયોગ, દહેરાસરમાં અપશબ્દોનો વરસાદ, દહેરાસરમાં ઘી બોલ્યા પછી પણ પૈસા ન આપવા પીછેહઠ કરનાર, પ્રતિક્રમણ કરતા ઠઠ્ઠા-મશ્કરી વિ....અન્ય નજીવા પાપોને દૂર મૂકી ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવા માનવી ક્યારે ઊંઘમાંથી જાગ્રત થશે.

અરે! પ્રભુ! માનવી આવા નજીવા પાપો કરવા જ સર્જાયો હશે? ફક્ત દશ મિનિટ પણ સૂતી વખતે નવકાર મંત્ર ગણવા આત્માને ક્યારે સમય મળશે? જીવનમાં માનવી આવી નજીવી અનેક નાની-મોટી ભૂલો કરી, પાપનો પોટલો બાંધી, સમુદ્રમાં તુફાને ચઢેલી નૈયાની જેમ ઝોલા ખાતો, અથડાતો દુર્ગતિને પંથે અનુસરી રહ્યો છે. અરે! આવી જ માનવીની મનોદશા! જ્યાં જોઈશું ત્યાં ડગલે ને પગલે, સવારે ઊઠયા ત્યારથી પાપ, પાપ અને પાપ. જીવનમાં શાંતિ, ધર્મ તથા આત્મભાન ક્યારે આવશે?

*

---

## શેઠ અને નોકર

શ્રી કાન્તિલાલ મો. ત્રિવેદી.

ઘણા સુખી માણસો પોતાના ઘેર કામ કરવા માટે નોકરો રાખે છે, એ નોકરો પ્રત્યે ઘરની માલીકણ બાઇ (શેઠાણી) અને તેનાં પુત્ર-પુત્રાદિકનું વર્તન ઘણું જ અવિવેકી હોય છે, એના લીધે વારંવાર નોકરો બદલવા પડે છે, વળી નોકરોની એ અસંતોષની આગમાં માલીકની મિલ્કત ઉચાપત થઇ જવાનો ભય પણ રહેલો હોય છે, એવા પ્રસંગે માત્ર નોકરનો દોષ જોવામાં આવે છે, પણ પોતાની ફરજમાં ક્યાંક ભૂલ છે કે નહિ, એની પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવે છે.

નોકરને કામે રાખ્યા પછી તેની તબીયત નરમ હોય તો તેને આરામ લેવાની સલાહ આપવી જોઇએ, દવા લાવવા માટે થોડીઘણી નાણાની મદદ પણ કરવી જોઇએ, અને બીજી શકય રીતે સહાયતા કરવી જોઇએ, અને એ બધાથી ચઢી જાય તેવું આશ્વાસનરૂપી ઔષધ આપવું જોઇએ. જેથી નોકરના મનમાં એવો જ ખ્યાલ રહ્યા કરે કે, "હું જેમને ઘેર નોકરી કરૂં છું તેઓ મારા મા-બાપ કરતાં પણ અધિક પ્રેમ રાખનાર ઉત્તમ મનુષ્યો છે."

નોકરનું સ્વમાન પણ જાળવવું જ જોઇએ, તેને પણ તોછડાઇથી બોલાવવાની ટેવ કાઢી નાખવી જોઇએ, આપણા હાથે જેમ નુકશાન થાય છે તેમ નોકરથી પણ કદી તેની ભૂલના કારણે નુકશાન થાય તો સહનશીલતા રાખીને ઠપકો નહિ આપતાં મીઠા શબ્દોથી સામાન્ય શિખામણના રૂપમાં જ કહેવું જોઇએ.

કેટલાક શેઠના ઘરનાં માણસો નોકરો સાથે ખાવાની બાબતમાં પણ ભેદભાવ રાખતા જોવામાં આવ્યા છે. જેથી નોકરોના મન ઉપર નિરંતર એવી છાપ રહ્યા કરે છે કે, "હું આમનાથી જુદો છું" આનું પરિણામ એ આવે છે કે, નોકર પોતાના માલીકને અને માલીકના ઘરનાં માણસોને ઘૃણાની નજરે નિહાળે છે, તેથી તેમના દુઃખના પ્રસંગે તેનું હૃદય જરા પણ દુઃખની લાગણી અનુભવતું નથી, એ જ અસંતોષની આગ એને માલિકના ઘર તરફ બેવફા બનાવે છે, નોકરને નોકરીએ રાખ્યા પછી તેની સાથે જો ઘરનાં માણસોની જેમ વર્તવામાં આવે તો બહુજ ઓછા નોકરો એવા હશે કે, જેઓ ઉપકારનો બદલો અપકારથી વાળે, અને માલીકના ઘર પ્રત્યે બેવફા બને.

# * મૌનની મહત્તા અને આરાધના *

—: શ્રી મનુભાઇ લાલભાઇ શેઠ–મુંબઇ :—

જૈન શાસ્ત્રમાં મૌન એકાદશીનો દિવસ મહાન પવિત્ર દિવસ તરીકે વર્ણવ્યો છે, શ્રી મહાવીરસ્વામીને વંદન કરીને શ્રી ગૌતમસ્વામી પૂછતા હતા કે, "હે ભગવન્, હે અનંત જ્ઞાનવંત! માર્ગશિર્ષ શુકલ એકાદશીએ પૌષધ કરે તેનું શું ફળ થાય ?" એમ પૂછવામાં આવ્યેથી મહાવીર પ્રભુએ કહ્યું કે, "હે ગૌતમ! સાંભળ, કોઇક સમયે દ્વારિકા નગરીને વિષે શ્રી નેમિનાથ ભગવાન સમોસર્યા તેમને શ્રી કૃષ્ણજી ત્રણ પ્રદક્ષિણા દઇ વિનયપૂર્વક વંદન કરી પર્ષદામાં બેઠા અને ભગવંતે દેશના દીધી, દેશના સમાપ્ત થયા પછી શ્રી કૃષ્ણજી પૂછવા લાગ્યા કે, "હે સ્વામીન, વર્ષના ત્રણસેં–સાઠ દિવસ થાય છે; તે સર્વમાં એવો કયો દિવસ છે. કે જે દિવસમાં અલ્પ વ્રત–તપ, વિગેરે કર્યાથી પણ તે દિવસ બહુ ફળ આપનારો થાય." ત્યારે ભગવાને કહ્યું કે, "હે કૃષ્ણ! માર્ગશિર્ષ શુદિ અગીયારશને દિવસે અલ્પ પુણ્ય કર્યા થકી પણ બહુ પુણ્ય થાય, તેથી એ પર્વ સર્વ પર્વોમાં ઉત્તમ છે, માટે તે આરાધવા યોગ્ય છે, વળી એ અગીયારશને દિવસે જો એક ઉપવાસ કરીએ, તો દોઢસો ઉપવાસનું ફળ થાય." માટે એ દિવસને જૈન ધર્મમાં મહાન પવિત્ર દિવસ તરીકે વર્ણવ્યો છે.

મૌન એકાદશી અંગે જૈન શાસ્ત્રમાં એક પ્રાચીન કથા છે કે–"વિજયપુર નગરને વિષે સુવ્રત શેઠ મૌન એકાદશીને દિવસે પોતાના ગૃહને વિષે પૌષધ લઈ મૌનપણે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા છે, તે અવસરે નગરમાં મોટી આગ લાગી, તે દેખીને સર્વ લોકો કોલાહલ કરવા લાગ્યા, અને અગ્નિ તો સારાએ નગરમાં પ્રસરી ગયો. શેઠને પાડોશી લોકો બૂમ પાડી કહેવા લાગ્યા કે, "હે શેઠજી, તમો જલ્દી ઘરથી બહાર નીકળી આવો, હઠ ન કરો." તે સાંભળી શેઠ તો કુટુંબસહિત કાઉસ્સગ્ગ કરતાં ત્યાં જ રહ્યા, લગાર માત્ર પણ અગ્નિથી બીન્યા નહિ, ત્યાં ધર્મના પ્રભાવથી શેઠનાં ઘર, હાટ (દુકાન) વખારો, ઉપયોગી વસ્તુ, જિનભવન (દહેરાસર) અને પૌષધશાળા, એ સર્વ બચી ગયું, ત્યાં સુવ્રત શેઠની સર્વ સંપત્તિ અગ્નિમાંથી ઉગરેલી જોઇને સર્વ નગરવાસીજનો શેઠનો ધન્યવાદ બોલવા લાગ્યા, આ વાત રાજાએ પણ સાંભળી અને હાથી, ઘોડા, મનુષ્ય, રથ, પ્રધાન, સામંતાદિક પરિવાર વિગેરે સાથે લઇને પોતે શેઠનું ઘર જોવા માટે આવ્યા, તે વારે સર્વ સંપત્તિ અખંડ રહેલી દેખી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો, શેઠ પણ રાજાને આવ્યો જાણીને તેની આગળ ભેટ મૂકી, મોતીને થાળે વધાવ્યા. રાજાએ પણ શેઠની ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે, "તને ધન્ય છે! તું આ નગરનું આભૂષણ છે." એમ કહી રાજા શેઠને તથા તેની અગીયાર સ્ત્રીઓને ઘણાં વસ્ત્રાલંકાર પહેરાવી માન–મહત્ત્વ આપી, શેઠને મળીને પોતાને મહેલે ગયા. નગરલોક સર્વ શ્રી જૈનધર્મની પ્રશંસા કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, "અહો! જૈનધર્મનો મહિમા પ્રત્યક્ષ નજરે દીઠો."

મૌન વ્રતનું પાલન કરવું એ દરેક મનુષ્ય વાસ્તે સુગમ તો નથીંજ, છતાં પણ જગતમાં મનુષ્ય માત્ર જે કાંઇ સત્કાર્ય આત્મશુદ્ધિ વાસ્તે સારી નિષ્ઠાથી કરવાનો સંકલ્પ કરે છે તેને કુદરત જરૂર સહાય કરે છે અને તેથી મુસ્કેલ દેખાતા કાર્યને પણ તે સુગમ બનાવી દે છે આ વ્રતનું પાલન સ્ત્રી કે પુરૂષ કોઇ પણ કરી શકે, કારણ તેમાં કોઇ પણ મોટા વિધિનો અવકાશ નથી, માત્ર મનના દૃઢ સંકલ્પની અને તેને ચુસ્ત વળગી રહેવાની જરૂર છે. વળી મૌન વ્રતના પાલનથી મનોબળ, બુદ્ધિબળ તથા આત્માબળનો વિકાશ થાય છે, આની પાછળ શારિરીક તદુરસ્તી સારી રહે તેમાં કશું આશ્ચર્ય જેવું નથી. મૌન વ્રત પાલન માટે શરૂઆતમાં રોજ થોડો થોડો વખત મૌન એકાદશીનો નિયમ રાખજો અને તેને દૃઢતાથી વળગી રહેવું. ત્યાર બાદ દર અઠવાડીએ તેમાં થોડો થોડો વધારો કરતા જવું.

મૌન વ્રતના પાલનના સમય દરમ્યાન વ્રતધારીએ ખાસ કરીને ચાલુ પ્રભુસ્મરણ કરવુંજ જોઇએ. એમ કરવાથી બેવડો લાભ થાય છે, એક તો પ્રભુભક્તિ થાય છે અને બીજુ મૌન દરમ્યાન મનને વ્યગ્ર કરે તેવા બીજા નકામા વિચારો આવતા નથી, આ મુજબ મન પર ચાલુ સંયમ ન થઇ શકે

તો ધાર્મિક વાંચન તથા શાસ્ત્રાદિના શ્રવણુ રૂપી સત્સંગ નિયમિત કરવો જોઇએ. આમ કરવાથી આસ્તે-આસ્તે મન તથા બુદ્ધિની શુદ્ધિ થતી જશે, અને તેથી આત્મબળની વૃદ્ધિ થશે.

જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ પણુ મૌન સેવનનો મહિમા ઘણો છે. ભગવાન મહાવીર સ્વામીએ પોતાના આત્મ ગુણોને રોકનારા કર્મોનો ક્ષય કરીને સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવા માટે સાડાબાર વરસ મૌનનું તપ કર્યાની વાત જાણીતી છે.

પુરૂષો જ મૌનનું સેવન કરે એવું કાંઇ જ નથી. સ્ત્રીઓ પણુ ધારે તો કરી શકે. આ વ્રતના પાલનમાં દ્રઢતા અને ચાલુ અભ્યાસ એ એની જરૂર છે. તેમજ આ વ્રત વાસ્તે પ્રેમ અને આદર હોવાં જોઇએ. સ્વાભાવિક રીતે તો સ્ત્રીઓ મૌન વ્રત લાંબો સમય ટકાવી શકતી નથી તેનું કારણુ તેમની માનસિક નબળાઇ છે. જેઓ મૌનના વિરોધી છે, તેઓ એમ દલીલ કરે છે કે કુદરતે જે વાણી આપી છે તેનો ઉપયોગ શા વાસ્તે ન કરવો ? એના ઉત્તરમાં જણા-વવાનું કે વાણીનો સદુપયોગ તેમજ દુરૂપયોગ બેઉ થઇ શકે છે અને મોટે ભાગે જનસમાજ એનો દુર-પયોગ જ કરે છે.

"મૌનની ઉપયોગિતા એ છે કે નિંદા, જૂઠ, કઠોરતા, અપશબ્દ, બકવાટ વિગેરેથી જાણ્યે-અજાણ્યે દૂષિત થયેલી વાણીને મૌનનો દંડ દઇને જપ, તપ, મનન, ચિંતવનથી શુદ્ધ કરાય છે." માટે કુદરતે બક્ષિસ આપેલી વાણીનો એવો દુરૂપયોગ કરવો તેના કરતાં મૌન ધારણુ કરવું યોગ્ય છે. વાણીથી આત્મકલ્યાણ કે લોકકલ્યાણુ ન સાધી શકાય તો મૌન જ ઉત્તમ છે. કારણુ કે તેમ કરવાથી તેમજ મૌન ઉપર જણાવ્યું તેમ પ્રભુભક્તિમાં રોકવાથી મનમાં અનિષ્ટ વિચાર આવતા અટકે છે અને મનની એકાગ્રતા સધાતી જાય છે અને એ મુજબ એકાગ્રતા સિદ્ધ થાય તો તેના ઉપરનો સંયમ બહુ જ દ્રઢ થાય છે. એટલે પછી કોઇ પ્રકારના અનિષ્ટ વિચારોને મનમાં સ્થાન પ્રાપ્ત થતું ન હોવાથી તે તદ્દન નિર્મળ બની રહે છે. આ મુજબ નિર્મળ મન થઈ ગયા પછી મુખમાંથી વાણી નીકળે તે પણુ સ્વ અને પરને હિતકારી જ હોય. આ રીતે મૌન રાખવાથી આપણી સ્થિતિ એવી બનાવી દેવાય કે પછી મૌનની પણુ જરૂર નહિ રહે; મૌનથી જે સાધવાનું કાર્ય તે સિદ્ધ થયેલ હોવાથી પછી આપણે જે કાંઇ વચનનો ઉચ્ચાર કરીએ તે પણુ એકાન્તે હીતકારક અને પરને ઉપકારી જ થાય.

મૌન વ્રત શરૂ કરતા પ્રથમ તો રોજ એક-બે કલાક મૌન પાળવાનો પ્રયત્ન કરવો. તે પણ ન બની શકે તો જ્યારે સગવડ હોય તેવા દિવસમાં થોડું મૌન રાખવું અને પછી વધારતા-વધારતા તેને રોજીંદુ વ્રત બનાવવું. રોજીંદુ વ્રત દૃઢ થયા પછી રોજ તેનો સમય વધારવા પ્રયત્ન કરવો અને તેમ કરતા કરતા મૌન વ્રત એ જીવનનો સ્વાભાવિક ધર્મ બની રહેશે.

જૈન સિદ્ધાંતની દૃષ્ટિએ મૌન પાલનના સમયમાં સામાયિક કરવાં, જેથી સ્વાભાવિક રીતે મૌનનું પાલન થઇ શકશે. એમ કરતાં કરતાં મૌનનો અભ્યાસ જેમ દ્રઢ થતો જશે તેમ તેમ તેના સમયમાં વધારો કરવાની ધીમે ધીમે કોશિશ કરવી અને એમ ચાલુ અભ્યાસ વધારતા કેટલાક સમય પછી લાંબો વખત મૌન રાખ-વાની ટેવ પડી જશે. મૌન પાલનના સમયમાં ખાસ કરીને નવકાર મંત્રનો જાપ મનમાં કર્યા કરવો, જેથી પ્રભુના નામ સ્મરણમાં આપણું ચિત્ત પરોવાયેલું રહે અને તેથી મનમાં બીજા કુવિચારો દાખલ ન થવા પામે તો તેટલા દરજ્જે મનની નિર્મળતા વધતી જાય. વધુમાં મૌનના પાલનથી શારીરિક તંદુરસ્તી પણ સુધરવાનો સંભવ વધુ છે. જેમકે આપણી બોલવાની ક્રિયામાં ફેફસાં અને ગળું મુખ્ય ભાગ ભજવે છે, જેમ હારમોનિયમમાં હવા ભરાયેલી હોય તો જ પેટી દાબેથી સ્વરનો અવાજ નીકળે છે, તેવી રીતે ફેફસાં રૂપી ધમણમાં હવા હોવાથી જ અવાજ નીકળે છે. આ મુજબ આપણી બોલવાની ક્રિયાથી ફેફસાને વધતા-ઓછા પ્રમાણમાં ઘસારો લાગે છે તેથી મૌનના પાલનથી તે ઘસારો પડતો અટકે છે, ફેફસા મજબુત થાય તો તેનું કાર્ય જે રક્તશુદ્ધિનું છે તે પણુ સારૂં થાય અને રક્તશુદ્ધિ થાય તો શરી-રની તંદુરસ્તી વધે અને છેવટે આપણું હૃદય પણુ મજબુત થાય. દરદીઓને વાસ્તે તો મૌન એ વગર

પૈસાની દવા છે, માટે તેમણે તો જેમ બને તેમ વધુ મૌન વ્રતનું પાલન કરવું એ આ બધાનો સાર એ છે કે મૌનથી નીચે પ્રમાણેના લાભો થવા સંભવ રહે છે:–

(૧) શારીરિક તથા માનસિક તંદુરસ્તી વધે. (૨) વગર પૈસે કુટેવો છોડી શકાય અને તેથી સુખી થવાય. (૩) તેથી કુટુંબમાં પણ સંપ અને સુખ વધે આથી પ્રત્યેક કુટુંબમાં આ વ્રતનો પ્રચાર થાય તો સમાજ જીવનમાં ઘણો સારો પલટો આવી જાય.

વાણીનો ઉપયોગ પ્રસંગોપાત કરવાનો છે. જેમ કે આપણી જરૂરીયાત પૂરી પાડવા, અન્ય કોઇને નુકશાન થતું લાગતું હોય તો અને પ્રભુ ભજનમાંજ વાણીનો ખાસ ઉપયોગ છે તે શિવાય બાકીનો વાણીનો વ્યભિચાર છે. હવે ઉપર જણાવેલા ત્રણ પ્રસંગેજ વાણીનો ઉપયોગ કરવાનો છે, તે બહુજ સંયમિત હોવો જોઇએ. બુદ્ધિશાળી માણસો વાણીની અને લેખનની કળા ખીલવી શકે છે. ઓછામાં ઓછું લખવાથી કે બોલવાથી આપણે વધુમાં વધુ વિચારો આપી શકીએ ત્યારે જ તે કળામાં ઉત્કૃષ્ટતા આવી કહેવાય.

લાંબો વખત મૌન પાળવાનું બની શકે તેમ ન હોય તો ખાસ કરીને બે વખતમાં મૌન ધારણ કરવું તે ઘણું જરૂરનું છે. જમતી વખતે જો મૌન પાળવામાં આવે તો વાયુકાયનાં જીવોની હાની થાય નહિ અને તેટલે દરજ્જે આપણે પાપ કર્મથી બચીએ. તે ઉપરાંત જમતી વખતે જમવાના પદાર્થોમાં ખોડ ખામી કાઢવાની અનિચ્છનીય પ્રવૃત્તિથી આપણી જાતને બચાવી લઇએ. છીએ. જૈન શાસ્ત્રમાં જમતી વખતે મૌન ધારણ કરવાનું ખાસ ફરમાન છે અને વિશેષે કરીને એકાસણા, આયંબિલ વિગેરે વ્રતોમાં તો મૌન ધારણ કરવું ખાસ આવશ્યક છે. એ નિયમનો ભંગ થાય તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, એમ પણ જણાવેલું છે.

"મૂંગા મનુષ્યના મૌનમાં પરતંત્રતા રહેલી છે; એ મૌનની પાછળ કોઇ પણ શુભ હેતુ નથી હોતો. જેમ એક સશક્ત પુરૂષ તેના હારેલા હરિફને ક્ષમા આપે તેમાં તેની ઉદારતા પ્રત્યક્ષ જોઇ શકાય છે; પણ અશકતના અપ્રતિકારમાં કોઇ સદ્ગુણની સંભાવના નથી હોતી, તેવી જ રીતે મૂંગા મનુષ્યના મૌનની પાછળ મૌનના સંયમનો કોઇ યત્ન નથી હોતો, જ્યારે સાધકના મૌનમાં દૈવી સંપત્તિના આવિર્ભાવ માટેની ઉદાત્ત માનસિક ક્રિયા રહેલી હોય છે."

મૌનથી ધર્મ અને અર્થ બન્નેની સિદ્ધિ થાય છે.


## નૂતન પ્રકાશનો મંગાવો !

**પર્યુષણ સ્તવનાદિ :** ૩૨ પેજી ૨૭૨ પેજ મૂલ્ય ૧–૦–૦ ચૈત્યવંદન, પર્યુષણનાં સ્તવન, થોય, સજ્ઝાય વગેરેનો સંગ્રહ છે.

**નિધાન સ્તવનાદિ સંગ્રહ :** ૧૬ પેજી ૧૩૬ પેજ મૂલ્ય ૧–૦–૦ ચૈત્યવંદનો, થોયો, સ્તવનો અને સજ્ઝાયોનો સંગ્રહ.

**દેવવંદન માળા :** મૌન એકાદશીની કથા. ગણણું તથા દેવવંદન ચૈત્રીપુનમના, અને ચોમાસીના મૂલ્ય ૧–૦–૦

**શ્રી મનોહર મહિમા પૂજા પ્રેમ પુસ્તિકા :** આધુનિક રાગના સ્તવનો મૂલ્ય ૦–૫–૦

બીજાં પુસ્તકો માટે નીચેના સ્થળે પૂછાવો.

નાગરદાસ પ્રાગજીભાઈ
ઠે. દોશીવાડાની પોળ **અમદાવાદ.**

સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.

**સમેતશીખર યાને જૈન તીર્થભૂમિઓ**

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨–૦–૦ ]

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.

# : સાહિત્યનો નવો ફાલ :

**શ્રી વિનયગુણમાળા:** સંપાદકઃ મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી મહારાજ. પ્રકાશકઃ શ્રી ચીમનલાલ ખીમચંદ એન્ડ બ્રધર્સ પોષ્ટ બોક્ષ નં. ૬૦ ભાવનગર. ક્રાઉન સોળ પેજી ૪૯૨ પેજ મૂલ્યઃ ૨–૮–૦ કાગળ, બાઈન્ડીંગ, ગેટઅપ, અને મુદ્રણ વગેરે જોતાં કિંમત ઘણી ઓછી રખાઇ છે. શ્રાવક યોગ્ય વિધિઓ, પચ્ચકખાણો, તપવિધિઓ, ચૈત્યવંદનો, સ્તવનો, ઢાળો, સ્તુતિઓ, સજ્ઝાયો, આધ્યાત્મિક પદો, ખાસ જાણવાલાયક વસ્તુઓ, અને બીજી અનેક પરચુરણ ઉપયોગી બાબતો સંગ્રહી છે. પુસ્તક ઘણું ઉપયોગી છે. આવા પુસ્તકોની તો હજારો નકલો પ્રકાશિત કરી ખપી આત્માઓને જુજ કિંમતે આપવી જોઇએ. સંપાદક અને પ્રકાશકનો પ્રયાસ સાર્થક થયો દેખાય છે.

**નીતિકથાઓ** : ભાગ ૨ જો લેખક : શ્રી જયભિક્ખુ; પ્રકાશકઃ શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ–અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૯૮ પેજ મૂલ્યઃ ૧–૦–૦ નીતિકથાઓનો આ બીજો ભાગ છે. નીતિવિષયક નવ વાર્તાઓનો સંગ્રહ છે. લેખકે આજ સુધીમાં ઘણી કથા–વાર્તાઓ લખી નાખી છે એટલે વાર્તાનો ઉઠાવ લાવવાની કળા લેખકને હસ્તગત છે.

**હંસરાજાની કથા:** લેખકઃ મુનિરાજશ્રી શુભંકરવિજયજી મહારાજ. પ્રકાશકઃ હસમુખલાલ કે. ગાંધી જી. પંચમહાલ વેજલપુર ક્રાઉન સોળ પેજી ૨૦ પેજ મૂલ્ય ૦–૬–૦ ૨૦ પેજના હિસાબે છ આના વિશેષ ગણાય. જો કે સચિત્ર છે પણ આવાં પુસ્તકો સસ્તાં રખાય તો જ પ્રચાર અને ઉઠાવ સારો થાય. સત્ય પાલન ઉપરની આ કથા રસપ્રદ અને બોધક છે.

**હરિબલ મચ્છી ચરિત્ર:** લેખકઃ મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજ પ્રકાશક : શ્રી મોતીચંદ દીપચંદ ઠળીઆ (ભાવનગર) ક્રાઉન સોળ પેજી ૯૬ પેજ અહિંસાધર્મ ઉપરની આ કથા છે. ૭૫મા પેજથી નવસ્મરણ દાખલ કરવામાં આવ્યાં છે. વાર્તા વાંચકોને દયાધર્મ પ્રત્યે આકર્ષે એવી છે.

**અસાડાભૂતિ:** લેખકઃ શ્રી જયભિખ્ખુ; પ્રકાશકઃ શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૨૪ પેજ મૂલ્ય ૦–૪–૦ અસાડાભૂતિનું નાટક ગજબનું હતું, જેથી લેખકના લખવા મુજબ જોનારા અને ભજવનારાઓનો બેડો પાર થઇ ગયો.' વાર્તા જેટલી ટૂંકી છે એટલી જ રસપ્રદ છે. મોટા ટાઇપ અને સરળ ભાષામાં હોવાથી બાળજીવોને વધુ ઉપયોગી છે.

**નરવિક્રમ ચરિત્ર:** [સંસ્કૃત ગિરાનુવાદ] અનુવાદકઃ મુનિરાજશ્રી શુભંકરવિજયજી મહારાજ પ્રકાશકઃ ઝવેરી અજિતકુમાર નંદલાલ ઠે. પાદશાહની પોળ, અમદાવાદ. પ્રતાકારે પ્રાકૃત-સંસ્કૃત છે. ૧૪૦ પેજ મૂલ્ય ૩–૮–૦ મૂળ ગ્રંથ પ્રાકૃતમાં છે. મુનિરાજશ્રીએ સંસ્કૃતમાં અનુવાદ કર્યો છે. સંસ્કૃત–પ્રાકૃત બન્ને અભ્યાસકોને ઉપયોગી પ્રત છે.

**શારદાપૂજન વિધિ:** પ્રકાશકઃ સોમચંદ ડી. શાહ ઠે. જીવનનિવાસ સામે **પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ] ક્રાઉન સોળ પેજી ૧૬ પેજ ૦–૪–૦ પોષ્ટેજ સહિત. શ્રી મહાવીરસ્વામી, શ્રી ગૌતમસ્વામી, શ્રી પાર્શ્વનાથસ્વામી, સિદ્ધચક્રજીના ફોટાઓ સાથે શારદાપૂજનની વિધિ, આરતી, છંદ, પ્રભાતિયું વગેરેનો સંગ્રહ છે. ચોપડાપૂજન કરવા માટે આ

પુસ્તિકા ઉપયોગી છે, બ્રાહ્મણને બોલાવવાની જરૂર નહિ રહે.

**વિવિધ પૂજા સંગ્રહ**: પ્રકાશક: શ્રી ચંદુલાલ જેઠાલાલ ખંભાતવાળા ઠે. લાલબાગ સ્નાત્ર મંડળ ખેતવાડી ૩જી ગલી, ડાહ્યાભાઇ ઘેલાનો માળો, ૧લે માળે, મુંબઇ ૪, ક્રાઉન સોળ પેજી ૩૮૮ પેજ મૂલ્ય ૩-૦-૦ શ્રી સિદ્ધચક્ર આરાધનની નવે દિવસની વિધિ ઉપરાંત નવાણું પ્રકારી, ચોસઠ પ્રકારી, બાર વ્રતની, પીસ્તાલીશ આગમની, અષ્ટપ્રકારી, અને વીશસ્થાનકાદિ પૂજાઓનો સંગ્રહ છે, તીર્થો વગેરેના ફોટાઓ પણ આપ્યા છે.

**નરકેશરી** વા **નરકેશ્વરી**: લેખક: શ્રી જયભિકખુ: પ્રકાશક: શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ઠે. ગાંધી રોડ, અમદાવાદ ક્રાઉન સોળ પેજી ૪૧૬ પેજ મૂલ્ય રૂા. સાડા પાંચ શ્રી જયભિકખુની કલમ એટલે કહેવાનું શું હોય? આ પુસ્તકમાં નવીન શૈલિએ મગધરાજ શ્રેણિકનું જીવન આલેખ્યું છે. લેખક ઉપર નવા યુગની ઘેરી છાયા પડેલી તો છે એટલે લખાણની કેટલીક હકીકતો સાથે મતભેદ ઘણાઓને રહે છે, પણ લેખકે લખવાની કળા હાથ કરી છે, એવી કળા બીજાઓમાં ઓછી જોવામાં આવે છે. પુસ્તકનું ગેટઅપ વગેરે સુંદર છે.

**સમકીત સડસઠ બોલની સજ્ઝાય**: સંપાદક: પ્રભુદાસ બહેચરદાસ પારેખ, પ્રકાશક: શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા (ઊ. ગૂ.) ૧૩૧ પેજ બોર્ડપટ્ટી બાઇન્ડીંગ મૂલ્ય ૦-૧૨-૦ સમકીત સડસઠ બોલની સજ્ઝાયનો શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ આપી સમકીતના સડસઠ બોલની સ્પષ્ટ સમજણ આપી છે. આ પુસ્તકના અભ્યાસ વાંચન અને મનનથી શ્રદ્ધા અનેકગણી પોષાય એમ છે.

**દિવ્યદર્શન**: [ સાપ્તાહિક ] પ્રકાશક: શ્રી બચુભાઈ ચીમનલાલ ઝવેરી ૧૬૭-૧૬૯ કીકા સ્ટ્રીટ મુંબઇ-૪ આ સાપ્તાહિકનો અમને ચોથો અને દિવાળીઅંક મળ્યો છે. સાપ્તાહિકમાં પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારજશ્રીનાં પ્રવચનો અપાય છે. તેની ગ્રાહક સંખ્યાને વાચનમાંથી શ્રદ્ધાપોષક ઘણું મળી રહે એમ છે. વાર્ષિક લવાજમ રૂા. ૬)

×


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો!

સ્વ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ બ્યા. વા આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે-

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧-૮-૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરૂમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩-૦-૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો.] ૬-૦-૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**
ઠે. ભવાની પેઠ **પુના-૨.**

**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]

## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેશીયાલીસ્ટો.
**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંત, ભારતમાતા**

નમુના માટે લખો.

**ધી નડીઆદ અગરબત્તી વર્ક્સ**
ઠે. સ્ટેશનરોડ, **નડીઆદ.**

સોલ એજન્ટ.
**શાહ નાગરદાસ ખેતસીદાસ**
ઠે. અમદાવાદી બજાર, **નડીઆદ.**

* જગડુ ! જીવતો મેલ, પનરોતેર પડું નહિ. *

# 卐 દાનેશ્વરી જગડુશાહ 卐

—: શ્રી ફુલચંદ હરીચંદ દોશી-મહુવાકર :—

## પ્રવેશ ૮ મો

**ગામડીઓ** : ઓ અવનિના આધારસમા મેઘરાજા ! રાજા, આજે તું કેમ રૂઠયો બાપલા ? તળાવડાં સૂકાઇ ગયાં, કુવા ખાલીખમ થયા, વાવડીનાં પાણી પાતાળ પહોંચ્યાં, પશુડાં મરવા પડયાં, બાળકો ટળવળવા લાગ્યાં, પગે પાટો બંધાય પણ કંઇ પેટે પાટા બંધાય છે ? હવે ઝાડવાનાં પાંદડાં પણ સૂકાઇ ગયાં, પશુ તો શું પણ હવે તો પંખીડાં પણ તરફડવા લાગ્યાં ઓ પ્રભુ ! આ દુનિયાનું હવે શું થવા બેઠું છે ?

**બીજોગામડીઓ** : [ હતાશ થઇને ] અરે રામ ! રામ ! ચારે તરફ રખડી-રવડીને થાકયો પણ એક રોટલીનો ટુકડો કયાંયે મળ્યો નહિ. શું દુનિયામાંથી દયા-ધર્મનો તદ્દન નાશ થઇ ગયો ? ઓ પ્રભુ ! આવી આફત કયાં સુધી ?

**શહેરી** : ભાઇ ! ભીખ માંગતા તમારી ભૂખ નથી ભાંગતી એ તો ઠીક પણ મને તો પૈસા દેતાં પણ અનાજના દાણા નથી મળતા. જુઓ ! આ એક દ્રમના તેર ચણા મળ્યા છે. હવે એ હું ખાઉં કે બૈરીને ખવડાવું કે બાળકોને આપું ? અરે ભગવાન, આવી આફત કરતાં તો મોત સારૂં !

( દાંડી પીટાવાનો અવાજ સંભળાય છે. )

**શહેરી** : અરે સાંભળો તો ખરા ! આ દાંડી પીટનાર શું કહે છે ? ( નેપથ્યમાંથી ) સાંભળો ! ભદ્રાવતી નગરીનાં નર-નારીઓ ! કાન દઇને સાંભળો ! દુષ્કાળનાં આ દોહેલા દિવસોમાં દાનવીર શેઠ જગડૂશાહે સમસ્ત ભારતવર્ષમાં ઠેરઠેર અનાજના કોઠારો ખુલ્લા મૂકયા છે. ગરીબો માટે ગામોગામ રસોડાં ચાલુ છે. અનાજ વિના આપણા દેશનો એક પણ માણસ મરી ન જાય એ માટે દાંડી પીટીને જાહેર કરવામાં આવે છે કે, જેને દાણાની જરૂર હોય તે કાંઠાને દરવાજે આવેલા કોઠાર પર જાય અને જેને ભોજનની જરૂર હોય તે વીર વિશ્રામને મોટે રસોડે જાય. બોલો જગડૂ દાતારની જય !

( સૌ અંતિમ જયકારને ઝીલે છે )

**શહેરી** : અરે ભાઇઓ ! આપણાં ભાગ્ય ખુલી ગયાં. દાનવીર શેઠ જગડૂશાહના કોઠાર ઉઘડી ગયા. ચાલો ! હવે ઝટ ચાલો ! કચ્છના દાતાર શિરોમણીની દયાથી આપણે ભૂખના ભયંકર દુઃખમાંથી ઉગરી ગયા. આપણો બેડો પાર થઇ ગયો ! બોલો ! દાનવીર શેઠ જગડૂ-શાહનો જય !

( જયકારને ઝીલતા સૌ જાય છે. )

## પ્રવેશ ૯

**સ્થળ**-શેઠ જગડૂશાહની ભોજનશાળા.

( ભોજનશાળામાં કોઇ જમે છે, કોઈ જમવા બેસે છે, કોઇ જમીને ચાલતા થાય છે. )

**મુનિમ** : ખૂબ જમજો ! બધા પેટભરીને ખાજો ! આ અન્નક્ષેત્ર દરેક વ્યક્તિને માટે રાતદિવસ ખુલ્લું છે.

**સિપાઈ**: મુનમિજી ! બહાર એક દૈત્ય જેવો ભૂખાળવો માણસ "ખાઉં ! ખાઉં !" કરતો આવ્યો છે.

**મુનિમ** : આવવા દો એને ! આ અન્નક્ષેત્રમાં આવીને જમવાની કોઇને પણ મનાઇ નથી.

**ભૂખાળવો** : ખાઉં ! ખાઉં ! હું વરસોનો ભૂખ્યો છું. મારા અંગેઅંગમાં ભયંકર ભૂખ વ્યાપી ગઈ છે. ખાવા આપો ! ખાવા આપો !

**મુનિમ** : બેસ, ભાઇ બેસ ! તને જેટલું જોઇએ તેટલું પેટ ભરીને ખા ! ખાઇ-ખાઇને તું કેટલું ખાવાનો હતો ?

(જમવા બેસાડે છે. પીરસનારા પીરસવા માંડે છે. ભૂખાળવો બધું ખાતો આવે છે.)

**પીરસનાર** : મુનિમજી ! આ માણસ નથી પરંતુ કોઈ રાક્ષસ લાગે છે. હજારો માણસો જમી ગયા પણ એનું પેટ તો ભરાતું જ નથી.

**મુનિમ** : કંઈ વાંધો નહિ, એ જેટલું ખાય તેટલું ખવડાવો !

( ભૂખાળવો ખાતો આવે છે, બીજાની થાળીઓમાંથી લેતો આવે છે અને "ખાઉં ! ખાઉં !" કરતો આવે છે. )

**જગડુશાહ** : ( આવીને ) શું છે મુનિમજી ? આ શું ઉત્પાત છે ?

**મુનિમ** : શેઠજી ! આ ભૂખાળવો કેમે કરતાં ધરાતો નથી. પીરસનારા પીરસી પીરસીને થાકી ગયા પણ એનું પેટ તો ભરાતું જ નથી.

**જગડુશાહ** : એમ છે ? તો એને ઘીની કોઠીમાં ઊતારીને નાળોથી એના મોઢામાં ઘી રેડવા માંડો !

( ભૂખાળવાને ઘીની કોઠીમાં નાખી એના મોઢામાં ઘી રેડવામાં આવે છે. )

**ભૂખાળવો** : બસ ! રહેવા દો ! હવે રહેવા દો ! બસ કરો ! હું માણુસ નથી, પણ પંદરોતેરો દુષ્કાળ પોતે છું. હું તો તમને હરાવવા આવ્યો હતો પણ તમે જ મને હરાવી દીધો. બસ કરો ! હવે બસ કરો ! હવે તો મરી જઇશ ! મારૂં પેટ ફાટી જશે !

**જગડુશાહ** : નહિ, હવે તો આખી કોઠીનું તમામ ઘી તારે જ પીવું પડશે.

**ભૂખાળવો** : જવા દો ! હવે મને જીવતો રહેવા દો ! હું હાર્યો ! ઓ જગડુશાહ ! તું મને અહીંથી જીવતો જવા દે તો હું પંદરોતેરો દુકાળ* કદી પડવાનો નથી. આ મારૂં વચન છે ! "**જગડુ ! જીવતો મેલ, પનરોતેર પડું નહિ !**"

( પડદો પડે છે. )


## જૈનમંદિર ઉપયોગી કારીગરીવાળાં ઉપકરણો

ચાંદી અને જરમન સીલ્વરનાં પતરાં જડીત રથ, સિંહાસન, સમોવસરણ, બાજોઠ, ભંડાર, પાલખી, સ્વપ્નાં, વિગેરે તમામ પ્રકારનાં ઉપકરણ બનાવનાર.

: : પ્રખ્યાત શિલ્પીઓ : :

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલની કું.**

હીરાબાગ, ખત્તરગલ્લી સી. પી. ટેન્ક: મુંબઈ-૪.




'પરમાર્થ પત્રમાલા' વિભાગદ્વારા 'કલ્યાણ'ના વાચકોની સાથે સંસર્ગમાં રહેવાની અમારી યોજના છે. રાજકીય, સામાજિક તેમજ ધાર્મિક વિષયના ચાલુ પ્રશ્નો, ચર્ચાઓ તથા વિચાર વિનિમય માટે આ વિભાગ 'કલ્યાણ'માં શરૂ કર્યો છે. પોતાને જે કોઇ વિચારો વિષે જાણવા, સમજવા કે ચર્ચા કરવા જેવું લાગે તે 'કલ્યાણ'ના સંપાદક પર મોકલવાથી આ વિભાગમાં તેને અંગે વિચારવિનિમય થશે. કોઇપણ વ્યક્તિ કે કોઇની અંગત બાબતો અહિં નહિ રજૂ થાય. પ્રશ્નકાર પોતાનું નામ પ્રગટ કરવા નહિ ઇચ્છે અને સંજ્ઞા મોકલશે, તો જવાબ તે રીતે અહિં રજૂ થશે.—લે૦

**ભાઇ શ્રી બાગ-ઝાંઝીબાર**—આપણા સમાજમાં વર્તમાનમાં ચાલતી લગ્નપ્રથા બાબતનો તમારો પત્ર મળ્યો. લગ્નવ્યવહારમાં આજે નિરર્થક જે ધમાલ, આડંબર તથા ખર્ચાઓ થઇ રહ્યા છે, તે કેટલીકવેળા અનિચ્છનીય હોય છે. સાદાઇથી આ પ્રસંગ પતે તે ઇષ્ટ છે. પણ આજકાલ 'સાદાઈ'ની પાછળ પણ આડંબર, દંભ તથા મોટાઈનાં પ્રદર્શનો યોજાય છે. ત્યારે ઘડિભર એમ થઈ જાય છે કે, શું સાદાઇ શબ્દનો અર્થ આમ દંભને પોષવામાં થતો હશે કે? આજે જીવનના પ્રત્યેક વ્યવહારોમાં માનવસમાજે પરિમીત ખર્ચાવાળા બનવું જોઇશે. નાકના કે નામના પાછળના પાર વિનાના ખોટા ખર્ચાઓથી સંસારમાં અનેક પાપો જન્મે છે. સંતાપ, મૂંઝવણુ તેમજ શારીરિક–માનસિક કલેશો આની પાછળ પેદા થયા જ કરે છે. પુત્ર કે પુત્રીના લગ્ન પ્રસંગે સાદાઇથી વ્યવહાર કરનારા મા-બાપો આજે રહમજુ ગણાવા જોઇએ યેન–કેન પૈસા મેળવવા પાછળ, અને આ રીતે દંભી જલસાઓમાં ખર્ચવા પાછળ જે રીતે આજના માનવ સંસારનું લક્ષ્યબિંદુ ઘડાઈ ગયું છે, એમાં કોઇપણ રીતે પલટો આવવો જ જોઇએ.

હવે આવે છે, તમારો બીજો મુદ્દો; 'લગ્નવિધિમાં બ્રાહ્મણો આવે છે અને જે કાંઈ ક્રિયાકાંડો કરે છે તે શું ઇચ્છનીય છે?' આનો જવાબ એ હોઇ શકે કે આપણે જૈનસમાજ તરીકે એ સંસ્કૃતિના પ્રવાહમાં રહેલા છીએ. ધર્મે જૈન હોવા છતાંયે સામાજિક દૃષ્ટિએ આપણે હિંદુ છીએ. એટલે કેટલાક સામાજિક રીતરિવાજોમાં આપણે હિંદુ સમાજના નિયમાનુસાર આજે વ્યવહાર કરી રહ્યા છીએ. જન્મથી માંડી મરણ પર્યંતના કેટલાક એવા વ્યવહારો છે કે, જે આજે હિંદુ સમાજના રીતરિવાજ મુજબ આપણા પરંપરાગત વ્યવહારોમાં પ્રચલિત બન્યા છે. અલબત્ત ધાર્મિક વ્યવહારોમાં આપણે દરેક રીતે સ્વતંત્ર છીએ. આપણા ધર્મગુરૂઓ તો સંસારત્યાગી હોવાથી જૈનસમાજના પુત્ર–પુત્રી સંતાનોને ચોરીમાં બેસાડી–પરણાવી આપે તે તેઓની પવિત્રતા, તેઓનો આદર્શ તથા તેઓની પરંપરાગત લોકોત્તર મર્યાદાને કોઇ રીતે સુસંગત નથી જ.

જેઓએ સમસ્ત સંસારને ત્યજી, કેવલ આત્મકલ્યાણની ખાતર મન, વચન અને કાયાથી દુન્યવી સંબંધોના મમત્વને મૂકી દઇ, શ્રી જિનેશ્વરદેવના સર્વવિરતિ માર્ગનો સ્વીકાર કર્યો છે, તેઓ આવી બધી પ્રવૃત્તિઓમાં સ્વપ્ને પણ ભાગ લઈ ન શકે. ધાર્મિક બાબતોમાં આપણે એમને સર્વાધિકારી તરીકે સ્વીકારીએ છીએ જ્યારે અન્યાન્ય સામાજિક–સાંસારિક વ્યવહારોમાં તેઓના ઉપદેશથી વિરૂદ્ધ, જૈન સિદ્ધાંત વિપરીત આપણી પ્રવૃત્તિ ન હોવી જોઇએ, એટલું જ આપણે એમને સર્વાધિકારી કબૂલ્યા પછી જોવાનું રહે છે.

પત્રમાં તમે સૂચવેલા બધા મુદ્દાઓનો જવાબ આવી જાય છે. હજુ પણ ખાસ ન સમજાય તેવી વાત હોય તો વિસ્તારપૂર્વક અવસરે જણાવશો. જેથી વધુ સ્પષ્ટતા થઇ શકે.

૨

**ભાઈ પ્રવીણચંદ્ર મહેતા-ગદારફ-**' હિંદુ સંસ્કૃતિ ' ના સ્વાભિમાનપૂર્વક લખાયેલા તમારા બન્ને પત્રો વાંચ્યા-વિચાર્યા. આફ્રિકા જેવા દૂર દેશમાં રહેવા છતાં ભારતમાં તેના દેશનાયકોદ્વારા સંસ્કૃતિ દ્રોહના જે અવિચારી કાર્યો પોતાની જવાબદારીનાં ભાન વિના થઈ રહ્યા છે, તેને અંગેની તમારી મનોવ્યથા તમે જે રીતે વ્યક્ત કરી રહ્યા છો, તેમાં હું મારી સમવેદના પ્રગટ કરૂં છું.

ભાઈ! આજે હિંદમાં બધેય કેવળ શિર્ષાસનનો પ્રયોગ ચાલી રહ્યો છે. માથું નીચે અને પગ ઉંચે એવા પ્રકારની ક્રિયાને આપણે ત્યાં શિર્ષાસન કહેવાય છે. ભારતના રાજદ્વારી પુરૂષો આમ બુદ્ધિમાન, વ્યવહારદક્ષ કે ચતુર છે, એમાં બે મત નથી જ. પણ ભારતવર્ષની જુગજૂની સંસ્કૃતિ વિષે તેઓ આજે જે કાંઇ બોલી કે આચરી રહ્યા છે, તે તેઓના હાથે કેવળ છબરડાઓ જ વળી રહ્યા છે, એમ કહેવું એ જરાયે અતિશયોક્તિભર્યું નથી. આમાં સ્વ. શ્રી ગાંધીજીથી માંડીને શ્રી પુરૂષોત્તમદાસ ટંડન જેવા બધાયે રાજકીય આગેવાનોનો સમાવેશ થઇ જાય છે.

તેઓ ઘડીકમાં ' હિંદુ-મુસ્લીમ વચ્ચેના રોટી વ્યવહારની વાતો કરે છે, ઘડિકમાં વળી તેઓ બન્ને કોમોના સામાજિક વ્યવહારો જુદા હોઇ બંન્ને માટેના સામાજિક કાયદાઓ જુદા હોવા જોઇએ 'ની બૂમો મારે છે. આ બધી તેઓના ભાષણોમાં નિતનવી બોલાતી વાતો પરથી આપણને તો ખરેખર એમ જ લાગ્યા કરે છે કે, આજે આ દેશનાયકો સંસ્કૃતિ નાશના માર્ગે જાણે-અજાણે જઈ રહ્યા છે. જે દેશમાં સંસ્કૃતિ. સચ્ચારિત્ર કે નીતિનિયમોનાં બંધનો, તેની મર્યાદા અને તેની પવિત્રતા, સ્હામે આ રીતે છડેચોક દ્રોહ ઉભો કરાતો હોય, તે દેશનું ઉત્થાન, કે પ્રગતિ અવશ્ય રૂંધાતી જાય છે. આ એક ઐતિહાસિક સત્યને આજના આપણા તંત્રવાહકો ન ભૂલે એમ આપણે જરૂર ઇચ્છીશું.

હિંદુસંસ્કૃતિ એ ત્યાગ, સત્ય, સંયમ તથા વિશ્વબંધુત્વના પાયા પર ઉભેલી ભવ્ય ઇમારત છે, સંસ્કૃતિના આ પાયાઓ એ સંસ્કૃતિનો પોતાનો પ્રાણ છે, આની ખાતર દેશના પ્રાચીન સંત, મહાત્માઓ કે ત્યાગી મહાપુરૂષોએ પોતાનું સર્વસ્વ બલિદાન આપ્યું છે, આમાંનો એક પણ પાયો જો ખસેડાયો, તો સંસ્કૃતિની ભવ્ય ઇમારતને બેસી જતાં વાર નહિ લાગે, અને સંસ્કૃતિના નાશ પછી દેશમાં જે કાંઇ નવરચના. આબાદિ કે ઉન્નતિની વાતો યા યોજનાઓ એ મરણ પાછળના મરસીયાં જ છે, પ્રાણ વિનાના ખોખાની પૂજા છે.

આપણે જરૂર ઇચ્છીશું કે, હિંદ જેવા સંસ્કૃતિપ્રેમી પ્રાચીન ભારતના આજના તંત્રવાહકો ખૂબ જ સમજણપૂર્વક સંસ્કૃતિ ઉત્થાનનાં માર્ગે ડગ ભરે! અને જાણે-અજાણે હિંદુસંસ્કૃતિ માટે ભયરૂપ જે પ્રવૃત્તિઓ તેઓના હાથે થઇ રહી છે, તે માર્ગેથી તેઓ પાછા વળે!

આ સિવાય આજે આપણે બીજું શું કરી શકીએ તેમ છીએ?

---


## મીસ્ત્રી ચીનુભાઈ એન્ડ કું.

અમારે ત્યાં જૈન દહેરાસરો તથા મંદિરોનું સોના-ચાંદીનું કામ જેવું કે, આંગી, મુગટ, સિંહાસન, રથ, ઇન્દ્રધ્વજાની ગાડી વગેરેનું કામ સુંદર અને સંતોષપૂર્વક કરી આપવામાં આવે છે.

ઠે. પારેખ પોળ, **ઉંઝા** [ ઊ. ગુ. ]

**તા. ક.** અમારા માનવંતા ગ્રાહકોને એક વખત પધારવા તથા અમને પૂછાવવા વિનંતિ છે.

## જિન પ્રતિમાજીના— લેપ માટે પૂછાવો!

અમોએ સૌરાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણ, મારવાડ, અને કચ્છના ઘણા શહેરોમાં લેપનું કામ સંતોષપૂર્વક કરી આપ્યું છે. શેઠ આણંદજી કલ્યાણજી પાલીતાણા પેઢીમાં અને તેમના હસ્તક ચાલતાં ઘણાં કામો કરી સર્ટીફીકેટ મેળવ્યાં છે,

પેઈન્ટર ઝવેરભાઇ ગોવીંદ
,, શામજી ઝવેરભાઇ
ઠે. જગુભિસ્ત્રીની શેરી **પાલીતાણા.**

# : સત્વની કસોટી :

—: પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર :—

૨

અંગદેશમાં ચંપા નામે નગરી છે. તે નગરીમાં સિંહરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને કમળપ્રભા નામે પટ્ટરાણી છે. સિંહરથ રાજાને મોટી વયે કમળપ્રભાની કૂખે પુત્ર થયો. રાજ્યશ્રીનું પાલન કરવામાં સમર્થ તે પુત્રનું નામ રાજાએ શ્રીપાલ રાખ્યું.

સંસારમાં સહુના બધા દિવસો એક સરખા જતા નથી. પાંચ પાંચ ધાત્રીમાતાઓથી લાલન–પાલન પામતો શ્રીપાલ જ્યારે બે વર્ષનો થયો ત્યારે સિંહરથ રાજા અકસ્માત્ શૂલ રોગથી મૃત્યુ પામ્યા. રાજાના અચાનક મૃત્યુથી રાજકુલમાં શોકનું વાતાવરણ ફરી વળ્યું. કમલપ્રભા પતિના મૃત્યુથી માથા પર વજ્ર પડયાની જેમ આઘાતથી વિહ્વલ બની ગયા, પણ મતિસાગર મંત્રીએ રાજમાતાને શાન્ત્વન આપ્યું. મંત્રીએ તરત જ રાજાના અચાનક મૃત્યુથી રાજ્ય પર બાળક શ્રીપાલને સ્થાપ્યા, અને બે વર્ષના બાળક શ્રીપાલ પર રાજસિંહાસનનો અભિષેક કર્યો. તેમજ રાજા શ્રીપાલના નામથી મંત્રી મતિસાગર બધી રાજ્યવ્યવસ્થા ચલાવવા લાગ્યા.

ચંપાના રાજા સિંહરથના મૃત્યુથી તેના ભાઈ અજિતસેનની મનોવૃત્તિ પલટાઈ. ચંપાનું રાજ્ય પડાવી લેવાનો સત્તાલોભ અજિતસેનના હૃદયમાં જાગ્રત થયો. લોભ એ ખરેખર ભયંકર પાપ છે. અનેક પ્રકારના અનર્થોની ઉત્પત્તિ લોભને આધીન છે. અજિતસેને ચંપાનગરીના રાજકુળના જે જે જુના માણસો હતા તે બધાને દામ અને ભેદથી વશ કરી લીધા. તેણે અચાનક ચંપાને ઘેરો ઘાલ્યો મતિસાગર મંત્રી આ બધા વાતાવરણને પામી ગયા. તે તરત જ રાજમાતા કમલપ્રભાની પાસે આવીને કહેવા લાગ્યા, ' દેવી ! કોઇ પણ રીતે બાળક શ્રીપાલનું રક્ષણ થાય તેમ કરો, તમે અહિંથી રાતોરાત નીકળી જાઓ, નહિતર; શ્રીપાલનો જાન જોખમમાં છે. અજિતસેન, શ્રીપાલને મારી ચંપાને સ્વાધીન કરવા ઇચ્છે છે, આજે આખી ચંપા નગરીમાં આપણા માણસો કોઇ નથી અને આવા અવસરે કોઇનો વિશ્વાસ પણ કેમ રાખી શકાય ? જો કોઇ પણ રીતે શ્રીપાલ જીવતો હશે, તો ફરી આ રાજ્ય આપણું છે.' આથી રાજમાતા કમલપ્રભા, બાળક શ્રીપાલને પોતાની કેડ પર બેસાડી રાતોરાત અચાનક નગરીમાંથી ભાગી છૂટયા. આ પણ કર્મની લીલા છે. એક વખતે જેના પડયા બોલને વધાવી લેવા સેંકડો દાસ–દાસીઓ હાજર રહેતાં. પાણી માંગતાં દૂધ મળતું, તે રાજમાતાને ઘોર જંગલમાં ભયંકર રાત્રિના સમયે રાજકુમારને કેડે બેસાડી રસ્તો કાપવો પડે છે. કાંટા–પથરાઓથી ગીચોગીચ જંગલના રસ્તાને લંઘતા રાજમાતા થાકે છે. બાળક કંટાળે છે, છતાં હિમ્મત એકઠી કરી, રાજમાતા આગળને આગળ વધી રહ્યા છે. '

એટલામાં દિવસ થયો. સામેથી કોઢીયા માણસોનું મોટું ટોળું રાજમાતાને મળ્યું. રાજરાણીનું તેજસ્વી લલાટ, અને તેમનાં શરીરના દેખાવથી આ માણસો રાજમાતાને કોઇ મોટા ઘરની સ્ત્રી તરીકે જાણી, એમની બધી હકીકત પૂછી–સાંભળી એમને આશ્વાસન આપે છે. કમલપ્રભા, પોતા પર વીતેલ બનાવોથી ક્ષણભર દિંગ્મૂઢ બને છે, કર્મની ગતિ કેટકેટલી વિચિત્ર છે ? રાજા સિંહરથનું અચાનક મૃત્યુ, રાજ્યનું પતન અને જંગલમાં ભાગી છૂટવું. છતાં ધીરતાથી કમલપ્રભા, પોતાના હૃદયને વજ્રનું બનાવી, આ બધું સહે છે.

રાજમાતાના ગયા પછી, અજિતસેને ચંપાનું રાજ્ય લઈ લીધું અને રાજમાતા તેમજ શ્રીપાલને પકડવા માટે પોતાના સૈનિકોને આદેશ કર્યો. સૈનિકો કમલપ્રભાની પૂંઠે એ જ રસ્તે આવ્યા. ઘોડેસ્વારોને આવતાં જોઈ કોઢીયાઓના ટોળાએ રાજમાતા તેમજ શ્રીપાલને પોતાનાં ટોળામાં છૂપાવી દીધા. સૈનિકો નિરાશ થઇ પાછા ગયા.

આ બધા ઉંબરોએ શ્રીપાલકુમારને તેમજ રાજમાતાને ખચ્ચર પર બેસાડયાં. તે લોકો બન્નેની ઉત્તમ પ્રકારની સેવા કરવા લાગ્યા અને માતાની જેમ કમલપ્રભાને ભકિતપૂર્વક પૂજવા લાગ્યા. આ લોકોની સાથે રાજમાતા ક્રમે ઉજ્જયિની નગરીમાં આવ્યા. કોઢિયા માણસોના પરિચયથી બાળક શ્રીપાલનાં શરીરમાં કોઢ રોગ લાગુ પડયો. રાજમાતા ઉજ્જયિનીમાં રહી

શ્રીપાલને પાળે છે અને બાળક શ્રીપાલ, ધીરેધીરે મોટો થાય છે. જ્ઞાન, વિજ્ઞાન, સાહિત્ય, કલા આદિના વિષયમાં શ્રીપાલકુમાર પ્રવીણ બને છે. ધર્મશ્રદ્ધા પહેલેથી સવિશેષ છે.

શ્રીપાલના શરીરમાં કોઢ વધતો રહ્યો, આથી રાજમાતા કમલપ્રભા તેને સારૂ કૌશાંબી નગરીમાં પ્રસિદ્ધ વૈદરાજ પાસે ઔષધ લેવા ગયા, શ્રીપાલકુમારને ઉજ્જયિનીમાં મૂકીને કોઢીયાઓનું ટોળું દેશ-પરદેશમાં ફરવા નિકળી પડયું, અનેક દેશ-પરદેશોમાં ફરીને તે લોકો ઉજ્જયિનીમાં આવ્યા. અને શ્રીપાલકુમારને રાજા બનાવી તેમને ખચ્ચર પર બેસાડી તે બધા સેવકોની જેમ તેમની સેવા કરવા લાગ્યા.

૩

પ્રજાપાલ રાજા પોતાના પરિવારની સાથે ઉજ્જયિનીની બહાર રાજરસ્તેથી જઇ રહ્યા છે, એ વેળા એમની સ્હામે સેંકડો માણસોનું ટોળું આવી રહ્યું છે. રસ્તામાં ચોમેર ધૂળના ગોટેગોટા ઉડી રહ્યા છે, એ અવસરે પ્રજાપાલ, પોતાના મંત્રીને કહે છે 'આ સામેથી કોણ આવે છે? જે કોઇ હોય તે લોકોને બીજા રસ્તે જવાનું કહો!'

મંત્રીએ આવનાર માણસોના ટોળાની વાત જાણીને રાજાને વિનતિ કરી; 'સ્વામિન! એક સરખી વયના, સરખા સ્વરૂપના ૭૦૦ કોઢિયા માણસોનું ટોળું આવી રહ્યું છે, તેઓએ એક બાળકને ખચ્ચર પર બેસાડી પોતાના રાજા તરીકે સ્થાપ્યો છે અને દેશપરદેશમાં ફરતા તેઓ અહિં આવી રહ્યા છે, માટે આપણે આ માર્ગ મૂકીને બીજા રસ્તે જઇએ. એટલે રાજા તરત બીજા રસ્તા બાજુ જ્યાં વળે છે એટલામાં એ માણસો રાજાની પાસે આવવા લાગ્યા.

રાજાએ મંત્રીને કહ્યું; 'એ લોકોને જે કાંઇ જોઇએ તે આપીને રવાના કરો.' એટલામાં ગલિતાંગુલિ નામનો કોઢીયો મંત્રી આવી રાજાને વિનંતિ કરે છે; 'સ્વામિન્! અમારો સ્વામી ઉંબર રાણો છે, અને અમે તેના સેવકો છીએ. દેશ-પરદેશમાં જ્યાં જઇએ છીએ ત્યાં અમને ધન, માન, સન્માન બધું મળે છે. અમારે એમાંનું કાંઇ જોઇતું નથી, અમે તમારી કીર્તિને સાંભળી અહિં આવ્યા છીએ. અમારા રાણાને માટે એક સ્ત્રી જોઇએ છે, માટે અમને એ આપો એટલે અમારે ઘણું થયું.'

આ સાંભળી મંત્રી કહે છે; 'ભાઇ! આવા કોઢીયાને કોઇ પોતાની દીકરી આપે?'

ગલિતાંગુલિએ કહ્યું 'અમે માલવ દેશના રાજાની પ્રખ્યાતિ સાંભળી છે કે, 'એ કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી, તો અમારા રાણા માટે કોઇ દાસીની કે કોઇ વિલાસિનીની કન્યા તમે આપો એટલે અમારૂં કામ થાય.'

પ્રજાપાલ રાજા આ સાંભળે છે. હમણાં જ ભરસભામાં મદનાસુંદરીએ રાજાનું જે અપમાન કર્યું છે, તે તેને હાડોહાડ લાગ્યું છે. તે રોષ એનાં હૃદયમાંથી હજુ શમ્યો નથી. એથી તેણે તે લોકોને કહ્યું; 'તમારે જે જોઇએ છે તે હું તમને આપીશ. તમે હમણાં રાજમંદિરમાં આવો. આટલા ખાતર મારી કીર્તિને હું શા સારૂ ડાઘ લગાડું.' ગુસ્સામાં ધમધમતો રાજા પાછો ફર્યો; તેના હૃદયમાં એના એ જ વિચારોની ધડમથલ ચાલુ થઈ. મદનાસુંદરી પ્રત્યેનો તેનો રોષ ઘણો તીવ્ર છે. એથી તેણે નક્કી કર્યું; 'મદના એ મારી પૂર્વ ભવની કોઈ વેરણ છે, જેણે મારૂં થોડું પણ ગૌરવ રહેવા ન દીધું. માટે એને આ કોઢીયાના ગળે વળગાડી દઉં.'

રાજમંદિરે આવી તેણે મદનાસુંદરીને બોલાવી; મદનાને રાજાએ ગુસ્સામાં કહી દીધું; 'જો હજુ પણ મારી કૃપાથી સુખ છે, એમ તું માનતી હો તો સારા રાજકુમારના સાથે તને પરણાવીને સુખી કરૂં. પણ જો તું તારાં પોતાનાં કર્મને માનતી હો, તો આ કોઢીઓ તારા કર્મથી અહિં આવ્યો છે, તો એ જ તારો પતિ હો. એમાં હવે મારે બીજો વિચાર કરવાનો રહેતો નથી.'

હસતાં-હસતાં મદનાસુંદરીએ જ ધીરતાપૂર્વક પ્રજાપાલ રાજાને કહે છે, 'પિતાજી! મારા કર્મથી જે મને મળ્યા છે તે રાજા હો કે દરિદ્ર હો, પણ મારે પ્રમાણ છે.' આમ કહી તે ઉંબર રાણાના

હાથને પોતે ગ્રહણ કરે છે અને ઉંબર રાણાની સાથે તે અવસરે મદનાસુંદરીનું પાણિગ્રહણ થયું. એક બાજુ ક્રોધના આવેશમાં અંધ પ્રજાપાલ રાજાની જડતા, અને બીજી બાજુ, સત્ય સિદ્ધાંતના પાલનની ખાતર મદનાસુંદરીની અપૂર્વ ધીરતા. આ બન્ને વસ્તુ અત્યારે ભાવિના ત્રાજવામાં તોળાઇ રહી છે. ખરેખર સત્ત્વશાળી આત્માઓ સત્ય સિદ્ધાંતની ખાતર ગમે તેવો ત્યાગ કરવામાં સ્હેજ પણ ડગતા નથી. માટે જ મદનાસુંદરીની દૃઢતા. સાત્વિકતા અને મક્કમતા અપૂર્વ રહી છે.

રાજપરિવારમાં અત્યારે ખળભળાટ થઇ રહ્યો છે. રાજાનો કોપરૂપ ભડભડતા અગ્નિના આ પરિણામને જોવા છતાં કોઇ કાંઈ બોલી શકતું નથી. મદનાસુંદરીની માતા રૂપસુંદરી આથી ખેદ પામી, પોતાના ભાઇ પુણ્યપાલને ત્યાં જઇને રહ્યાં. સમસ્ત ઉજ્જયિનીમાં અત્યારે ચોરે ને ચૌટે એક જ વાત ચર્ચાઇ રહી છે. કોઇ મદનાસુંદરીની ઉધ્ધતાઇને વખોડે છે, કોઇ લોકો રાજાના અવિચારી કાર્યની નિંદા કરે છે, કોઈ મદનાસુંદરીની માતા તેમજ ઉપાધ્યાયની નિંદા કરે છે અને કેટલાક લોકો જૈન ધર્મની નિંદા કરી રહ્યા છે. ખરેખર અજ્ઞાનતા જૂજવારૂપે સંસારમાં વર્તી રહી છે.

આ અવસરે ખચ્ચર પર બેસી, ઉંબર રાણાની સાથે મદનાસુંદરી તેઓના આવાસસ્થાને આવ્યાં. રાત પડવા આવી. વાતાવરણમાં શાંતિ પથરાઇ ગઇ, તે સમયે ઉંબર રાણો મદનાને કહે છે: 'શાણી રાજકુમારી ક્રોધના આવેશમાં અંધ બનીને રાજાએ આ અકાર્ય કર્યું છે. હજુ કાંઇ બગડયું નથી. માટે કોઇ ઉત્તમ રાજકુમારની સાથે તમે પરણો. નહિતર તમારી આ કંચન જેવી કાયા મારા પરિચયથી રોગી બનશે. કારણ કે આ રોગ મને પણ સંસર્ગથી આવ્યો છે, તો તમારા આવા સુંદર રૂપને સફળ કરો.!'

મદનાસુંદરીનાં વજ્ર જેવા કઠણ હૃદયમાં પણ ઉંબર રાણાનાં આ શબ્દો આઘાત ઉપજાવનારા બન્યા. આટઆટલી આપત્તિઓની સામે દૃઢતાપૂર્વક ટકી રહેનારા મદનાસુંદરીની આંખમાંથી આંસુ વહી ગયાં. તેમણે શાંત પણ મક્કમ અવાજે પોતાના પતિને કહ્યું; 'નાથ! આપ મને બધું કહી શકો છો, પણ ફરીથી આવાં પાપવચનો મને નહિ કહેતા. કારણ કે આવાં વચનોથી મારો આત્મા દુભાય છે. એક તો અમારો સ્ત્રી જન્મ, પાપના યોગે અમને મળ્યો છે, તેમાં પણ જો સ્ત્રીજન્મમાં શીલ ન હોય તો એના જેવી અધમતા બીજી કઇ હોઈ શકે? શીલ એ જ સ્ત્રીઓનું ભૂષણ છે. સ્ત્રીઓનું સર્વસ્વ એ જ છે. જીવનનો સાર શીલ જ છે, અને શીલ સિવાય કોઇ બીજી સુંદર વસ્તુ આ જગતમાં સ્ત્રીઓ માટે નથી જ. માટે મરણપર્યંત તમે જ મારા માટે શરણ છો, આશ્રય છો. આ સિવાય મારૂં જે થવાનું હોય તે થાઓ. પણ આમાં સ્હેજ પણ ફેરફાર નથી.' મદનાસુંદરીના વચનની મધુરતા, સત્વશાલતા અને દૃઢતા સાંભળી ઉંબર રાણો ખૂબ જ આનંદ પામ્યો.

મદનાસુંદરીને કોઢીઆની સાથે વળગાડી, પ્રજાપાલરાજા થોડો ઘણો શાંત થયો. એનો ક્રોધ કાંઇક શમ્યો પોતાની મહત્તા સિદ્ધ કરવા એણે તરત જ સુરસુંદરી અને અરિદમન રાજકુમારનો વિવાહ મહોત્સવ ખૂબ જ આડંબરથી ઉજવ્યો. સમગ્ર ઉજ્જયિનીના લોકો બન્ને વર-વધુને જોઇને અતિશય આનંદ પામ્યા. કેટલાકો રાજાની, તેમજ કેટલાકો સુરસુંદરીની પ્રશંસા કરવા લાગ્યા, કેટલાકો તેના ઉપાધ્યાયની અને કેટલાક અબુધ લોકો શૈવધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

આ બધાયની વચ્ચે અરિદમન રાજકુમાર પોતાના વિશાલ પરિવારની સાથે આનંદપૂર્વક સુરસુંદરીને લઈ પોતાના નગર ભણી ચાલી નીકળ્યો. સુરસુંદરીનો ઉત્સાહ આ વેળા અંગમાં સમાતો નથી.

—: પ્રચારકની જરૂર છે :—

'કલ્યાણ' માસિકના ગ્રાહકો, સભ્યો અને જાહેરખ મેળવી શકે એવા પ્રમાણિક માણસની જરૂર છે, વિશેષ વિગત જાણવા માટે નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવો:—

કલ્યાણ પ્રકાશન મંદિર:—પાલીતાણા.

## હિંદભરના જૈનોનું ઐતિહાસિક યાત્રાધામ શ્રી ચંદ્રપ્રભાસપાટણ તીર્થનીયાત્રાનો

# * અપૂર્વ લાભ *

સૌરાષ્ટ્રના પશ્ચિમ-દક્ષિણ સમુદ્ર કિનારે હિંદના જૈનોનું ઐતિહાસિક યાત્રાધામ શ્રી ચંદ્રપ્રભાસ તીર્થ આવેલું છે. આ સુપ્રસિદ્ધ મહાતીર્થની સ્થાપના આ અવસર્પિણી કાલના પ્રથમતીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીના શાસનમાં થઇ છે. ત્યારબાદ ઠેઠ ચરમતીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં શાસન સુધી આ મહાતીર્થનો મહિમા ઉત્તરોત્તર વધતો જ આવ્યો છે.

આ તીર્થના તીર્થાધિરાજ શ્રી ચંદ્રપ્રભસસ્વામીનો ઉપકાર આ ભૂમિ પર વિશેષ રીતે છે. તેઓ છદ્મસ્થ અવસ્થામાં અહિં સમુદ્ર કિનારે કાયોત્સર્ગ ધ્યાને રહ્યા હતા. તેઓનું સમવસરણ પણ અહિં રચાયું હતું. આ તીર્થ ભૂમિપર શ્રી ચંદ્રપ્રભસ્વામીના રત્નમય જિનબિંબો પૂર્વકાલમાં અહિં ભરાયાં હતાં.

વર્તમાનમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીના ૩ાા ફુટના ભવ્ય, પ્રસન્ન, મધુર, રમણીય પ્રતિમાજી, વલ્લભીભંગના સમયે આકાશ માર્ગે અધિષ્ઠાયકની ભકિતથી પ્રેરાઇ પધાર્યા છે. પૂર્વકાલમાં સખ્યાબંધ જિનમંદિરો અહિં હતાં. એ વિષેના પ્રાચીન ઉલ્લેખો મલી આવે છે, કુમારપાલ મહારાજાએ તેમજ વસ્તુપાલ-તેજપાલે પણ અહિ સુંદર જિનમંદિરો બંધાવ્યાં હતાં. હિંદભરનું હિંદુઓનું ઐતિહાસિક તીર્થ સોમનાથ મહાદેવનું મંદિર પણ અહિં સમુદ્ર કાંઠે આવેલું છે.

આજે શ્રી ચંદ્રપ્રભસ્વામીના મંદિરનો ભવ્ય જીર્ણોધ્ધાર થઇ રહ્યો છે. અહિં ગજેન્દ્રપૂર્ણપ્રસાદનું નવનિર્માણ થયું છે. શહેરના મધ્યબજારના લેવલથી ૮૫ ફુટ ઉંચુ ત્રણ મજલાનું ૧૦૦×૭૦ ફુટની લંબાઇ પહોળાઇવાળી જગ્યામાં પથરાયેલું ગગતચુંબી આલિશાન જિનાલય હિંદભરમાં આ એકજ છે. આ દેરાસરમાં નવ ગભારા છે. પાંચ શિખરો, ત્રણ ધૂમ્મટો, અને દેવકુલિકાઓ મંદિરની શોભામાં વધારો કરી રહ્યાં છે. રંગમંડપ, કોરીમંડપ તેમજ વિશાલ નૃત્યમંડપ તેમજ તેમાં રહેલા આરસના સ્થંભોની માલાથી મંદિર દેવવિમાન જેવું લાગે છે.

આવા અલૌકિક જિનમંદિરનાં નિર્માણમાં આત્યાર સુધી આઠ લાખ રૂ૦ ખરચાઇ ચુકયા છે. હજુ મંદિરમાં રૂપકામ, શિલ્પકામ તેમજ પાકાપલાસ્ટરનું કામ બાકી છે. જેમાં આશરે રૂ૦ ત્રણ લાખના ખર્ચનો અંદાજ છે.

આપ શ્રી સંઘને અમારી નમ્ર વિનંતિ છે કે, આ મહાતીર્થ ભૂમિની એક વખત યાત્રા-સ્પર્શના કરી, જીવનની સફલતા કરવાપૂર્વક તીર્થયાત્રાનો ~~લાભ લો !~~ તેમજ મહાતીર્થના જીર્ણોધ્ધારના ફાળામાં સહુ કોઇ ફુલ નહિ તો ફુલની પાંખડી અવસ્ય મદદ મોકલાવો !

**શ્રી ચંદ્રપ્રભાસપાટણ જૈનતીર્થ જીર્ણોધ્ધારક કમિટિ**

મદદ મોકલવાનાં સ્થળો:

**શેઠ હરખચંદ મકનજી.**
૫૫/૫૭ બજારગેટ સ્ટ્રીટ, કોટ,
મુંબઇ ૧

**શ્રી જૈન શ્વેતાંબર સંઘ**
માનદમંત્રી,
**શ્રી હીરાચંદ વસનજી**
સ્ટે. વેરાવળ, પ્રભાસપાટણ ( સૌરાષ્ટ્ર )




## પ્યારા બાલમિત્રો ! નમસ્તે !

**દોસ્તો !** વિક્રમના નૂતન વર્ષમાં આજે આપણે પહેલાંજ મળીએ છીએ. 'બાલજગત'ના સહુ શુભેચ્છકો, વાચકો તથા લેખકોને નૂતન-વર્ષાભિનંદન ! વિક્રમનું ૨૦૦૮ મું વર્ષ ભૂતકાલની અનંતતામાં લપાઇને ચાલ્યું ગયું. આવો તો અનંતકાલ ભૂતકાલની ગોદમાં સંતાઇ ગયો. એને સર્વજ્ઞ સિવાય કોણ જાણી શકે ?

**મિત્રો !** નવલવર્ષના પ્રારંભના કાલે આપણે જીવનમાં કાંઈક સત્કાર્ય કરવાનો શુભ સંકલ્પ કરીએ. જીવન ક્ષણભંગુર છે, મળેલી સુંદર સામગ્રીઓ નાશવંત છે. આ તનડાની ગુલાબી, મુખડાની લાલી અને દુનિયાનો રંગ-રાગ બધું એક દિવસ રાખમાં રાખની જેમ મલી જશે ! એ રખે ભૂલતા !

**વ્હાલા બંધુઓ !** આજે તમે યૌવનના પ્રવેશદ્વારે આવીને ઉભા છો, અખૂટ શકિત, સામર્થ્ય તથા તાકાતનો ભંડાર તમારામાં ભર્યો પડયો છે. દેશ, સમાજ તથા ધર્મના ઉત્કર્ષ માટે તમે આશારૂપ ગણાતી મૂડી છો, આજે તમે એ નિશ્ચય કરી લ્યો કે, 'સચ્ચારિત્ર્ય, સંસ્કાર, સાત્વિકતા ઇત્યાદિ ઉત્તમકોટિના ગુણોથી જીવન સફલતાના માર્ગે આગેકદમ માંડી ઉન્નત, ઉર્ધ્વગામી તથા યશસ્વી બનવું છે ?

શાસનદેવ, તમને તમારા નિશ્ચયને સફલ બનાવવા માટે આવશ્યક સામર્થ્ય આપો ! એ શુભ અભિલાષા. નૂતનવર્ષ તમને અનેક રીતે યશસ્વી બનો !

❁

## આપણી વાતચિત :

મિત્રો તમારા લેખો હજુ ગતાંક માટે, આવેલા પણ અમારા ટેબલ પર પડયા છે, તમને ન્યાય આપવાને અમે શકય સઘળું કરી છૂટીએ છીએ છતાં અમારે નિરૂપાયે કેટલાયે લેખકોના લેખને રદ-બાતલ કરવા પડે છે. બની શકે તે રીતે લેખોમાં વૈવિધ્ય લાવો ! દુનિયામાં બનતા બનાવો. જગતના અવનવા તેમજ ઇતિહાસ, વિજ્ઞાન કે. શોધ-ખોળને નવી શૈલીયે લખી મોકલો ! એકની એક વાત વારંવાર જૂદા-જૂદા લેખકો તરફથી મલતી રહે છે, એને અમે અહિં કોઈ રીતે પ્રસિદ્ધ કરી શકીએ તેમ નથી. તમને ખબર છે ? મહિને પાંચ ફરમા આપવાનો 'કલ્યાણ'નો નિયમ હોવા છતાં આજે 'કલ્યાણ' દર મહિને લગભગ ૬॥-૭ ફરમા જેટલું વાંચન આપે છે. તે પણ કેવળ પાંચ રૂ.ના લવાજમમાં. આ સ્થિતિમાં ઉપયોગી, મહત્વના તથા સુંદર લેખોને પહેલું સ્થાન મળે એ સ્વાભાવિક છે.

**પ્રિય દોસ્તો !** 'બાલજગત'માં દિન-પ્રતિદિન વૈવિધ્ય આવી રહ્યું છે. હજુ આ વિભાગને વિશેષ સમૃદ્ધ બનાવવા અમે પ્રયત્ન કરી રહ્યા છીએ. દર મહિને એક ફરમા-૮ પેજ જેટલું વાચન, રમૂજી સચિત્ર વાર્તા, તથા કટાક્ષ ચિત્રો વગેરેથી 'બાલજગત' થોડા જ સમયમાં રસભર બની પ્રસિદ્ધ થશે.

❁

## 'કલમ કે દોસ્તમંડળ'ના નોંધાયેલા સભ્યો

'બાલજગત'ના દોસ્તમંડલ માટે સભ્યો નોંધાઇ રહ્યા છે. જેઓની વાર્ષિક ફી ચાર આના મલી છે, તેઓનાં નામો અમે નોંધી લીધાં છે. તેમનાં નંબરવાર નામો નીચે મૂકયાં છે. સહુએ પોત-પોતાનો ક્રમાંક ખ્યાલમાં રાખી પત્રવ્યવહાર કરવો !

**(૧) શ્રી રમણીકલાલ હ. શેઠ :** વય વર્ષ ૧૮; ભાષા ગુજરાતી, અંગ્રેજી. શોખઃ વાંચન, પ્રવાસ, ચર્ચાઓ, પત્રમૈત્રી, ટિકીટ સંગ્રહ. પો. બો. નં. ૧૭૮ : **ઓમદુરમાન**. સુદાન ( આફ્રીકા )

**(૨) ભાઇ પ્રમોદ હ. શાહ** C/O હરગોવીનદાસ રામજી એન્ડ સન્સ ૧૯૪, સેમ્યુઅલ સ્ટ્રીટ,

**મુંબઈ નં. ૧** શોખ: ટિકીટ સંગ્રહ, સિક્કા સંગ્રહ, ફોટોગ્રાફી વગેરે,

**(૩) રમેશચંદ્ર જેચંદભાઈ ઝવેરી** વય : ૧૬ વર્ષ. અભ્યાસ; અંગ્રેજી છઠ્ઠી. C/O જેચંદભાઈ એમ. ઝવેરી, ૧૪૦ આનંદરોડ, મારવાડી બંગલો, **મલાડ** (મુંબઈ)

**(૪) અશોકકુમાર સાકરચંદ ઝવેરી** વય : ૧૪ વર્ષ. અભ્યાસ: અંગ્રેજી ચોથી. ઠે. ૧૪૦ આનંદરોડ, **મલાડ** (મુંબઈ)

**(૫) નવીનચંદ્ર રણછોડદાસ સંઘવી.** વય : ૧૬ વર્ષ. અભ્યાસ અંગ્રેજી પાંચમી. C/O રણછોડદાસ નેમિચંદ સંઘવી. ઠે. આનંદરોડ, જૈન દેરાસરની વાડીમાં, **મલાડ.**

**(૬) હરખચંદ સાવલા** C/O ધરમશી ધનાની કું. ઠે. લક્ષ્મીનિવાસ, ડીલાઇલ રોડ, ભાયખાલા, **મુંબઈ ૨૭.**

**(૭) રજનીકાંત ફતેચંદ વોરા.** વય ૧૩ વર્ષ. શોખ : સંગીત, ટિકીટસંગ્રહ, અને ફોટોગ્રાફ. ઠે. ૧, ઈસ્ટ સ્ટ્રીટ, **પુનાકેમ્પ** ( જી. આઈ. પી. ).

**(૮) રમેશચંદ્ર ઠાકોરલાલ શાહ** ઠે. શેરડીવાળાની પોળ, **ખંભાત** ( ગૂજરાત ) **અભ્યાસ :** મેટ્રીકમાં. વય : ૧૬ વર્ષ.

( અન્ય સભ્યોનાં નામ આગામી અંકમાં )

## લેખન હરિફાઇ માટે તાકીદ કરો !

'કલમ કે દોસ્તમંડલ'ની લેખન હરિફાઇ માટે 'રૂપિયા પાંચ લાખ હોય તો' વિષય માટેના લેખો અમારી પાસે આવી રહ્યા છે. હજુ જેઓએ લેખો ન મોકલ્યા હોય, અથવા વાર્ષિક ફી ચાર આના ભરી જેઓ 'કલમ કે દોસ્તમંડલ'ના સભ્ય ન બન્યા હોય, તેઓએ હવે તાકીદ કરવી. એની મુદ્દત લંબાવીને નવેમ્બરની ૨૦ મી એને માટે છેલ્લો દિવસ રાખ્યો છે. પરિણામ ડીસેંબરની તા. ૧૫ મીના 'કલ્યાણ' માં પ્રસિદ્ધ થઇ જશે. જ્ઞાન, અનુભવ તથા સાહિત્યશોખ સાથે અર્થલાભ આપીને તમને હજારો વાચકોની વચ્ચે ઓળખાણ કરાવનારી આ હરિફાઈમાં તમે આજે જ જોડાઈ જાઓ ! નવી લેખન હરિફાઇ માટે આગામી અંકમાં જોતા રહેજો !

## ઉઘાડી બારીઃ

### તમારા જવાબો:-

'**બા**, મૃત્યુ કેમ આવતું હશે ?' એ ગતાંકના **બાલજગતના** લેખના લેખક શ્રી **અરવિંદકુમાર પરીખ–દાહોદ** છે, એ સુધારીને વાંચવું...**ભાઈ દિલીપકુમાર શાંતિલાલ શાહ ધોરાજી**–'દોસ્તમંડળ' ના સભ્ય માટે તમારો પત્ર મળ્યો, સભ્ય ફી મળી નથી...**ભાઈ રમેશચંદ્ર મગનલાલ શાહ સુરત**–'દોસ્તમંડળ'ના સભ્ય માટે ફી' મોકલાવવી... **શાંતિલાલ** નગીનલાલ આમોદ–તમે લેખનહરિફાઇ'માં ભાગ લઈ શકો છો, 'દોસ્તમંડળ'ના સભ્ય બનવું જોઇશે. લેખ મોકલવો હોય તો નવેમ્બરની **૧૭** મી સુધીમાં મોકલાવી દો...**લખમશી દોઢીયા જામનગર**–'દોસ્તમંડળ'ના સભ્ય બનવા માટે તમારી વાર્ષિક પ્રવેશ ફી મોકલવી.

* **હિમ્મત** બી. પાટવા રાધનપુર–લેખ મળ્યો, સારા કાગળ પર સ્વચ્છ અક્ષરોમાં હાંસીયા પાડી, કાંઇક વધુ કાળજીપૂર્વક લેખ મોકલો તો અવશ્ય સ્થાન મળશે, કેમ મોકલશોને ?...**કીર્તિકુમાર** બ. ઝવેરી મુંબઈ–'બાળકોમાં ચોરીની ખરાબ અસર' અને 'એકારી' બે લેખો મળ્યા છે, કાગળની એક જ બાજુએ લેખો કેમ લખ્યા નથી ? આમ કરો તે કેમ ચાલે ? પહેલો લેખ અવસરે પ્રગટ થશે. **ચંદ્રસેન** મ. નાણાવટી મુંબઈ–લેખ મળ્યો, પ્રગટ કરવા શક્ય થશે, હજુ વધુ પ્રયત્ન કરતા રહો ! કેમ બરાબર છે ને ?... **બાબુભાઇ** ર. દોશી મુંબઇ–'**દેવની દીવાળી**' વાળો લેખ મળ્યો, તેમજ 'જેમ અને તેમ' પણ મળ્યો, આવા ઉપદેશાત્મક લેખો લખવા કરતાં બોધકકથા, પ્રસંગો ઇત્યાદિ લેખો મોકલો, 'દેવની દીવાળી' નો લેખ ગયા વર્ષમાં આવી ગયો છે. 'સામાયિકનું ફળ' તેમજ 'કેસરી ચોર' લેખો મળ્યા છે, અવસરે શક્ય હશે તો પ્રગટ થશે. કોઇ સુંદર વાર્તા મોકલો !...કિશોરકાંત ગાંધી લીંબડી–'જીતુબેનનો સ્વર્ગવાસ' હાસ્યનિબંધ નહિ પ્રગટ થાય હાસ્યનિબંધ માટે કોઇ સારા વિષયને પ્રસંદ કરી

કલમ ઉપાડો, 'સંસારચિત્રો' આવશે. રાહ જોશો... રમણુલાલ છન્નાલાલ–'લક્ષ્મીની ગરમી' વાર્તા જુની છે, પ્રગટ નહિ થાય...જે. પી. શાહ પાટણ–તમારી વાર્તાઓ તથા શોધખોળ વગેરે મળ્યું, 'તમે જાણો છો ?' માં કાંઈ નવીનતા નથી. વાર્તા પ્રગટ થશે... શા. ફુલચંદ મ. કોટડી–કોયડાઓ અવસરે લેવાશે, ચિત્રકોયડો નહિ લેવાય, સારા કાગળોમાં એક બાજુ લખશો તો જ લેખો પર ધ્યાન અપાશે...હુકમીચંદ એમ. શાહ બગડ–કવિતા મળી. કાવ્યો લેવાનું મુખ્યત્વે રાખ્યું નથી, સુંદર લખ મોકલજો !...છબીલદાસ વી. શાહ–'પહાડનાં પુષ્પો' ગતાંકમાં પ્રગટ થયેલ છે, આવા વેધક, સચોટ સુવાકયોનો સંગ્રહ મોકલતા રહેશો તો અવસરે પ્રસિદ્ધ થશે...વનેચંદ પી. મહેતા લાકડીયા–વચનામૃતો અવસરે છપાશે. એના એ ઉપદેશનાં વાકયો કરતાં કાંઇક તેજસ્વી નૈતિક વિચારોનો સંગ્રહ કરતા રહો, તો સારૂં !

---

## અપકાર ઉપર ઉપકાર

એક શેઠ હતા. તેઓ ઘણા જ ધર્મી હતા. એમના હૈયામાં ધર્મ પરિણમેલો. એમણે આત્માને સારી રીતે ઓળખ્યો હતો. સ્વ–પરના ભેદનો તેમને સંપૂર્ણ ખ્યાલ હતો.

એક દિવસ એ શેઠ ઉપાશ્રયે પૌષધ કરવાને ગયા. હવે તે જ રાત્રીએ એવું બન્યું કે, કેટલાક ચોરો રાત્રીએ તે જ શેઠના ઘરમાં પેઠા. ચોરોએ ચોરી તો કરી, માલમતા ઉઠાવી પરંતુ રાજ્યના નોકરોએ ચોરોને પકડયા.

શેઠ બીજે દિવસે ઘેર આવ્યા. તેમને ખબર મળી કે 'ઘરમાં ચોરી થઈ છે' પણ ભાગ્યયોગે ચોરો પકડાઇ ગયા છે અને રાજ્યના નોકરો તેમને બાંધીને લઇ ગયા છે.'

એ શેઠ, શું ચોરાયું અને શું બાકી રહ્યું, એ તપાસવાને યોભતા નથી. એમને તો ચોરોને માથે આવી પડેલી આફતની ચિન્તા થાય છે. ચોરોને બંદીખાનેથી છોડાવવાને તત્પર બને છે. શેઠ વિચાર કરે છે કે, 'ચોરોને છોડાવ્યા વિના મારાથી જમાય જ કેમ ?'

પોતાની તીજોરી ઉઘાડી, એમાંથી હિરા–માણેક વગેરે કાઢી; થાળમાં આ બધું લઇને શેઠ રાજા પાસે જાય છે. રાજાને હિરા–માણેકનો થાળ ભેટ ધરીને, ચોરોને છોડી દેવાની વિનંતિ કરે છે.

રાજાએ કહ્યું, "એમ ન બને."

પછી શેઠે કહ્યું કે, "જયાં સુધી એ ન છૂટે ત્યાં સુધી મારાથી ખવાય નહિ. શેઠના આગ્રહથી રાજાએ ચોરોને છોડાવવાની આજ્ઞા ફરમાવી, એટલે રાજનોકરોએ બંદીખાનામાં જઇને ચોરોને છોડયા અને આ બધી વાત કરી. ચોરો સીધા શેઠનાં દર્શન કરવાને આવ્યા.

હાથ જોડી, માથું નમાવી, પગે પડીને ચોરોએ શેઠનો આભાર માનીને કહ્યું કે, "આપ પરમોપકારી છો, આપ કહો તેમ કરીએ."

શેઠે કહ્યું કે, "હવે તમે ચોરી ન કરશો, કારણ કે ચોરી એ એક મહાન દુર્ગુણ છે, અને હવેથી તમારે જે જોઇએ તે મારી પાસેથી લઇ જજો પરંતુ ચોરી કરવાની વાત છોડી દેજો. ત્યારથી ચોરોએ ચોરી કરવાનું છોડી દીધું.

આનું નામ જ અપકાર ઉપર ઉપકાર અને દુર્ગુણી માનવીને સુધારવાનો સાચો ઉપાય.

**શ્રી ચંપકલાલ ડી. મહેતા–સિધ્ધપુર**

---

## પાપનો પશ્ચાતાપ

એક શહેરમાં એક શેઠ રહેતા હતા, તે પૈસાદાર અને પ્રખ્યાત હતા. શેઠને એક કેસરી નામનો દીકરો હતો. તેને ચોરી કરવાની ખોટી આદત પડી હતી. તે પહેલાં ઘરમાં ચોરી કરતો ધીરે ધીરે તે ગામમાં મોટી ચોરીઓ કરવા લાગ્યો. શેઠે તેને ઘણુંએ સમજાવતા પણ તે માનતો નહિ. એટલે તેણે રાજાને કહ્યું કે, તમે મારા દીકરાને સમજાવીને આ ધંધામાંથી મુક્ત કરો. રાજાએ શેઠને વિદાય કર્યા પછી સિપાઇઓને કહ્યું, કે 'જાઓ તેના દીકરાને બોલાવી લાવો.' સિપાઈઓ કેસરીને બોલાવી આવ્યા. રાજાએ તેને કંઇ પૂછયા વિના જ દેશવટાની સજા કરી. કેસરી એમ સમજ્યો કે, મારા બાપે જ મને આ સજા

અપાવી છે, પણ તે વખતે કાંઇ ન બોલતાં તેના બાપને મારી નાખવાનો વિચાર કરતો-કરતો નગર બહાર જંગલમાં ચાલ્યો ગયો. હવે ત્યાં તેને કંઈ ચોરી કરવા જેવું મળતું નહિ, અચાનક તે કોઇ સરોવર કિનારે જઇ ચડયો, ત્યાં તેણે પવનપાવડી જોઇ. તેણે તે પવનપાવડીને લઇ લીધી. પછી પહેરીને તે પોતાના બાપના ઘર તરફ ઉપડયો. તેનો બાપ કેસરીને દેશવટાની સજા થઇ એમ સાંભળી બેભાન થયો હતો, અને તેને કંઇ ચેન પડે નહિ, આવી સ્થિતિમાં કેસરીએ તેના બાપ પાસે આવીને બે-ત્રણ ડાંગ મારીને મારી નાખ્યો. પછીથી તો પવનપાવડીની મદદથી ગામમાં ઠેરઠેર ચોરી કરવા લાગ્યો. આથી પ્રજા કંટાળી અને નગરી છોડવાને તૈયાર થઇ. રાજાને ખબર પડતાં તે ચોરની શોધમાં નીકળી પડયો, પણ તેને પત્તો મળતો નહિ. એક દિવસ તે ગામની બહાર દેવીના મંદિરમાં ગયો, તો ત્યાં દેવીના કિંમતી ચોરાયેલા દાગીના જોયા. રાજાએ પૂજારીને બોલાવ્યો, અને કહ્યું કે, આ દાગીના કોણે ચઢાવ્યા છે. પૂજારીએ કહ્યું કે ' સાહેબ, સાંજના એક માણસ આવીને હંમેશાં દાગીના ચડાવી જાય છે. આથી રાજાને શંકા ગઇ અને તેણે ચોરને પકડવા ચારે બાજુ ગુપ્તરીતે પોતાનું સૈન્ય ગોઠવી દીધું. સાંજના ચોર દર્શન કરવા ઉડતો-ઉડતો આવ્યો. રાજાએ તેને અંદર જવા દીધો, પણ તે અંદર ગયો એટલે રાજાએ તેની પવનપાવડી લઈ લીધી. ચોર દર્શન કરીને પાછો ફર્યો તો તેણે રાજાને પવનપાવડી સાથે જોયો. ચોર રાજાને જોરથી ધક્કો મારી ભાગી ગયો. સૈન્ય તેની પાછળ પડયું. હવે પવનપાવડી ગુમાવવાથી તેને પોતાના કૃત્ય બદલ બહુ જ પસ્તાવો થયો. એવામાં તેણે મુનિરાજ દીઠા. તે મુનિરાજ પાસે ગયો. મુનિરાજે તેને દેશના આપી તે સાંભળી તેને પોતાનાં પાપકૃત્યોનો બહુ જ પશ્ચાતાપ થયો, અને તેને ખૂબ જ પશ્ચાતાપથી તેનાં સઘળાં પાપો દૂર થયાં, અને શુભભાવમાં સમતા પામીને તે ક્ષપકશ્રેણીપર આરોહણ કરી કેવળજ્ઞાન પામ્યો. આ બાજુ રાજા અને સૈનિકો તેને પકડવા માટે ત્યાં આવ્યા, પણ રાજાએ તેમને કેવળજ્ઞાન થયું છે એમ જાણતાં, રાજાએ તેમની પાસે ક્ષમા માગી અને પછી તેમની દેશના સાંભળવા બેઠો. છેવટે તેઓએ યથાશક્તિ ધર્મ કર્યો અને સુખી થયા.

**દોશી બાબુભાઈ રતિલાલ**
**,, ત્રિકમલાલ ચીમનલાલ**

❀

## શ્રી નમિરાજર્ષિ

વિદેહની મિથિલા નગરીમાં પદ્મરથ રાજા રાજ્ય કરતો હતો, તેમને પુષ્પમાળા નામની રાણી હતી. સર્વ રીતે તેઓ સુખી હતા, પરંતુ એક જ વાતની ખોટ હતી અને તે એ કે, તેમને પુત્ર ન હતો. ઘણાં વૈદો, હકીમો અને જોષીઓની સલાહ લીધી પણ નિષ્ફળ ગઇ. એક સન્યાસીએ કહ્યું કે, " તમારો પુત્ર ઘણો બાહોશ અને તેજસ્વી હશે. પણ તે તમારો ઔરસ (ખરો) પુત્ર નહિ હોય. " આવું ભાવિ જાણવાથી રાજા પોતાના કામમાં મશગુલ રહેતો. એક વખત લુંટારાનો પીછો પકડતાં રાજા ઘોર વનમાં આવી પડયો. ત્યાં તેણે એક બાળકને રુદન કરતો જોયો, તેથી તેની પાસે જઇને જોયું તો કેળના પાન ઉપર રૂપ-રૂપનો અંબાર એક પુત્ર પડયો હતો. આજુબાજુ કોઇ ન દેખાવાથી રાજા તેને ઘેર લઈ ગયો અને તેને પુત્ર તરીકે ઉછેરવાં લાગ્યો. તેનું નામ નમિ પાડવામાં આવ્યું. નમિ મોટો થતાં ઘણી કળાઓ શીખ્યો. અનેક રૂપવંત રાણીઓનો તે સ્વામી બન્યો. તે વિદેહનો મહારાજા તરીકે ઓળખાતો થયો. નમિરાજને ધવલકાંત નામનો માનીતો હાથી હતો. એકવાર તે મસ્તીએ ચઢયો અને તે મિથિલાથી નાસી જઇ સુદર્શનપુર નામના ગામમાં ગયો. ત્યાંના રાજા ચંદ્રયશે તેને કબજે કર્યો. જ્યારે નમિરાજે પોતાના સરદારને સુદર્શનપુર હાથી લેવા માટે મોકલ્યો ત્યારે ચંદ્રયશે કહ્યું કે, " તે હાથીને મેં પકડયો છે એટલે હું આપીશ નહિ. " આથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. નમિરાજે સુદર્શનપુર ઉપર ચઢાઇ કરી.

પ્રાતઃકાળનો સમય હતો. તે વખતે બે સાધ્વીજીઓએ તંબુમાં પ્રવેશ કર્યો. નમિરાજે તેમને પ્રણામ કર્યા અને પધારવાનું કારણ પૂછયું આ સાંભળી સુવ્રતા નામની સાધ્વીજીએ કહ્યું કે, " આપ અભિમાનમાં આવી એક હાથી માટે યુદ્ધ શા માટે કરો

છો ? સમજાવટ કરીને પતાવી દો તો સારૂં." નમિરાજે જવાબ આપ્યો કે, "મેં સરદારને મોકલી મને મારો હાથી પાછો આપવા માગણી કરી પરંતુ ઉત્તમ હાથીને જોઇને તેણે ના પાડી." તેથી મારે તેની સાથે યુદ્ધ કરવું પડશે. સાધ્વીજીએ કહ્યું કે, "આ ભાઇ ભાઇ વચ્ચે યુદ્ધ નથી શોભતું." સાધ્વીજીએ નવો રંગ પૂર્યો પણ નમિરાજે આ વાત કબૂલ ન રાખી તેથી સાધ્વીજીએ કહ્યું કે, "તમો હમણાં બે ઘડી સુધી યુદ્ધ બંધ રાખો. અમે સુદર્શનપુર જઇને એ સમયમાં ન આવીએ તો જેમ ફાવે તેમ કરજો."

બન્ને સાધ્વીજીઓ રાજમહેલમાં ગઇ ત્યાં ચંદ્રયશ રાજા તેમને જોતાં નમી પડયો અને બોલી ઉઠયો, "માતાજી, આપ કયાંથી ?" ચંદ્રયશે પોતાની જનેતાને ઓળખી લીધી. સાધ્વીજીએ કહ્યું કે, "હે રાજન્ ! તારા પિતા યુગબાહુનું તેમના મોટાભાઇએ ખૂન કર્યું ત્યારે તારી સલામતી માટે હું જંગલમાં ભાગી ગઈ હતી. તે તો તું સારી રીતે જાણે છે. ત્યાં સાત દિવસે મેં પુત્રને જન્મ આપ્યો. તેને મૂકીને હું સરોવરે ના'વા ગઇ. ત્યાં મારી પાછળ હાથી પડયો. હું ભાગવા માંડી પણ નાસતા નાસતા હું જંગલમાં અથડાઇ પડી. પછી વિદ્યાધરની સહાયથી મેં પવિત્ર દીક્ષા ગ્રહણ કરી." જ્ઞાનથી જાણ્યું કે આ બે મારા જ પુત્રો લડાઇ કરી રહ્યા છે. તેથી તમને આ યુદ્ધ ન કરવાની સલાહ આપવા આવી છું. નમિરાજ પોતાનો ભાઇ છે તેમ જાણતા ચંદ્રયશ રાજા ઘણો હર્ષિત થયો અને વાજતે ગાજતે પોતાના ભાઇને મળવા ગયો. બન્ને ભાઇઓ ભેટી પડયા. નમિરાજે સુદર્શનપુરમાં પ્રવેશ કર્યો. ચંદ્રયશે પણ દીક્ષા ગ્રહણ કરી અને રાજધાની નમિરાજને સોંપી.

દાહજવરની વેદના જ્યારે નમિરાજને થઇ, ત્યારે રાણીઓ કંકણવાળા હાથે સુખડ ઘસી રહી છે. કંકણોના અવાજથી રાજાને અશાંતિ જાગે છે. રાણીઓ એક કંકણ રાખી બીજું કાઢી નાંખે છે. રાજાને આ સમજાય છે. જ્યાં સંયોગ ત્યાં દુઃખ જાણી તેઓ સંસાર ત્યજી જાય છે. ધન્ય રાજર્ષિ !

**શ્રી ચંદ્રસેન મગનલાલ નાણાવટી.**

## ધર્મનીતિ આનું નામ !

એક રાજા હતો, તેને ચાર પુત્રો હતા. રાજાએ પોતાના ચારે પુત્રને સર્વ કળાઓમાં કુશળ બનાવ્યા હતા, ધર્મકળામાં પણ પ્રવિણ બનાવ્યા હતા, પરંતુ મોટા પુત્રમાં ધર્મકળા બરાબર પરિણમી નહોતી.

તે રાજા હવે વૃદ્ધાવસ્થાએ પહોંચ્યો હતો, તેનો વિચાર એવો હતો કે, તેના મૃત્યુ પછી સૌથી નાનો પુત્ર ગાદીએ આવે, પરંતુ ભાગ્યવશાત્ તેનો આ વિચાર બહાર પાડયા વગર જ તેનું મૃત્યુ થયું.

હવે બીજા ત્રણે પુત્રો ધર્મકળાના જાણકાર હતા. તેથી તેમણે મોટાભાઇનો સ્વેચ્છાએ રાજ્યાભિષેક કર્યો.

હવે રાજ્યાભિષેક થઇ ગયા પછી ત્રણે નાના રાજકુમારોએ માગણી કરી કે, 'તમને અમે રાજા બનાવ્યા. હવે તમારી ફરજ છે કે, અમે સુખરૂપ જીવી શકીએ એટલો ભાગ આપના રાજ્યમાંથી અમને આપો.'

આ માગણી કંઇ ગેરવ્યાજબી હતી ? નહિં જ. પરંતુ સત્તાના મદથી અભિમાની બનેલા મોટાભાઇએ તેમની માગણીને ગેરવ્યાજબી ગણી, અને ઉપરથી કહ્યું કે, 'એક તસુ પણ જગ્યા નહિ મળે.'

આથી તે ત્રણે રાજકુમારો ત્યાંથી ચાલી નીકળ્યા. ફરતાં-ફરતાં આ ત્રણેય રાજકુમારો એક રાજધાનીમાં જઈ પહોંચ્યા અને સીધા જ રાજ્યના મંત્રીઓને ત્યાં ગયા.

મંત્રીઓ કુશળ હતા. તેઓ કળી ગયા કે, "આ કોઇ સાધારણ પુરુષો જણાતા નથી." આથી તેમનું યોગ્ય સન્માન કર્યું અને આદરપૂર્વક પૂછયું કે, 'આપ કોણ છો ?'

તેઓએ પોતાની વાત જણાવી. ઉપરાંત તેઓએ જણાવ્યું કે, 'અમે આપના રાજ્યની સેવા સ્વીકારવાને ઇચ્છીએ છીએ. આપને યોગ્ય લાગે તો રાખો."

કુશળ મંત્રીઓએ કહ્યું કે, "આપ આવતી કાલે રાજસભામાં પધારજો અને અમે રાજાને વાત કરીશું."

બીજે દિવસે ત્રણે રાજકુમારો સભામાં વખતસર આવી પહોંચ્યા. મંત્રીઓએ તેમને યોગ્ય આસનો ઉપર બેસાડયા, પછી મંત્રીઓએ રાજાને તે ત્રણેની

ઓળખાણ કરાવીને કહ્યું કે, " તેઓ આપણા રાજ્યની સેવા કરવા ઇચ્છે છે." રાજાએ તેઓનો પાનબીડાથી સત્કાર કરાવ્યો અને પૂછયું કે, " તેઓ કેટલા પગારની ઇચ્છા રાખે છે?"

રાજકુમારોએ કહ્યું કે " એક વર્ષની એક રાજકુમારની એક લાખ સોનામહોરો."

આ સાંભળીને રાજા તો આભો જ બની ગયો અને કહ્યું કે, "આટલી મિલ્કતથી તો મોટું સૈન્ય નિભાવી શકાય, પરંતુ આટલી મિલ્કત હું ત્રણ પુરુષોના પગારમાં આપવાને શક્તિમાન નથી." આ પ્રમાણે કહી તેઓને સન્માનપૂર્વક વિદાય આપી.'

ફરતાં-ફરતાં તે ત્રણે રાજકુમારો આ જ રાજાના દુશ્મનના દરબારમાં જઇ ચઢયા. ત્યાં પણ આ જ પ્રમાણે માગણી કરી. રાજાએ વિચાર કર્યો કે, "આ માણસો સામાન્ય કોટિના ન હોય પરંતુ કોઇ ઉચ્ચ કોટિના હોવા જોઇએ." એટલે તેમને રાખી લીધા.

રાજા તેમને કંઈ પણ કામ આપ્યા વગર પગાર આપ્યે જાય છે. આથી તેઓ રાજાને કહે છે કે, " અમને કંઇ કામ બતાવો. હરામનો પગાર ખાવો અમને યોગ્ય લાગતું નથી.

રાજાએ કહ્યું કે, " તમારે લાયક કામ આવશે એટલે કહીશું." થોડા દિવસો બાદ રાજાએ કહ્યું કે, " અમારે એક દુશ્મન છે તેને હરાવવો છે." આથી તે રાજકુમારોએ કહ્યું કે, " દૂતને મોકલો અને યુદ્ધની તૈયારી કરો. આથી રાજાએ તરતજ દૂતને મોકલ્યો. આથી તે દુશ્મન રાજા અને મંત્રી સમજી ગયા કે, " આ ત્રણ રાજકુમારોને પાછા કાઢયા તેનું પરિણામ " પણ હવે શું થાય? તેમને આહ્વાહન સ્વીકારવું પડયું.

યુદ્ધભૂમિમાં બન્ને સૈન્યો એકત્રિત થયાં. ત્યાં પેલા ત્રણ રાજકુમારોએ ત્રણ બાણો ચીઠ્ઠીઓ સાથે છોડયાં. ચીઠ્ઠીઓમાં લખ્યું હતું, " ત્રણ લાખ સોનામ્હોરોથી જેટલા સૈનિકો રાખી શકાય તેટલા સર્વની સાથે તૈયાર રહો.' આખા સૈન્યને ભેદતા તેઓ આગળ આવે છે, અને રાજા અને બે મંત્રીઓ છે ત્યાં આવી પહોંચ્યા. ત્રણે રાજકુમારોએ રાજા અને મંત્રીઓ સામે ભાલા ધર્યાં અને પડકાર આપ્યો કે, " શું કરવું છે?" આખું સૈન્ય થંભી ગયું. છેવટે તે રાજા પોતાની હાર કબૂલ કરે છે. પરંતુ તે રાજકુમારોએ તેનું પાનનું બીડું ખાધેલું હોવાથી માર્યા વગર તેમનું વાહન લઇને છોડી મૂકે છે. આનું નામ ધર્મનીતિ.

·શ્રી બાબુલાલ બી. મહેતા સિધ્ધપુર

## મીંડાની કિંમત

| | |
|---|---|
| દાંતા–એક ગામ | દાતા–દાતાર |
| કાંઠો–કિનારો | કાઠો–મજબૂત માણસ |
| કંટક–કાંટો | કટક–સૈન્ય |
| ગાંડું | ગાડું |
| નંદી–બળદ | નદી |
| ગંજ–ઢગલો | ગજ–હાથી |
| બંગડી | બગડી |
| લંગડી | લગડી |
| માંસ | માસ |
| કંપ | કપ |
| પોંક | પોક ( બૂમ ) |

શ્રી જે. પી. શાહ

## ઉદય અને અસ્તનો બોધપાઠ

સૂર્ય અસ્તાચળે પહોંચી રહ્યો હતો. વાદળામાં છૂપાઇ જતો સૂર્ય પણ કેટલો તેજસ્વી! વાદળામાંથી ધીમે ધીમે ડોકિયું કરતો અને બહાર નીકળવા મથતો સૂર્ય લગભગ આથમવાની સંપૂર્ણ તૈયારી કરી ચૂકયો હતો. સૂર્ય આથમવા લાગ્યો, તેજ ઘટવા લાગ્યું. અંધકારનો ભય લાગવા માંડયો. સંધ્યા અને રાત્રીના આગમનના ભણકારા વાગવા માંડયા. એ ભણકારાથી ભયભીત બનેલો માનવીએ સૂર્યદેવને મૂકભાવે, દીનમુખે, હતાશ હૃદયે, આશાવિહોણી આંખે, ડરતે હૈયે પૂછયું, " દેવ, આપતો તેજનો અંબાર છો. હે અંધકારના વિચ્છેદક, આપણી સ્મૃતિ સચવાઈ રહે એ વાસ્તે મને-દીનને કંઇક અર્પો, હું તેનું સંરક્ષણ કરીશ."

"મારી શકિતના પૂજક માનવી, દીન મા બન. બોધપાઠ ગ્રહણ કર, મારા ઉદય અને અસ્તના પરિભ્રમણમાંથી."

"દેવ, એ બોધપાઠનું જીવનભર રટણ કરીશ પણ એ બોધપાઠ કયો એ શીખવો."

"અજ્ઞાત માનવી, બુદ્ધિની કસોટી કર. હું ઉદય પામું છું-જગતનો અનુગ્રહ કરવા. અંધકારની ગુલામીમાંથી તેજનું સામ્રાજ્ય સ્થાપનાર હું મારી વિપુલ શક્તિથી શાસક બનું છું. મેં મારી શક્તિ ખર્ચી ફક્ત મારા ધ્યેયને પરિપૂર્ણ કરવા. એ ધ્યેયનું નામ છે પરોપકાર. હવે દીન માનવી નિર્બલ ન બન. શક્તિશાળી માનવી જગતના દુઃખી-નિરાધાર અને નિર્બલને મદદ કર અને મારી પાસેથી ગ્રહણ કરેલા પરોપકારના બોધપાઠને અમલમાં મૂકી તારા જીવનને સાર્થક કર." સૂર્યદેવે અનુભવના અમૃતબિંદુનો સ્વાદ ચખાડયો, પણ માનવી બહુધા લોભી હોય છે! એ દૃષ્ટિએ એ લોભી અજ્ઞાત અને દીન માનવીએ અસ્ત પામવાની તૈયારી કરતા સૂર્યદેવને પૂછયું, "દેવ, બોધપાઠનું યથાર્થ પાલન સંસ્કારપૂર્ણ જીવન ખીલવી શકે છે તો...આપ મને વધુ એક જીવનસંદેશ અર્પો જેથી મારુ જીવન એળે ન જાય" દેવ બોલ્યા,

"આ મારો મૃત્યુ સમય. મરણપથારીએ પડેલ ડોસાને પુત્રો ધન માટે પૂછે અને ડોસો ધન દાટેલી જગ્યા બતાવે. એ પ્રમાણે બોધપાઠરૂપ ધન પુત્રવત્ તને આપું છું. હું રાય ને રંક સૌને સરખું તેજ આપું છું. મારે તો પરોપકારના ધ્યેયમાં સમાનતા જાળવવાની, ઉદય સમયે હિંદુઓ પૂજે, અસ્ત સમયે મુસલમાનો, ઉદય ને અસ્તમાં હું સમતુલા જાળવી. સમાનતાના સિદ્ધાંતનું સંરક્ષણ કરૂં છું. બસ, માનવી સંતોષ થયો ને?"

"દેવ, સંતોષની મને ખબર નથી. મને સંતોષનો બોધપાઠ ન આપો?"

"જરૂર, માનવી. આ મારો છેલ્લો શ્વાસ. મારી છેલ્લી કિનારીને તું જોઇ શકે છે. થોડીક ક્ષણમાં હું સંપૂર્ણ અસ્ત પામીશ તે પહેલાં સંતોષનો બોધપાઠ આપું. સંતોષ એ જ સાચું સુખ અને સાચું ધન છે. જગતની બાહ્ય વસ્તુઓ સુખ ભલે આપે પણ સંતોષ સુખ વિના એ સુખઅર્પક ચીજો દુઃખ આપનાર લાગશે. સંતોષને તારી અમૂલ્ય મૂડી માન. દિવસે મેં તેજ આપ્યું તું ખુશ થયો, આનંદિત થયો ~~ખરું~~ ને? હવે હું જાઉં છું તું રોઇશ, હતાશ થઇશ, અંધકારની ચિંતા કરીશ, ચિંતા કરવાથી શું વળશે? ચિંતા ચિતા સમાન ગણાય છે. નિરૂત્સાહી ન બન, આશાવાદી બન. સમજી લે કે દિને હું, તો રાત્રે દીપક! હું પ્રકાશ આપું છું એ પણ પ્રકાશ આપે છે. હું જગતને અંધારામાંથી અજવાળામાં લઇ જાઉં છું, તો શું તારા ઘરનો દીપક તારા મનરૂપી જગતને અંધારામાંથી વિમુક્ત નથી કરતો? તારા મનમાં અજવાળું હશે તો તારૂં જગત અજવાળાથી ભરપૂર બનશે. મારામાં જે શક્તિ છે તે જ તારા ઘરના દીપકમાં છે. સંતોષ રાખ. રાત્રીના અંધકારને ભેદી નાખતાં દીપકના તેજથી સંતોષ રાખ." આખરી વચનો કહી સૂર્યદેવ સંપૂર્ણ અસ્ત પામ્યા, પણ એમણે દીધેલ બોધપાઠ માનવીના હૃદયમાં અસ્ત પામ્યો ન હતો. માનવીએ એનું જીવન બોધપાઠથી ઘડવા માંડયું. એનુ જીવન સંસ્કારી અને આદર્શયુક્ત બન્યું. એ બોધપાઠે એને મહાન બનાવ્યો. સૌ લોકો એ માનવીની મહાનતાનું મૂળ સમજ્યા પણ...આચરણમાં ન મૂકી શકયા, એ મહાનતાના મૂળસમા બોધપાઠને!!! હરહંમેશ સૂર્ય પ્રકાશે છે, અને અસ્ત પામે છે, પણ એ ઉદય-અસ્તમાંથી ઉપરોક્ત માનવીની જેમ કેટલા બોધપાઠ ગ્રહણ કરે છે? બોધપાઠ તો બહુ છે, બોધપાઠ આપનાર બહુ છે પણ પાળનાર બહુ નથી! સૂર્ય હરહંમેશ મૂકભાવે એના જીવનના અનુભવો પરથી બોધપાઠ નવ જગતને માટે મૂકી જાય છે, પણ...રે જગત! રે! શક્તિશાળી સૂર્ય,-તારા બોધપાઠ ગ્રહણ કરનાર કોઈ વિરલો જ પાકે.

**શ્રી હસમુખ ગાંધી**

'કલ્યાણ' માસિકના આજે જ ગ્રાહક બનો. લવાજમ ફક્ત રૂા. ૫-૦-૦

# મા ૦ સિ ૦ ક ૦ ટૂં ૦ કા ૦ સ ૦ મા ૦ ચા ૦ ર

**શ્રી** સિદ્ધક્ષેત્ર ગિરિરાજની યાત્રાએ પધારતા યાત્રાળુ ભાઇ-બ્હેનોને શિહોર સ્ટેશને કેટલોક વખત રોકાવું પડે છે. શિહોર સ્ટેશનની ધર્મશાળામાં પહેલાં જિનમંદિરની વ્યવસ્થા હતી, પણ પાછળથી નિકળી ગઇ હતી. હમણાં શ્રીયુત્ મનસુખલાલ જીવાભાઇના પ્રયત્નથી જિનમંદિરની વ્યવસ્થા થઇ છે, જેથી યાત્રાળુ ભાઇ-બ્હેનોને દર્શન કરવાની સગવડતા રહેશે.

**પૂ.** પંન્યાસ શ્રી ચરણવિજયજી મહારાજશ્રી તથા પૂ. પંન્યાસ શ્રી ભક્તિવિજયજી મહારાજશ્રીની શુભનિશ્રામાં ઉપધાન તપની આરાધના સુંદર રીતે થઇ રહી છે, જેની માળનું મુહૂર્ત માગસર શુદિ ૨ બુધવારનું છે.

**મુંબઈવાળા** શ્રીયુત્ મોહનલાલ લલ્લુભાઇ વાસણવાળા તરફથી રાધનપુરથી છ'રી પાળતો શ્રી સંઘ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ માગસર વદિ ૫ લગભગ આવી રહ્યો છે.

**શ્રી** સિદ્ધગિરિની યાત્રાએ પધારતા ભાવુક યાત્રાળુઓને ઉતરવાની ધર્મશાળામાં હજુ નિર્વાસિત લોકો વાસ કરીને રહ્યા છે, ઘણો સમય થયો, તેમ જ યાત્રાળુઓને ઉતરવાની ઘણી હાલાકી પડે છે, તો હવે ધર્મશાળાઓની ઓરડીઓ યાત્રાળુઓ માટે ખાલી થવી જોઇએ. એના માટે લાગતા-વળગતાઓએ ખટપટ હવે શરૂ કરવી જોઇએ.

**શ્રી** પ્રભાસપાટણ ખાતે સાધ્વી શ્રી દર્શનશ્રીજી મહારાજની શુભપ્રેરણાથી શ્રી ચંદ્રપ્રભ જૈન મહિલામંડળની સ્થાપના થઈ છે. મંડળ તરફથી બાળાઓનો પ્રભુભક્તિનો ભવ્ય સમારંભ શેઠ રતિલાલ પ્રેમજીભાઈના અધ્યક્ષપદે આસો વદિ ૭ શુક્રવારના રોજ યોજાયો હતો.

**શ્રી** વેરાવળ ખાતે શ્રી સુમતિ જિન મહિલા મંડળની સ્થાપના થઈ છે, તેનું ઉદ્ઘાટન કાર્તિક શુદિ ૭ ના થયું છે.

'કલ્યાણ' માસિકના ચાલુ વર્ષનો ૧ લો તેમજ ૬-૭મો સંયુક્ત અંક મોકલનારને બદલામાં અંક દીઠ અકેક પુસ્તક સીલીકમાં હશે ત્યાં સુધી મોકલીશું ૧ 'કલ્યાણ'નો માર્ગ, ૨ સામાયિકયોગ, ૩ સામાયિક સ્વરૂપ ૪ સંગીત પાઠમાળા આમાંથી કોઇ બી પસંદ પડે તે અંકના બદલામાં મંગાવશો. મંગાવવાનું અને અંક મોકલવાનું સીરનામું- એન. બી. શાહ વાયા. ખારાઘોડા **ઝીંઝુવાડા**

**અમદાવાદ** ખતે શ્રી શાંતિચંદ્ર સેવા સમાજનો રજત મહોત્સ મુંબઇ નિવાસી શેઠશ્રી મોહલ્લાલભાઇ મગનલાલના પ્રમુખપદે ઉજવાયો હતો. કાતિક શુદિ ૮ રવિવારથી કાતિક શુદિ ૧૨ ગુરૂવાર પાંચ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાએ ૨૫ વર્ષ દરમીયાન અનેક સેવનાં શુભકામો કરી ચોમેર પોતાની સુવાસ ફેલાવી છે પ્રમુખશ્રીએ ૧૦૦૧, તેમજ જુદાજુદા ગૃહસ્થો તરફથી રૂા ૫૦૦, સંસ્થાને ભેટ મળ્યા હતા. રજત મહોત્સવ ઉજવણીને અનુલક્ષી રજત મહોત્સવ સ્મારક ગ્રંથ બહાર પડી ચૂકયો છે,

**અ**ખીલ ભારતીય જૈન સમાજની જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ-પુના તરફથી તા. ૨૬-૨૭ જુલાઇ ૧૯૫૨ ના દિવસોમાં ૬૮ કેન્દ્રોમાં ૧૩૩૭ વિદ્યાર્થી--વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાઇ હતી, તેનું પરિણામ તા. ૨૬ નવેમ્બરે બેઠક નંબરોથી જાહેર કરવામાં આવશે, પરિણામ સાથે શિષ્યવૃત્તિઓ મેળવનારનાં નામો પણ જાહેર થશે.

શ્રી સિધ્ધક્ષેત્રની શીતલ છાયામાં ચાલતી શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ એ એક બ્હેનો માટેની આદર્શ સંસ્થા છે. સખ્ત મોંઘવારીને લીધે ખોટ ઘણી આવી છે તો દાનવીરોએ પોતાની રકમનો થોડો ફાળો આ સંસ્થામાં આપવો જરૂરી છે.

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપરના શ્રી ચૌમુખજી-ના દહેરાસરના દાગીના ગળાવ્યા બદલ યતિ દલીચંદ કરમચંદજીએ શેઠ આણંદજી કલ્યાણ-જીની પેઢી ઉપર અહીંની કોર્ટમાં કેસ માંડયો હતો, તે તા. ૨૪-૧૦-૫૨ના રોજ પાલીતાણા કોર્ટે કેસ કાઢી નાંખ્યો છે.

અત્રેનું શ્રી જૈન પ્રગતિ મંડળ સાધર્મિ-ભાઇ-બ્હેનોને આર્થિક રીતે સહાયક થવા માટે પ્રયત્ન કરી રહ્યું છે.

ત્રાપજના (ભાવનગર) જૈન દહેરાસર પાસેના જૈન ઉપાશ્રયમાં શ્રી માણિભદ્રજીના મુખમાંથી કાર્તિક શુદિ ૧ ના નૂતન પ્રભાતે અમીધારા વહેવા લાગી હતી. ગામમાં થાળી પીટાવી શ્રી સંઘને જાણ કરતાં સેંકડો ભાઈ-બ્હેનોએ તેના દર્શન કર્યાં હતાં. પાંચ મીનીટ સુધી અમી કર્યાં હતાં.

મુંબઇ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘે મુંબઈ અને મુંબઈના ઉપનગરોમાં ચાલતી પાઠશાળાઓની પરીક્ષા લીધી હતી. ૧૫૩૦ વિદ્યાર્થી ભાઇ-બ્હેનો બેઠેલાં ૯૦ ટકા પરિણામ આવ્યું છે.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશનબોર્ડદ્વારા લેવાતી ધાર્મિક પરીક્ષામાં તા. ૧૬-૧૧-૫૨નારોજ ૨૯૦૦ ભાઈ-બ્હેનો બેસનાર છે.

મુંબઇમાં જૈન ભોજનશાળા અને ધર્મશા-ળાની ખાસ જરૂર છે અને તેની હિલચાલ પણ ચાલી રહી છે, થાય એવું તો દરેક ઇચ્છે છે, પણ ત્યાંના અગ્રેસરો વહેલાસર આ કાર્યનો આરંભ કરે તે વધુ ઇચ્છવા જોગ છે.

તેરાપંથ સંપ્રદાયના આચાર્ય તુલશીરામ પોતાના સંપ્રદાયનો વધુ પ્રચાર કરવા ગુજરાત-કાઠિઆવાડ ભણી આવી રહ્યા છે, તો સવેળા જૈનસમાજે જાગૃત થવાની જરૂર છે, તેરાપંથ સાધુઓ સૌરાષ્ટ્રમાં હમણાંથી ચોમાસું કરવા લાગ્યા છે, અને 'માન ન માન પણ મૈં તેરા મહેમાન' જેવી નીતિ અખત્યાર કરી છે, ભદ્રિક જનતાને ભોળવી રહેલ છે.

## કેટલુંક ખાસ ઉપયોગી

દરેક ગ્રાહક બંધુઓને લવાજમ પુરૂં થયાની કાપલીથી ખબર આપવા છતાં હા'ના' નો જવાબ લખતા નથી, અને જ્યારે વી. પી. થાય છે, ત્યારે પાછું ઠેલે છે, નાહક કાર્યા-લયનો છ આનાનો ખર્ચ અને સમય બગાડે છે.

'કલ્યાણ' માસિકની બાઇન્ડીંગ કરેલી ફાઇલો થોડી જ સીલીકમાં છે, ફાઇલ દીઠ રૂા. ૬-૦-૦ પોસ્ટેજ અલગ.

અંક મોડા મળવાની ઘણા ગ્રાહક બંધુ-ઓની ફરીયાદ છે, પણ અહિંની પોષ્ટ-ઓફીસમાં મર્યાદિત સ્ટાફ હોવાથી એક જ દિવસે ૨૦૦૦ 'કલ્યાણ' રવાના થતાં નથી, બાકી અમે તો ૧૫ મી બપોરે બધા 'કલ્યાણ' પોષ્ટ-ઓફીસમાં નાંખી આવીએ છીએ, કેટ-લીક વખત રવિવારની રજા હોવાથી 'કલ્યાણ' વધુ મોડું પડે છે.

—[ વિશેષ ટાઇટલ પેજ બીજા ૫૨ ]

Reg. No. 4925

# પાઠશાળા અને પ્રભાવના ઉપયોગી સુંદર અને સસ્તાં પ્રકાશનો

## : પ્રભાવના ઉપયોગી :

| | |
|---|---|
| દર્શનચોવીસી | ૦-૧૦-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ૦-૬-૦ |
| નૂતન સ્તવનાવલિ | ૦-૩-૦ |
| નૂતન સ્તવન સંબોધિની | ૦-૨-૦ |
| શારદાપૂજનવિધિ | ૦-૪-૦ |
| અંતસમયની આરાધના-નાની | ૦-૨-૦ |
| રત્નાકર પચ્ચીસી | ૦-૨-૦ |
| નેમનાથનો શ્લોકો | ૦-૨-૦ |
| શત્રુંજય ઉદ્ધાર | ૦-૨-૦ |
| ચૌદ નિયમની બુક | ૦-૨-૦ |
| અક્ષયનીધિ તપની વિધિ | ૦-૩-૦ |
| આઠ દૃષ્ટિની સજઝાય સાર્થ | ૦-૧૦-૦ |
| સમકીત સડસઠ બોલની સજઝાય સાર્થ | ૦-૪-૦ |
| જેસલમેરનો ચમત્કાર | ૦-૨-૦ |
| દેવપાલ કથા | ૦-૨-૦ |
| આત્મ ભાવના સંગ્રહ | ૦-૨-૦ |
| સવા-સોમાની કથા | ૦-૪-૦ |
| મંત્રીશ્વર કલ્પક કથા | ૦-૪-૦ |
| સ્થાપનાજી | ૦-૧-૦ |
| અક્ષયતૃતીયા કથા | ૦-૩-૦ |
| વિમલજ્યોત | ૦-૫-૦ |
| નવાણું યાત્રાની વિધિ | ૦-૨-૦ |
| ગુણસાર કથા | ૦-૮-૦ |
| હરિબલ મચ્છીની કથા | ૦-૮-૦ |
| જયવિજયની કથા | ૦-૮-૦ |
| જ્ઞાન પંચમી કથા | ૦-૮-૦ |
| અખાત્રીજનો મહિમા | ૦-૧૨-૦ |
| સંસ્કૃતચૈત્યવંદન ચોવીસી | ૦-૮-૦ |
| ભક્તિસુધા તરંગિણી | ૦-૧૦-૦ |
| આત્માનંદ સ્તવનાવલિ | ૦-૪-૦ |
| નવકાર પાઠાવલિ | ૦-૮-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧-૦-૦ |

## : પાઠશાળા ઉપયોગી :

| | |
|---|---|
| સામાયિક સૂત્ર મૂળ | ૦-૨-૦ |
| સામાયિક સૂત્ર-હિન્દી | ૦-૩-૦ |
| બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૦-૮-૦ |
| બે પ્રતિક્રમણ મૂળ-હિન્દી | ૦-૧૦-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ૧-૪-૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ-હિન્દી | ૧-૮-૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧-૮-૦ |
| પંચ પ્રતિક્રમણ સાર્થ | ૩-૧૨-૦ |
| ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય સાર્થ | ૩-૧૨-૦ |
| વિધિસહિત બે પ્રતિક્રમણ | ૦-૧૨-૦ |
| વિધિ સહિત પંચ પ્રતિક્રમણ-હિન્દી | ૩-૦-૦ |
| વિધિ સહિત પંચ પ્રતિક્રમણ [ગુ.] | ૨-૦-૦ |
| ચાર પ્રકરણ સાર્થ | ૧-૬-૦ |
| જીવવિચાર સાર્થ | ૦-૧૨-૦ |
| દંડક-સંગ્રહણી સાર્થ | ૨-૪-૦ |
| કર્મગ્રંથ સાર્થ ભા. ૧ લો | ૩-૧૨-૦ |
| કર્મગ્રંથ સાર્થ ભા. ૨ જો | ૪-૮-૦ |
| પ્રકરણમાળા | ૩-૮-૦ |
| નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૨-૮-૦ |
| તત્વાર્થાધિગમ સૂત્ર [અર્થ સહિત] | ૩-૦-૦ |
| સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાના સૂત્રો | ૦-૧૦-૦ |
| નિત્યનોંધ | ૦-૨-૦ |
| સંસ્કૃત ૧ લી બુક | ૧-૬-૦ |
| સંસ્કૃત ૨ જી બુક | ૩-૬-૦ |
| પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા | ૪-૦-૦ |
| સંવાદ સંગ્રહ | ૧-૮-૦ |
| વિવિધ પૂજા સંગ્રહ | ૩-૮-૦ |
| સ્નાત્રપૂજા | ૦-૪-૦ |
| નવસ્મરણ-ગૂજરાતી | ૦-૧૨-૦ |
| નવસ્મરણ-હિન્દી | ૦-૧૦-૦ |
| ગહુંલી સંગ્રહ | ૧-૪-૦ |
| ગરબાવાળી | ૧-૦-૦ |

રૂા. પચાસ ઉપરાંતનો માલ મંગાવનારને સવા છ ટકા કમીશન કાપી આપશું.

**સોમચંદ ડી. શાહ** જીવનનિવાસ સામે—**પાલીતાણા.** [ સૌરાષ્ટ્ર ]

મુદ્રક: કીરચંદ જગજીવન શેઠ : કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ:—પાલીતાણા.